|| આજથી નવરાત્રી શરૂ ||

# ગુજરાત વંદન

સાપ્તાહિક

RNI No. GUJGUJ/2016/68288

Follow us gujaratvandan.com

રવિવાર, 15 ઓક્ટોબર 2023 | આસો સુદ-1, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 07 | અંક : 23 | કુલ પાનાં : 12

## ગાઝાપટ્ટીમાંથી પલાયન શરૂ... ભૂરાંટા થયેલા ઈઝરાયેલના 600 વિમાન, 300 ટેન્ક હુમલા માટે તૈયાર, હમાસ હવે ભૂતકાળ બની જશે...?

# ઈઝરાયેલી સેના ગાઝામાં ઘૂસી, 11 લાખ લોકોના જીવ અધ્ધર!

■ યુદ્ધમાં રશિયા હમાસની પડખે, યુનોએ નાગરિકોના સુરક્ષાની વ્યક્ત કરી ચિંતા

ગુજરાત વંદન

યહુદીઓના દેશ ઈઝરાયેલ અને આરબોના દેશ પેલેસ્ટાઈન વચ્ચે આ વખતે કરો યા મરો અને ન ભૂતો ન ભવિષ્યતિ જેવી એક એવી પરિસ્થિતિ આકાર લઈ રહી છે. જે કે, મધ્યપૂર્વમાં ઈતિહાસ અને નકશો બદલી નાખશે. ઈઝરાયલે કોઈ પણ ભોગે ગાઝા પટ્ટી વિસ્તાર કબ્જે કરવાનો નિર્ણય કરીને ત્યાં રહેતા લોકોને 24 કલાકમાં શહેર છોડી દેવા આપેલ અલ્ટીમેટમના પગલે લોકો બિસ્તરા-પોટલા લઈને સપરિવાર પલાયન કરી રહ્યા છે. તો બીજી તરફ ઈઝરાયેલી સેનાએ ગાઝા શહેરમાં પ્રવેશ કર્યો છે. આગામી 48 કલાકમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે મહત્ત્વપૂર્ણ થતા નિર્ણાયક બની રહે તેમ જાણવા મળે છે. બીજી તરફ યુનો દ્વારા એવી લાગણી વ્યક્ત કરવામાં આવી છે કે, ગાઝામાં રહેતી અંદાજે 10 લાખની વસ્તીને રાતોરાત ખાલી કરવી અશક્ય છે. અલબત્ત ઈઝરાયેલ પણ સ્વીકાર્યું કે, આટલી મોટી વસ્તી ખાલી થઈ શકે તેમ નથી. પરિણામે ઈઝરાયેલ સમયમર્યાદામાં કરી શકે. પરંતુ રાજકીય બાબતોના નિષ્ણાતો માને છે કે, હમાસ દ્વારા કરાયેલી શરૂઆત તેને જ ભારે પડશે. હમાસનું નામોનિશાન મિટાવી દેવા ઈઝરાયેલ મક્કમ છે. હમાસે શરૂ કરેલા હુમલાનો ભોગ નિર્દોષ પેલેસ્ટાઈન નાગરિકો બની રહ્યા છે. ત્રીજી તરફ યુક્રેન પર આક્રમણ કરનાર રશિયાએ ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં દરમિયાનગીરી કરીને હમાસને ટેકો આપ્યો છે. તો કુટનિતીને કારણે અમેરિકાએ ઈઝરાયેલની પડખે છે. આગામી સમય ઈઝરાયેલ કરતા હમાસ અને પેલેસ્ટાઈન નાગરિકોના જીવ ને માટે ભયાનક બની રહે તેમ છે.

ઈઝરાયેલની સેનાં જંગી તૈયારી સાથે હવે પેલેસ્ટાઈનની ગાઝા પટ્ટીમાં ઘુસી છે. આ તરફ ઈઝરાયેલના ખૌફમાં ગાઝાપટ્ટીના 11 લાખ લોકોના જીવ અધ્ધર થઈ ગયા છે. જેને લઈ અત્યાર સુધી પેલેસ્ટાઈનમાંથી અનેક લોકોએ પલાયન કર્યું છે. નોંધનીય છે કે, ગમે ત્યારે ગાઝાપટ્ટી પર ઈઝરાયેલનો ભીષણ હુમલો થવાની શક્યતા છે. આ અગાઉ ઈઝરાયેલે ગાઝાપટ્ટી ખાલી કરવા માટે 24 કલાકનો સમય આપ્યો હતો. જેને લઈ હજી પણ ગાઝાપટ્ટીના અનેક રહેવાસીઓ કાર-ટ્રકમાં સામાન લઈ પલાયન કરી રહ્યા છે. નોંધનીય છે કે, હમાસના આતંકીઓને સાફ કરી દેવા ઈઝરાયેલની સેનાની કાર્યવાહી વચ્ચે હવે હમાસે ઈઝરાયેલની ચેતવણીને ધ્યાને ન લેવા અપીલ કરી છે. પેલેસ્ટાઈનની ગાઝા પટ્ટી પર હુમલો કરવા માટે ઈઝરાયેલની જંગી તૈયારી જોવા મળી રહી છે. વિગતો મુજબ 600 ...અનુસંધાન પેજ નં. 6 પર



### ગાઝા પર 8 હજાર બોમ્બ ઝીંકાયા

ઈઝરાયલ અને હમાસ વચ્ચે 7 ઓક્ટોબરથી શરૂ થયેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં 3000થી વધુ લોકો માર્યા ગયા છે. તેમાંથી લગભગ 1,300 ઈઝરાયલીઓ છે. અત્યાર સુધીમાં લગભગ 1,400 પેલેસ્ટિનિયનોએ પણ જીવ ગુમાવ્યા છે. ઈઝરાયલનું કહેવું છે કે તેની સેનાએ 6 દિવસમાં હમાસની 3,600 જગ્યાઓ પર હુમલો કર્યો છે. ગાઝા પર 6 હજાર બોમ્બ ફેંકવામાં આવ્યા છે. આ બોમ્બનું વજન લગભગ 4 હજાર ટન જેટલું છે.

### આખરે ઇઝરાયલે પોતાની ભૂલ સ્વીકારી

આખરે ઈઝરાયલની સેનાએ સ્વીકાર્યું છે કે તે 7 ઓક્ટોબરે હમાસના હુમલાને રોકવામાં નિષ્ફળ ગયો હતો. ઈઝરાયલના આર્મી ચીફે કહ્યું- લોકોની સુરક્ષા કરવી સેનાનું કામ છે, પરંતુ અમે આમાં નિષ્ફળ ગયા. આ આપણા માટે એક પાઠ છે. હવે યુદ્ધનો સમય છે.

### ગાઝામાં 447 બાળકો મૃત્યુ પામ્યાં

12 ઓક્ટોબરે થયેલા હુમલામાં 151 પેલેસ્ટિનિયનો માર્યા ગયા, ગાઝામાં કુલ મૃત્યુઆંક 1,417 થયો. જેમાંથી 447 બાળકો છે. 6,268 લોકો ઘાયલ થયા છે. અલ જઝીરાના જણાવ્યા અનુસાર ગાઝામાં 6 દિવસમાં 22 હજારથી વધુ ઈમારતો ધ્વસ્ત થઈ ગઈ છે. 10 હોસ્પિટલો અને 48 શાળાઓને પણ નુકસાન થયું હતું. યુએનના જણાવ્યા અનુસાર ગાઝામાં 3 લાખથી વધુ લોકો ઘર છોડવા મજબૂર થયા છે.

## ન્યૂઝ બ્રિફ

### ડાયરેક્ટ ટેક્સ કલેક્શન 22 ટકા વધીને રૂ. 9.57 લાખ કરોડ

વર્તમાન નાણાંકીય વર્ષમાં ૯ ઓક્ટોબર સુધી નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન (રિફંડ એડજસ્ટ કર્યા પછી) ૨૧.૮ ટકા વધીને રૂ. ૯.૫૭ લાખ કરોડ થયું છે. આ સમયગાળા દરમિયાન કરદાતાઓને રૂ. ૧.૫ લાખ કરોડના રિફંડ જારી કરવામાં આવ્યા છે. ચાલુ નાણાંકીય વર્ષમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન રૂ. ૧૮.૨૩ લાખ કરોડના સમગ્ર વર્ષના બજેટરી અંદાજ કરતાં વધી શકે છે તેમ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસના અધ્યક્ષ નીતિન ગુપ્તાએ જણાવ્યું હતુ. કોર્પોરેટ ટેક્સ કલેક્શન સુસ્ત હોવા છતાં કુલ આંકડા પર કોઈ અસર જોવા મળી નથી. સીબીડીટીના ચેરમેને જણાવ્યું કે કન્સેશનલ કંપની કોર્પોરેટ ટેક્સ સિસ્ટમ અમલમાં આવ્યા બાદ આ ટેક્સ કલેક્શન ઓછું થયું છે. ગુપ્તાએ કહ્યું કે ભવિષ્યમાં પણ તે સરેરાશ ગતિએ વધતું રહેશે. આ નવી સિસ્ટમ નાણાકીય વર્ષ ૨૦૨૦માં શરૂ થઈ હતી.

### અમેરિકાના ફ્લોરિડા સ્ટેટમાં વધુ એક ગુજરાતીની હત્યા

અમેરિકામાં વધુ એક ગુજરાતીએ જીવ ગુમાવવો પડયો છે. અમેરિકાના ફલોરિડા સ્ટેટમાં પોતાની કાર લૂંટીને ભાગી રહેલા એક વ્યકિતને રોકવાનો પ્રયાસ કરનારા ગુજરાતીને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. અલ્પેશ શાહ નામના વ્યકિતનું ગોળી વાગવાથી મોત થયું છે. તેઓ ફલોરિડાના પામબે સીટીમાં આવેલી લીકર શોપમાં કેશિયર તરીકે જોબ કરતા હતા. અલ્પેશ શાહની કાર લઈને ભાગવાનો પ્રયાસ કરનાર લુંટારુઓનો પ્રતિકાર કરતા લુંટારૂઓએ ધડાધડ ગોળીબારી કરી હતી, જેને કારણે અલ્પેશભાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ત્યારબાદ હોસ્પીટલ ખસેડતા ત્યાં તેઓને મૃત જાહેર કરાયા હતા. અલ્પેશભાઈના મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. તેઓ બે દિકરા અને પત્ની સાથે અમેરિકામાં વર્ષોથી રહેતા હતા.

### યુદ્ધ વચ્ચે નિર્ણય : US ઈરાનને 49 હજાર કરોડ નહીં આપે

ઈઝરાયલ-હમાસ યુદ્ધના કારણે અમેરિકા અને કતારે ઈરાનને 6 અબજ ડોલર એટલે કે 49 હજાર કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવાનો ઈનકાર કરી દીધો છે. વાસ્તવમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ગયા મહિને એક ડીલ થઈ હતી. આ અંતર્ગત ઈરાને તેની જેલમાં બંધ 5 અમેરિકન નાગરિકને મુક્ત કર્યા હતા. બદલામાં અમેરિકાએ ઈરાનની જપ્ત કરેલી સંપત્તિમાંથી 6 બિલિયન ડોલર વિદેશમાં કતારને મોકલ્યા હતા. આ પછી તે ઈરાનને મળવાના હતા, જોકે હવે ઇઝરાયલ-હમાસ યુદ્ધ વચ્ચે અમેરિકાના ડેપ્યુટી ટ્રેઝરી સેક્રેટરી વાલી એડિઓમે કહ્યું છે કે હવે ઈરાનને આ 6 બિલિયન ડોલર નહીં મળે, પણ અમેરિકાએ આ ફંડને સંપૂર્ણપણે ફ્રીઝ કર્યું નથી. એવું કહેવામાં આવ્યું છે કે થોડા સમય માટે ઈરાન દ્વારા એનો ઉપયોગ કરવા માટે સબ્મિટ કરવામાં આવેલી તમામ અરજીઓ ફગાવી દેવામાં આવશે.

### વાંકી નજરે... સૌજન્યથી...




## ભારત અને શ્રીલંકા વચ્ચે શરૂ થઈ શટલ 'નૌકા સેવા'

■ શ્રીલંકા જવુ થયુ સરળ, વિમાનને બદલે નૌકામાં જઈ શકાશે

ગુજરાત વંદન




વડાપ્રધાન મોદીએ આજે ભારત અને શ્રીલંકા વચ્ચે શરૂ થયેલી ફેરી સર્વિસ (નૌકા સેવા) પર સંબોધન કર્યું. તેમણે કહ્યું કે આજે અમે ભારત અને શ્રીલંકા વચ્ચે રાજદ્વારી અને આર્થિક સંબંધોમાં એક નવા અધ્યાયની શરૂઆત કરી રહ્યા છીએ.

વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પીએમ મોદીએ કહ્યું કે ભારત અને શ્રીલંકાની સંસ્કૃતિ, વાણિજ્ય અને સભ્યતાનો ઊંડો ઈતિહાસ ધરાવે છે અને હવે બંનેમાં આર્થિક ભાગીદારી પણ વધશે. આ ફેરી સેવા નાગાપટ્ટિનમ અને કાંકેસંતુરાઈ વચ્ચે શરૂ કરાઈ છે અને આપણા સંબંધોને મજબૂત કરવામાં એક સીમાચિહ્ન સાબિત થઈ છે. કેન્દ્રીય જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે તમિલનાડુના નાગાપટ્ટિનમ અને શ્રીલંકાના કાંકેસંતુરાઈ વચ્ચે ફેરી સર્વિસને લીલીઝંડી બતાવી હતી. આ દરમિયાન વિદેશમંત્રી ડૉ. એસ.જયશંકરઆ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા હતા.

પીએમએ તેમના સંબોધનમાં કહ્યું કે રાષ્ટ્રપતિ વિક્રમાસિંઘેની તાજેતરની યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે આર્થિક ભાગીદારી વધારવા સહમતિ થઈ હતી. માહિતી અનુસાર શ્રીલંકા જવા માટે ફેરી સેવાની ટિકિટ પ્રતિ વ્યક્તિ 7670 રૂપિયા (6500 અને 18 ટકા જીએસટી) નક્કી કરાઈ હતી. નાગાપટ્ટિનમ શિપિંગ હાર્બર વિભાગના અધિકારીઓની માનીએ તો આજે ઉદઘાટનના પ્રસ્તાવ રૂપે આ ટિકિટ 2800 રૂપિયા (2375 અને જીએસટી) નક્કી કરાઈ છે. હાલમાં ટિકિટના ભાવ પર 75 ટકા છૂટ અપાઈ છે. આ ફેરી સેવાથી કોઈપણ વ્યક્તિ ત્રણ કલાકમાં તમિલનાડુથી શ્રીલંકા પહોંચી શકશે.

## ગ્રીન કાર્ડની રાહ જોતાં ભારતીયો માટે ખુશખબર

# અમેરિકા હવે પાંચ વર્ષ માટે રોજગાર ઓથોરિટી કાર્ડ આપશે

ગુજરાત વંદન

અમેરિકાએ જાહેરાત કરી છે કે તે ગ્રીન કાર્ડની રાહ જોતાં લોકો સહિત અમુક નોન ઈમિગ્રન્ટ કેટેગરીને પાંચ વર્ષ માટે રોજગાર ઓથોરિટી કાર્ડ એટલે કે એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ આપશે. આ એક એવું પગલું છે જેનાથી અમેરિકામાં રહેતા હજારો ભારતીયોને ફાયદો થશે.

યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિઝએ કહ્યું કે, તે અમુક નોન સિટીઝન માટે




ઈનિશિયલ અને રિન્યૂઅલ એમ્પલોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ કે પછી ઈએડીની મહત્તમ કાયદેસરતાને 5 વર્ષ માટે વધારવાની તૈયારી કરી રહ્યું છે.

EADની મહત્તમ કાયદેસર મુદ્દતને 5 વર્ષ સુધી વધારવાનો ઉદ્દેશ્ય નવા ફોર્મ I-765, રોજગાર ઓથોરિટી માટે અરજીની સંખ્યાને ઘટાડવાનો છે જે સંબંધિત પ્રોસેસિંગ ટાઈમિંગ અને બેકલોગને ઘટાડવાના પ્રયાસોમાં મદદરૂપ થશે. જોકે એમ પણ કહેવાયું છે કે બિન નાગરિક એટલે કે નોન સિટીઝન રોજગાર ઓથોરિટી જળવાઈ રહેશે કે નહીં આ તેમની અંતનિર્હિત સ્થિતિ, પરિસ્થિતિઓ અને EAD ફાઈલિંગ કેટેગરી પર નિર્ભર રહેશે. ઉદાહરણ તરીકે જો કોઈ વ્યક્તિને 5 વર્ષની મહત્તમ કાયદેસર મુદ્દત માટે ...અનુસંધાન પેજ નં. 6 પર

## અફઘાનની મસ્જિદમાં નમાઝ વખતે જ આત્મઘાતી હુમલો, 15ના મોત

ગુજરાત વંદન

ધરતીકંપના કારણે કફોડી સ્થિતિમાં મુકાયેલા અફઘાનિસ્તાનમાં આવા સંજોગોમાં પણ આતંકી હુમલા રોકાઈ રહ્યા નથી. ભૂકંપથી મચેલી તબાહી વચ્ચે અફઘાનિસ્તાનની જમાન મસ્જિદમાં થયેલા બોમ્બ ધડાકામાં 15 લોકોના મોત થયા છે અને બીજા ઘણા ઘાયલ થયા છે. આ ધડાકો થયો ત્યારે લોકો મસ્જિદમાં નમાઝ અદા કરી રહ્યા હતા. બોમ્બ વિસ્ફોટ બાદ ચારે તરફ અફરા તફરીનો માહોલ જોવા મળ્યો હતો. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા.

એવુ કહેવાય છે કે, આ એક આત્મઘાતી હુમલો હતો. જેમાં આતંકીએ મસ્જિદમાં પ્રવેશીને પોતાની જાતને ઉડાવી દીધી હતી. આ મસ્જિદ અફગાનિસ્તાનની બગલાન પ્રાંતની રાજધાનીમાં આવેલી છે અને તે શિયા સમુદાયની મસ્જિદ ગણવામાં આવે છે. આત્મઘાતી હુમલા પાછળનો ઈરાદો શિયા મુસલમાનોને ટાર્ગેટ કરવાનો હોવાનું મનાઈ રહ્યુ છે.

# ઓપરેશન અજય: હજુ પણ 18 હજારથી વધુ લોકો ફસાયા છે યુદ્ધમાં

■ વધુ 235 ભારતીયોને લઈને ઈઝરાયલથી દિલ્હી પહોંચી બીજી ફ્લાઈટ

ગુજરાત વંદન



ઈઝરાયલ હમાસ યુદ્ધ થોભવાનું નામ નથી લઈ રહ્યું. હમાસના હુમલા બાદ હવે ઈઝરાયલ આક્રમક બન્યું છે અને ગાઝા પટ્ટી પર સતત અટેક કરી રહ્યું છે. ઈઝરાયલની તરફથી સતત ગાઝા પટ્ટી પર બોમ્બ બ્લાસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. આશરે 11 લાખ લોકોને ઘર છોડવાનો ઓર્ડર આપવામાં આવ્યો છે. પશ્ચિમી દેશો ઈઝરાયલનું સમર્થન કરી રહ્યાં છે. આ યુદ્ધને કારણે ઈઝરાયલમાં ફસાયેલા ભારતીય નાગરિકોને હેમખેમ સ્વદેશ પરત લાવવા માટે ભારત સરકારે ઓપરેશન અજય આદર્યું છે. ઓપરેશન અજયની બીજી ફ્લાઈટ શનિવારે સવારે દિલ્હી એરપોર્ટ પર પહોંચી. આ વિમાનમાં 235 ભારતીય નાગરિકો સવાર હતા, જેઓએને ઈઝરાયલથી સુરક્ષિત પરત લાવવામાં આવ્યા છે. આપને જણાવી દઈએ કે, ઓપરેશન અજય અંતર્ગત અત્યાર સુધીમાં 447 ભારતીયોને પરત લવાયા છે. ઓપરેશન અજય અંતર્ગત બીજી ફ્લાઈટે સ્થાનિક સમય મુજબ (ઈઝરાયલ) શુક્રવારે રાતે 11.02 વાગ્યે ઉડાન ભરી હતી. ઈઝરાયલમાંથી ભારતીયોને બહાર કાઢવાનું અભિયાન હજુ ચાલુ રહેશે. ઈઝરાયલમાં લગભગ 18,000થી વધુ ભારતીય નાગરિકો રહે છે.આ પહેલા ઈઝરાયલથી ભારતીય નાગરિકોની વાપસીની સુવિધા માટે પહેલી ચાર્ટર ફ્લાઈટ ગુરુવારે મોડી સાંજે બેન ગુરિયન એરપોર્ટથી ભારત માટે રવાના થઈ હતી અને શુક્રવારે સવારે ભારતની રાજધાની દિલ્હી પહોંચી હતી. પ્રથમ ફ્લાઈટમાં 212 ભારતીય નાગરિકો સવાર હતા.

## ખાનગી કોન્ટ્રાક્ટ પુરો થયા બાદ સરકાર ઉઘરાવશે ટોલ ટેક્સ

# ટોલ ટેક્સ વાળા હાઈવે પર હવે કાયમી ધોરણે ટોલ ભરવો પડશે



ગુજરાત વંદન

કેન્દ્ર સરકારે અમલમાં મુકેલી બૂટ પોલિસી(BOT બિલ્ટ ઓપરેટ ટ્રાન્સફર) અનુસાર જે તે રોડ બનાવનાર કોન્ટ્રાકટરનો કરાર પુરો થયા બાદ એ રોડ પરથી પસાર થતા વાહનો પાસેથી ટોલ ટેક્સ નહીં લેવાના નિર્ણયમાં હવે ફેરફાર થયો છે. કેન્દ્ર સરકારે એક મહત્ત્વનો નિર્ણય લેતાં નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સનો કોન્ટ્રાક્ટ સમાપ્ત થયા બાદ પણ 100% ટોલ ટેક્સ વસૂલવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત ટોલ કંપનીઓને દર વર્ષે ટેક્સમાં જથ્થાબંધ ભાવ સૂચકાંકના પ્રમાણમાં ટેક્સનો દર વધારવાનો અધિકાર રહેશે.

હાલની વ્યવસ્થા અનુસાર હાઈવે પ્રોજેક્ટ્સનો કોન્ટ્રાક્ટ પતી જતાં ટોલ ટેક્સના દરમાં 40 ટકાનો ઘટાડો કરી દેવાતો હતો. પણ હવે બાયરોડ મુસાફરી પસંદ કરતાં લોકોને આ મોટો ફટકો પડ્યો છે. તેમને હવે કોઈ રાહત નહીં મળે. માર્ગ પરિવહન તથા હાઈવે મંત્રાલયે આ મામલે 6 ઓક્ટોબરે ...અનુસંધાન પેજ નં. 6 પર

# વૈષ્ણોદેવી માતાના દર્શન અને આરતી વખતે ડ્રેસ કોડ ફરજિયાત

ગુજરાત વંદન



આ નવરાત્રિમાં વૈષ્ણોમાતાના દર્શન કરવા અને અટક આરતીમાં હાજરી આપતી વખતે યોગ્ય વસ્ત્રો પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. શોટર્સ , કેપરી, ટી-શર્ટ વગેરે પહેરીને મુલાકાત લેવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

શ્રાઈન બોર્ડ પ્રશાસને આ અંગે કડક સૂચના આપી છે. આ અંગે મા વૈષ્ણો દેવી ભવનમાં વિવિધ સ્થળોએ માહિતીના બોર્ડ લગાવવામાં આવ્યા છે. જાહેરાતો પણ કરવામાં આવી રહી છે. જે ભક્તો યોગ્ય વસ્ત્રો પહેરતા નથી તેઓને ન તો દર્શન કરવા દેવામાં આવશે અને ન તો તેમને દિવ્ય આરતીમાં ભાગ લેવા દેવામાં આવશે. શ્રાઈન બોર્ડ પ્રશાસન શિષ્ટ વસ્ત્રોને લગતી સૂચનાઓ પર નજર રાખશે.શ્રાઈન બોર્ડની સૂચનાઓ જૂની હોવા છતાં આ વખતે નવરાત્રિથી આ સૂચનાનો કડક અમલ કરવામાં આવશે. હવેથી લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

આ વખતે શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડ દ્વારા સમગ્ર નવરાત્રિમાં ઉપવાસ કરનારા ભક્તો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રાના તમામ માર્ગો પર શ્રદ્ધાળુઓને લંગરમાં મફત ફળ આપવામાં આવશે.

જો કે અગાઉ નવરાત્રિ દરમિયાન શ્રાઈન બોર્ડની રેસ્ટોરન્ટમાં ફ્રુટ પ્લેટની વ્યવસ્થા હતી, પરંતુ ઘણી જગ્યાએ ફ્રુટ લંગરની સુવિધા પ્રથમ વખત આપવામાં આવી રહી છે. આ સુવિધા મા વૈષ્ણો દેવીના નવા તારાકોટ રૂટ પર તારાકોટ સાઈટ, પરંપરાગત રૂટ પર સાંઝી છટ વિસ્તાર અને ભૈરવ ખીણમાં ભૈરવ મંદિરપરિસરમાં હશે.

## નકલી પાસપોર્ટ કૌભાંડ મામલે CBIની મોટી કાર્યવાહી

# પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં 50 સ્થળો પર સામુહિક દરોડા

■ બે વર્ષ પહેલા પણ ફિરહાદ સીબીઆઈના ચંગુલમાં ફસાઈ ચૂક્યો હતો

ગુજરાત વંદન

નકલી પાસપોર્ટ કૌભાંડ મામલે CBIએ મોટી કાર્યવાહી કરી છે. એજન્સીએ પશ્ચિમ બંગાળ અને સિક્કિમના લગભગ 50 સ્થળો પર દરોડા પાડ્યા હતા અને આ મામલે તપાસ એજન્સીની કાર્યવાહી હજુ પણ ચાલુ જ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ મામલે સિલીગુડીના પાસપોર્ટ સેવા લઘુ કેન્દ્ર (પીએસએલકે)ના વરિષ્ઠ અધિક્ષકની એક વચેટિયા સાથે ધરપકડ કરવામાં આવી છે.

આ અગાઉ 8 ઓક્ટોબરના રોજ CBIએ રાજ્યમાં નાગરિક સંસ્થાની ભરતીમાં કથિત અનિયમિતતાના સંબંધમાં પશ્ચિમ બંગાળના મંત્રી ફિરહાદ હકીમ અને ધારાસભ્ય મદન મિત્રાના ઘર પર દરોડા પાડ્યા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે મહાનગરપાલિકામાં ભરતીમાં થયેલા કૌભાંડ મામલે CBIએ આ કાર્યવાહી કરી હતી. બે વર્ષ પહેલા પણ ફિરહાદ સીબીઆઈના ચંગુલમાં ફસાઈ ચૂક્યો હતો. ત્યારબાદ કેન્દ્રીય તપાસ એજન્સીએ નારદા કૌભાંડમાં તેમની પૂછપરછ કરી હતી અને હવે CBIએ નાગરિક સંસ્થાની ભરતી કેસમાં તેમની સંડોવણીને લઈને તેમના ઘરે દરોડા પાડ્યા હતા.

## ધો.10-12 બોર્ડની પરીક્ષાની તારીખ જાહેર

# બોર્ડની પરીક્ષા 11 માર્ચથી 26 માર્ચ 2024 દરમિયાન લેવાશે



ગુજરાત વંદન

ગુજરાત બોર્ડની ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. જે મુજબ ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષા 11 માર્ચથી 26 માર્ચ 2024 દરમિયાન લેવાશે. આ પરીક્ષા નવી શિક્ષિણ નીતિ મુજબ લેવાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ એન.જી વ્યાસ દ્વારા જાહેર કરવામાં આવેલ અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે. ધોરણ 10 (SSC), સંસ્કૃત પ્રથમ અને ધોરણ 12 (HSC) વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત માધ્યમના ઉમેદવારોની માર્ચ- 2024ની પરીક્ષા તારીખ 11/03/2024થી તારીખ 26/03/2023 દરમિયાન લેવામાં આવશે.

હવે રાજ્યમાં ધોરણ-10 અને ધોરણ-12 સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારાયું છે, વર્ણનાત્મક પ્રશ્નોમાં પણ આંતરિક વિકલ્પને બદલે તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ અપાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે જાહેર કરેલી નેશનલ એજ્યુકેશન પોલિસી 2020 અન્વયે આ નિર્ણયો મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં કરવામાં આવ્યા હતા.

## પોતાની બાધા-માનતા પુરી થતા પલ્લી પર ચડાવે છે ઘી

# રૂપાલમાં ઘીની નદીઓ સાથે 23મી યોજાશે પલ્લીનો મેળો

ગુજરાત વંદન



ગાંધીનગર નજીક આવેલા અને માતાજીની આસ્થાના પ્રતિક સમા રૂપાલ વરદાયિની માતા મંદિરે દર વર્ષે નવરાત્રિના નોમની મધરાત બાદ પલ્લી નિકાળવામાં આવે છે. આ વખતે નવમા નોરતે એટલે કે, તા.૨૩મી ઓક્ટોબરે રૂપાલ ગામમાં પલ્લી કાઢવામાં આવનાર છે. કોમીએકતાના સંદેશા સાથે અને પરંપરાતરીતે રૂપાલના પલ્લીમેળામાં લાખ્ખો ભક્તો ઉમટશે જેને પગલે મંદિર પ્રસાશનથી લઈને ગામના આગેવાનો તથા જિલ્લા તંત્ર પણ તૈયારીઓમાં વ્યસ્ત બન્યું છે.

શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર સમા રૂપાલ વરદાયિની માતાજી મંદિરે દર વર્ષે નવરાત્રીના નોમની રાત્રીએ વિશાળ પલ્લી મેળો ભરાય છે અને આસ્થાની સાથે કોમી એકતાના પ્રતિકસમા રૂપાલનો આ પલ્લી મેળો આ વખતે તા.૨૩, ઓક્ટોબરના રોજ યોજાશે. તા.૨૩ ઓકટોબરને સોમવારે નિકળનારી પલ્લીમાં લાખ્ખોની સંખ્યામાં ભક્તો ઉમટશે.પલ્લી માટેની તૈયારીઓ બે મહિના પહેલાથી જ શરુ કરી દેવામાં આવી છે.

દર વર્ષની જેમ સઘળી કામગીરી ગ્રામજનોએ સંભાળી દીધી છે. ત્યારે આ વખતે પલ્લીના મેળામાં આઠ લાખથી વધુ માઈ ભક્તો ઉમટશે તેવો અંદાજ લાગવવામાં આવ્યો છે તેમજ ગામના વિવિધ ચોક અને ચોરામાં ઘી રાખવા માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. તો આ ધાર્મિક કાર્યક્રમમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જડબેસલાક પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવનાર છે.એટલુ જ નહીં, મંદિરમાં તેમજ માર્ગ પર સીસીટીવી કેમેરા પણ મુકવામાં આવ્યા છે. જેનાથી મોટી સ્ક્રીન પર ભક્તો પલ્લીના દર્શન કરી શકે.

હાલ મંદિર પ્રસાશનથી લઈને ગામના આગેવાનો અને ગ્રામજનોની સાથે જિલ્લા તંત્ર પણ પલ્લીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યું છે. રાત્રે તેમજ પરોઢે ગામમાં પહોંચે તે રીતે એસટી બસો દોડાવવા માટેનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# ભારત-પાકિસ્તાન વચ્ચે દુશ્મની અને મિત્રતા બન્ને અમર રહો..




જેનો જન્મ ભારતમાંથી થયો એ પાકિસ્તાને ભારત પર હુમલો કરવાની એક પણ તક જતી કરી નથી. એ પાકિસ્તાન હજુ આજે પણ કાશ્મિરમાં આતંકીઓને મોકલે છે અને આપણાં સેનાના જવાનોને નિશાન બનાવે છે. પુલવામામાં પાકિસ્તાને કરેલા હુમલામાં એક સાથે આપણાં 40 જવાનોને હણી નાંખતાં દેશ આખામાં પાકિસ્તાનની સામે રોષ...આક્રોશ..ગુસ્સો..વિરોધ..પ્રદર્શન...ધરણાં...દેખાવો...અને પોતાની ભડાસ કાઢવાની તમામ તકોનો ઉપયોગ કર્યો. અને ત્યારબાદ ધીમે...ધીમે...રોષ......ટાઢો પડતો ગયો...ટાઢો પડતો ગયો અને તેમાંથી ક્રિકેટની મેચનું સર્જન થયું ત્યારે....?!

ઈઝરાયલ અને પેલેસ્ટાઈન દોસ્તી કરે..? બન્ને વચ્ચે ક્રિકેટ જેવી કોઈ મેચ યોજાય..? પણ જાને ભી દો યારો....પુલવામા ભૂલો..અને ક્રિકેટ કા બલ્લા પકડો...મારો...મૌજ કર વ્હાલા...પાકિસ્તાન આજે આપણો મિત્ર છે....અને કાલે વળી કાશ્મિરમાં કોઈ મોટો હુમલો થશે ત્યારે....? જાને ભી દો યારો.... ગીલે-સિકવે ભૂલ કર આઓ ગલે મિલે....તુમ આતંક કો છોડો....બંદૂક કો તોડો...હવા કે રૂખ કો મોડો...દિલોં કો જોડો...! હમારા કાશ્મિર વાપિસ દે દો...હમારા ગુનેગાર દાઉદ કો દે દો...ફિર દેખોં ભારત કૈસી દોસ્તી નિભાતા હૈ....!

ભારતે પાકિસ્તાનના ટુકડા કર્યા તોય પાકિસ્તાન સુધરતુ નથી. અને હવે તેના વધુ ટુકડા માટે ભારત તૈયાર છે. ભારતની સેના ગમે ત્યારે પીઓકેમાં ઘૂસીને પોતાનું કાશ્મિર પરત લઈ લેવા તૈયાર છે. પીઓકેની પ્રજા પણ ભારતને કહે છે કેઅમને પાકિસ્તાનના જુલમ-સિતમમાંથી છોડાવો....! પીઓકેવાલોં,,,ડોન્ટ વરી...ભારત તે માટે તૈયાર છે... બસ જેવી તક મળશે કે પીઓકેમાં લહેરાશે- તિરંગો....ગવાશે- સારે જહાં સે અચ્છા હિન્દોસ્તા હમારા....સમય આને દો...

### મનસુખ હૈ કી માનતા નહી....

મનસુખ વસાવા ભાજપના સાંસદ છે. સિનિયર છે અને સંગઠનમાં દક્ષિણ ગુજરાતમાં પાવરફુલ નેતા છે અને એટલે જ તો જ્યારે તેઓ પોતાની જ સરકાર સામે આરોપો કરે ત્યારે કોઈ તેમનો જવાબ આપવાની હિંમત કરતા નથી. દાખલા તરીકે હમણાં તેમણે કહેયું કે નર્મદા પોલીસ બુટલેગરો પાસેથી મહિને 35 લાખ લે છે...તો તેનો કોઈ ખુલાસો કરાયો નથી. અને જેમને એમાંથી ભાગ નહીં મળતો હોય કે ઓછા મળતા હસે તેઓ આંકડો વાંચીને મનમાં ગણતા પણ હશે- હેં..મહિને 35 લાખ...પણ મને તો 25 લાખનું કહેતા હતા...આ 10 લાખ કોણ લઈ જાય છે...?!



મનસુખ વસાવાને કોઈ ઠેસ-ઠપકો સંગઠન કે સરકારમાંથી મળ્યો નથી. અને તેમને કોઈ બોલે પણ શું કામ...કેમ કે સૌ કોઈ જાણે છે કે ગુજરાતમાં આ એક જ એવો ધંધો છે કે જેના પ્રતાપે કેટલાય તરી ગયા.... કરી ગયા...તિજોરી ભરી ગયા....અને કાળા કર્મોને કારણે કુદરતની સામે હારી પણ ગયા....! કેમ કે આ કાળી કમાણી છે. અનૈતિકતાની કાળી કમાણી....ખાલી જગ્યામાં સમાણી...

આવો આરોપ કરનાર સાંસદ મનસુખભાઈ વસાવા કાળી કમાણીમાં માનતા જ નહીં હોય..અને તો જ તેઓ આવો આરોપ પોતાની સરકારની કામગીરીની સામે કરી શકે. તેમણે સંગઠનને લઈને પણ સરકારને અને પાર્ટીને અરિસો બતાવ્યો..પણ તે જોઈને જોનારાઓએ ખિસ્સામાંથી કાંસકી કાઢીને વાળ ઓળ્યા....ઓહ...હું કેવો દેખાઉ છું...રૂડો અને રૂપાળો... રસિયો રૂપાળો રંગ રેલિયો રે ઘેર જાઉ ગમતુ નથી....એમ ઘણાંને દારૂની કાળી કમાણી છોડવી ગમતી નથી. એટલે મનસુખભાઈ, આ તો ચાલવાનું જ છે..કોઈપણ સરકાર આવે ગુજરાતમાં દારૂ-જુગાર ચાલવાના જ છે...

કોઈએ કહ્યું છે- રાત ભર કા હૈ મહિમા અનેરા..કિસ કે રોકે રૂકે હૈ સવેરા...ની જેમ કોઈ કિતના ભી કરે..કિસ કે રોકે રૂકા હૈ દારૂ કા ધંધા અનેરા...! અને ગુજરાતમાં આ ધંધો બંધ થશે તો રાજસ્થાન-એમપી-મહારાષ્ટ્ર અને દિવ દમણમાં દારૂના ઠેકાવાળાઓનું શું થશે...?!

### ગરબા ભલે રમો...પણ દિલ થામ કે ક્યાંક એટેક-બેટેક ના આવે..

નવલી નવરાત્રિના ઢોલ ઢબૂકી રહ્યા છે. શેરી પોળ અને ચાલી અને પાર્ટી પ્લોટમાં યુવા હૈયાઓ થનગની રહ્યા છે. હું તો ગઈ તે મળે મન મારૂ... અને હાલને સહિયર મેળે જઈએ... એવા ગરબાની સાથે હવે એક નવો ગરબો ઉમેરાયો છે. રસિયો રૂપાળો રંગ રેલિયો રે ઘેર જાઉ ગમતુ નથી... આ ગીત ગરબો ખૂબ જ લોકપ્રિય થઈ રહ્યો છે. જોકે, તેની લોકપ્રિયતાનો શ્રેય કમા ભાઈને આપવું જોઈએ...



આ એ જ કમાભાઈ છે જે માનસિક રીતે પડકરારૂપ વ્યક્તિ છે. અને તેની શોધ કિર્તીદાન ગઢવી દ્વારા કરવામાં આવી છે. આ ગીતમાં કમાભાઈની નાચવાની સ્ટાઈલ એક આગવી અને લાક્ષણિક અદા સમાન છે. કમાભાઈ પણ ગરબામાં નાચશે તો રાજ્યભરમાં અન્ય ભાઈઓ અને બહેનો પણ ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબે ઘૂમતા જોવા મળશે.

ગરબો ક્યાંય ગુજરાતમાં જ થાય છે તેવું નથી. જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત. એમ જ્યાં પણ ગુજરાતી સમુદાય વસે છે ત્યાં ગરબો ન થાય તો જ નવાઈ. બાકી તો ગરબા જ ગરબા તો હાલને સહિયરમેળે જઈએ...

-પ્રવીણ ઘમંડે

## આગામી બજેટ 3.30 લાખ કરોડ રૂપિયાની આસપાસ રહે તેવી શક્યતા

# લોકસભા ચૂંટણી પૂર્વે ગુજરાતનું બજેટ પૂર્ણ કદનું રજૂ થઈ શકે...

ગુજરાત વંદન



ગુજરાત સરકાર છેલ્લાં કેટલાંય વર્ષથી લોકસભા ચૂંટણી પૂર્વે રજૂ થતાં અંદાજપત્રને લેખાનુદાન તરીકે રજૂ કરે છે, પરંતુ આવતા વર્ષે આવી રહેલી લોકસભા ચૂંટણી પૂર્વે ગુજરાત સરકારનું રજૂ થનારું બજેટ પૂર્ણ કદનું રહેશે.

લોકસભા ચૂંટણી પહેલા બજેટમાં થનારી જાહેરાતોથી ગુજરાતના મતદારોને રીઝવવા માટે સરકારે આ વર્ષે લેખાનુદાનને બદલે પૂર્ણકદનું બજેટ રજૂ કરવા માટે તૈયારી શરૂ કરી દીધી છે. આગામી વર્ષનું બજેટ 3.30 લાખ કરોડ રૂપિયાના કદની આસપાસનું રહે તેવી શક્યતા છે.

નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ જગદીશ પ્રસાદ ગુપ્તાએ જણાવ્યું કે, સામાન્ય રીતે લોકસભાની ચૂંટણી પહેલા વિધાનસભા સત્રના દિવસો ઓછા હોય તો બજેટ પસાર કરાવવું મુશ્કેલ બને છે. તેને સ્થાને ચૂંટણી પૂરી થાય અને નવી સરકાર બને ત્યાં સુધીના કામચલાઉ ખર્ચ માટે લેખાનુદાન રજૂ થતું હોય છે, પરંતુ આ વખતે સરકારે પૂર્ણ કદના બજેટની વિચારણા કરી છે. આ સાથે સામાજિક ક્ષેત્રને લગતી ખૂબ મોટી જાહેરાતો પણ કરાશે. ગુજરાત સરકારના સચિવોની કમિટી ઓફ સેક્રેટરીની બેઠક મળી હતી. આ બેઠકમાં મુખ્ય સચિવ રાજ કુમારે દરેક વિભાગના સચિવોને તેમની નવી બાબતો તૈયાર કરીને ડિસેમ્બર માસ સુધીમાં નાણાં વિભાગમાં સુપ્રત કરવા જણાવ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટને કારણે સચિવો પર કામનું ભારણ આવશે, પરંતુ બજેટ તૈયાર કરવા વિભાગોને યોગ્ય સ્ટાફની ફાળવણી કરવા સૂચના અપાઈ છે.

# મકાન વેચવાના બહાને કેટરર્સ સાથે 10.26 લાખની છેતરપિંડી

■ સેક્ટર 21 પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરી




ગુજરાત વંદન


ગાંધીનગર શહેરના સેક્ટર ૩૦માં મકાન વેચવાના બહાને મકાન માલિકે કેટરર્સ સાથે ૧૦.૨૬ લાખ રૂપિયાની છેતરપિંડી કર્યાની ઘટના પ્રકાશમાં આવી છે. એડવાન્સ રૂપિયા લઈ લીધા બાદ મકાન બારોબાર વેચી દીધું હતું. જેથી આ મામલે સેક્ટર ૨૧ પોલીસે કેટરર્સની ફરિયાદના આધારે મકાન માલિક સામે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર ૨૦માં આવેલા અક્ષરધામ હરી મંદિર ખાતે રહેતા અને કેટરિંગનો વ્યવસાય કરતા લક્ષ્મીલાલ ભૂરીલાલજી પાલીવાલને વર્ષ ૨૦૨૧માં મકાન ખરીદવાનું હોવાથી મકાન લે-વેચનું કામ કરતા કેયુર નામના વ્યક્તિને મળ્યા હતા અને તેણે સેક્ટર ૩૦માં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના સર્વોદય નગરમાં મકાન નંબર ૩૩ બતાવ્યું હતું. જે મકાનના માલિક ચેતનસિંહ સુરેન્દ્રસિંહ રહેવર રહે, સાદરા દ્વારા મકાન પેટે ૧.૭૫ કરોડ રૂપિયા કિંમત નક્કી કરવામાં આવી હતી અને બહાનાખત કરવાનું કહીને ૫૧ હજાર રૂપિયાનો ચેક લક્ષ્મીલાલ દ્વારા આપવામાં આવ્યો હતો. જોકે રૂપિયાની જરૂર હોવાથી ચેતનસિંહ દ્વારા લક્ષ્મીલાલ પાસે ૧૫ લાખ રૂપિયા માંગવામાં આવ્યા હતા અને ત્યારબાદ બાનાખત કરી આપવાનું કહ્યું હતું.

જો કે લક્ષ્મીલાલે ૧૫ લાખની જગ્યાએ ૧૨.૨૬ લાખ રૂપિયા ચૂકવી આપ્યા હતા. જ્યારે તપાસ કરતાં માલુમ પડયું હતું કે ચેતનસિંહે મકાનનો બાનાખત કરી આપ્યો નથી અને આ મકાન બારોબાર વેચી દીધું છે. તેમણે રૂપિયા પરત માગ્યા હતા. બે લાખનો ચેક આપ્યો હતો અને બાકીના ૧૦.૨૬ લાખ ઉઘરાણી કરવા છતાં પરત નહી આપતા આ મામલે સેક્ટર ૨૧ પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

# અમિત શાહ આજે પ્રથમ નોરતે પરિવાર સાથે કુળદેવીના દર્શનાર્થે જશે

ગુજરાત વંદન



કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ 13 ઓક્ટોબરથી 3 દિવસ ગુજરાતના પ્રવાસે છે. અમિત શાહ 14 ઓગસ્ટના રોજ ભારત-પાકિસ્તાનની મેચ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં નિહાળશે. તેમજ તેઓ અમદાવાદ, ગાંધીનગરના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. 15મીથી શરૂ થતા નવરાત્રિ પર્વ દરમિયાન અમિત શાહ પરિવાર સાથે પ્રથમ નોરતે માણસામાં કુળદેવીના દર્શનાર્થે જશે. નોંધનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દર વર્ષે નવરાત્રિના આરંભે પોતાના ગામ માણસામાં બહુચરાજી માતાજીની માંડવીના દર્શનાથે પરિવાર સાથે જાય છે. આ પરંપરાને આગળ વધારવા તેઓ આ વખતે પણ ગુજરાત આવી પહોંચ્યા છે. રવિવારે પરિવાર સાથે માણસા કુળદેવીના દર્શનાર્થે જશે. ગઈકાલે શનિવારે રમાયેલી નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને પાકિસ્તાનની હાઈ વોલ્ટેજ મેચ નિહાળવા માટે અમિત શાહ સ્ટેડિયમમાં પહોંચ્યા હતા.

## વરસાદને કારણે નગરોના રસ્તાઓને થયેલા નુકસાનની મરામત માટે

# રાજ્યમાં 157 નગરપાલિકાઓને રોડ રીસરફેસિંગ માટે 100 કરોડ ફાળવાશે



ગુજરાત વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોની જનસુવિધા સુખાકારી વૃદ્ધિની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ ચોમાસામાં વરસાદને કારણે નગરોના માર્ગો - રસ્તાઓને થયેલા નુકસાનની મરામત માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી કુલ 100 કરોડ રૂપિયા 157 નગર પાલિકાઓને ફાળવવાની મંજૂરી આપી છે.

'અ' વર્ગની 22 નગર પાલિકાઓને પ્રત્યેકને રૂપિયા 1 કરોડ પ્રમાણે 22 કરોડ રૂપિયા ફાળવામાં આવશે. જ્યારે 'બ' વર્ગની 30 નગર પાલિકાઓને નગર પાલિકા દીઠ રૂપિયા 80 લાખ પ્રમાણે કુલ 24 કરોડ રૂપિયા આપવામાં આવશે. અને 'ક' વર્ગની 60 નગર પાલિકાઓને પ્રત્યેકને રૂપિયા 60 લાખ મુજબ કુલ 36 કરોડ રૂપિયા અને 'ડ' વર્ગની 45 નગર પાલિકાઓને નગર પાલિકા દીઠ રૂપિયા 40 લાખ પ્રમાણે કુલ 18 કરોડ રૂપિયા આવા રોડ રીસરફેસિંગ કામો માટે ફાળવવામાં આવશે.

નગરપાલિકાઓને રસ્તાના મરામત - રીસરફેસિંગ કામો માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ મારફતે શહેરી વિકાસ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી ગ્રાન્ટ ફાળવવાની દરખાસ્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ આ દરખાસ્તના સંદર્ભમાં 100 કરોડ રૂપિયા ફાળવીને લોક સુખાકારી કામો માટેની આગવી સંવેદના દર્શાવી છે.

# કરાર આધારિત કર્મચારીનું ફરજ દરમિયાન અવસાન થાય તો અપાશે 14 લાખની સહાય

■ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગે પરિપત્ર જાહેર કર્યો



ગુજરાત વંદન

રાજ્ય સરકારે કરાર આધારિત કર્મચારીઓ માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કરારના સમય દરમિયાન કર્મચારીનું અવસાન થાય તો કર્મચારીના પરિવારને આર્થિક સહાય આપવામાં આવશે. ફરજ દરમિયાન અવસાન થાય તો આશ્રિતોને રૂ.14 લાખની સહાય મળશે. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ મામલે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ કરારીય સમયગાળા દરમિયાન અવસાન પામનાર વર્ગ - 3 અને વર્ગ - 4ના ફિક્સ પગારના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવામાં આવશે.

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના સંયુક્ત સચિવ એચ.કે ઠાકર દ્વારા જાહેર કરવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, રાજ્ય સરકારની વિવિધ કચેરીઓ ખાતેની નિયમિત જગ્યા ઉપર ફિક્સ પગારની નીતિ અન્વયે કરારીય ધોરણે નિમણૂક પામેલા વર્ગ-3 અને વર્ગ 4ના કર્મચારીઓની ફિક્સ પગારની સેવા દરમિયાન તા-12/10/2023 કે ત્યારબાદ થયેલા અવસાનના કિસ્સામાં રૂ.14 લાખ ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની રહેશે.

સામાન્ય વહીવટ વિભાગના તા-20/07/20147ના ઠરાવ તેમજ ત્યારબાદ તે સંદર્ભે વખતો વખત થયેલા ઠરાવોની અન્ય તમામ જોગવાઈઓ/શરતો યથાવત રહેશે તેવું પણ પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે.

## અરજદારોને હાલમાં આવાસ ના મળ્યા હોવા છતાં ભવિષ્યની આશાએ


# ગુડાની કુલ 15 આવાસ યોજનામાં 514 અરજદારોએ લાખોની ડિપોઝિટ જમા રાખી

ગુજરાત વંદન

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા) દ્વારા આવાસ યોજના અંતર્ગત જરૂરિયાતમંદોને ડ્રો કરીને આવાસની ફાળવણી કરવામાં આવતી હોય છે. જેના માટે સત્તાધીશો દ્વારા જે-તે આવાસ યોજનાની નિયત કરેલ ડિપોઝીટની રકમ પણ જમા કરાવવામાં આવતી હોય છે.

આવાસ ફાળવણી થયા બાદ વેઈટિંગમાં રહેલાં બાકી અરજદારો ડિપોઝિટ પરત મેળવે તેવા કિસ્સામાં ગુડાના નિયમોનુસાર વેઈટિંગમાંથી અરજદારોનું નામ રદ્દ કરવામાં આવતું હોય છે. જેના કારણોસર વેઈટિંગ લાગુ થઈને ઘરનું ઘર મળવાની આશા સાથે છેલ્લા 1 દશક જેટલાં સમયથી પણ ગુડાની કુલ 15 આવાસ યોજનામાં 514 અરજદારોએ લાખો રૂપિયાની ડિપોઝિટ જમા રાખી છે.

ગુડા દ્વારા લાગું કરવામાં આવેલ 15 સ્કીમોમાં અત્યાર સુધી 5000થી વધુ આવાસોની ફાળવણી કરવામાં આવી છે. જેમાંથી 514 અરજદારોના રૂપિયા 67 લાખ 40 હજારની ડિપોઝિટ ગુડાના ખાતે જમા છે. જરૂરીયાતમંદોને




આવાસ યોજનાના ભાગરૂપે ઘર ફાળવવામાં આવતું હોય છે. તેવા સંજોગોમાં આટલાં વર્ષો સુધી 7 થી 30 હજાર સુધી ડિપોઝિટની રકમ જમા રાખનાર અરજદારો પણ ખરેખર જરૂરિયાતમંદ છે કે કેમ તે જોવું રહ્યું. પરંતુ હાલના તબક્કે તો અરજદારોના ડિપોઝિટના 67 લાખ રૂપિયાનું વ્યાજ ગુડાને નફામાં મળી રહ્યું છે.

સરગાસણ , વાસ ણા હડમતીયા , કુડાસણ , વાવોલ , પેથાપુર , રાયસણ ,ચિલોડા અને અડાલજ સહિતના ગુડાની તમામ ટીપી સ્કીમમાં EWSની 6 LIGની 2 , LIG-1ની કુલ 5 અને MIGની 2 મળીને કુલ 15 સ્કીમો ફાળવવામાં આવી છે. ફાળવણી દરમિયાન અરજદારો દ્વારા જો આવાસ લાગ્યાં બાદ સ્વૈચ્છિક રીતે આવાસ રદ કરાવવું હોય તો નિયત કરેલ 4 મહિનાની સમય મર્યાદામાં રદ કરાવવું જરૂરી છે. જો ના કરાવવામાં આવે તો તેની ડિપોઝીટ પણ જપ્ત કરવામાં આવતી હોય છે. પરંતુ વેઈટિંગમાં રહેલાં અરજદારો દ્વારા જમાં કરાવેલ ડિપોઝિટ વર્ષો બાદ પણ પરત કરવાની કોઈ નિયમો ગુડા દ્વારા બનાવવામાં આવ્યા નથી. ડિપોઝિટ પેટેની જમા રકમ પરત મેળવી લે તો અરજદારનું નામ કમી કરી દેતાં નાછૂટકે વેઈટીંગમાં રહેવા માટે અરજદારો દ્વારા ડિપોઝિટ પરત લેવામાં આવતી નથી.

# પાર્કિંગમાં કારમાંથી વિદેશી દારૂનાં જથ્થા સાથે બુટલેગર ઝડપાયો

ગુજરાત વંદન

ગાંધીનગરના સેકટર - 29 ની વંદે માતરમ્ સોસાયટી - 1 નાં પાર્કીંગમાં પૂર્વ બાતમીના આધારે સેકટર - 21 પોલીસે ત્રાટકીને બોલેરે કારમાંથી 10 હજાર 680 ની કિંમતની વિદેશી દારૂની બોટલો સાથે બુટલેગરને ઝડપી પાડી કુલ રૂ. 3 લાખ 10 હજાર 680 નો મુદ્દામાલ જપ્ત કરી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરનાં સેકટર - 21 પોલીસની ટીમ કોમ્બિંગ નાઈટ રાઉન્ડમાં પેટ્રોલીંગ કરી રહી હતી. એ દરમ્યાન બાતમી મળી હતી કે, સેક્ટર-29,વંદેમાતરમ પાર્ક-1 નાં પાર્કિંગમાં એક બોલેરો ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો રાખી દારૂનો વેપલો ચલાવવામાં આવી રહ્યો છે. જે બાતમીના પગલે પોલીસે ઉક્ત સ્થળે દરોડો પાડવામાં આવ્યો હતો.

જ્યાં એક ઈસમ ડ્રાયવર શીટ ઉપર બેઠેલો હતો. જેની ગાડીની તલાશી લેતાં પાછળની સીટમાં મિણિયાના થેલામાં ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની 24 બોટલો મળી આવી હતી. આથી પોલીસે ઈસમની પૂછતાંછ કરતાં તેણે પોતાનું નામ કૌશિકકુમાર હિરાભાઈ ડામોર (ઉ.વ.29, રહે.વંદે માતરમ પાર્ક-1 બ્લોક નં.2, મ.નં.104,મૂળ રહે.

લાઇસન્સ સહિત અન્ય આવશ્યક સાધન-સામાગ્રી પણ રાખવી ફરજિયાત

## ગાંધીનગર: ફટાકડાની દુકાન માટે સરકારે જાહેર કર્યા નિયમો

### સેક્ટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી પ્રમાણે અરજી કરવાની રહેશે

ગુજરાત વંદન

આગામી દિવાળીના તહેવારો દરમ્યાન ફટાકડાનો બિઝનેસ કરવા પરવાનાની જરુરિયાત રહેશે. જો આપ પણ પરવાનો મેળવવા માંગતા હોવ તો આટલુ કરવું જરુરી છે. આગામી દિવાળી-૨૦૨૩ના તહેવાર પ્રસંગે ગાંધીનગર શહેર વિસ્તારમાં હંગામી ૨૦૨૩ ફટાકડા લાયસન્સ મેળવવા માટે અરજી ફોર્મ નંબર.૪ લેવા માટે તા.૦૯.૧૦.૨૦૨૩ થી ૨૦.૧૦.૨૦૨૩ દરમિયાન કામકાજના ચાલુ દિવસોએ ગાંધીનગરની કલેકટર કચેરીના જનસેવા કેન્દ્ર ખાતેથી કચેરી સમય દરમિયાન ૨૦ ઓક્ટોબરના દિવસે બપોરે ૨ વાગ્યા સુધી મળી શકાશે.

ભરેલા ફોર્મ તા.૨૦/૧૦/૨૦૨૩ના રોજ સાંજે ૫ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે. ફોર્મને જનસેવા કેન્દ્રમાં જ સંપૂર્ણ વિગતો ભરીને આધાર પુરાવા સહ કચેરી સમય દરમિયાન રજૂ કરવાનું રહેશે. ત્યારબાદ મળેલ ફોર્મ કે અરજી ધ્યાને લેવામાં આવશે નહીં તેમ નિવાસી અધિક કલેકટરભરત જોશીએ ન્યુઝ ૧૮ સાથેની વાતચીત માં જણાવ્યું છે. નિવાસી અધિક કલેકટર ભરત જોશીએ વધુમાં જણાવ્યું છે કે આગામી દિવાળી-૨૦૨૩ના તહેવાર પ્રસંગે ગાંધીનગર શહેર વિસ્તારમાં ફટાકડાનો હંગામી પરવાનો મેળવવા રસ ધરાવતા ઈસમોએ હંગામી પરવાનાની અરજી ઉપર રૂા.૩/- ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાવાની રહેશે. તેમજ ધ એક્ષપ્લોજીવ રૂલ્સ - ૨૦૦૮ના નિયમ સ્ક્રુટીની ફી રૂ.૩૦૦/- (ત્રણસો પુરા) તેમજ પ્રોસેસ ફી રૂ.૫૦૦/- (પાંચસો) આમ કુલ રૂ.૮૦૦/-(આઠસો) સદર પૈક “૦૦૭૦, ઓ.એ.એસ.સી.” સદરે જનસેવા કેન્દ્રમાંથી મંજૂર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા અથવા બેન્ક ઓફ બરોડામાં ચલનથી જમા કરાવીને એક નકલ અરજી ફોર્મ સાથે જોડવાની રહેશે જે રીફંડ મળશે નહીં. આ ઉપરાંત અરજદાર કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી તેવું પ્રમાણપત્ર તેના રહેણાંકના નજીકના પોલીસ સ્ટેશનમાંથી મેળવી અરજીપત્રક સાથે રજુ કરવાનું રહેશે. વધુમાં સંબંધિત ફાયર ઓફિસરનો અભિપ્રાય પણ અરજી પત્રક સાથે રજુ કરવાનો રહેશે.

નિવાસી અધિક કલેકટરે જણાવ્યું હતું કે, ગાંધીનગર શહેરમાં સેકટર-૬, ૧૧, ૨૨ માટે જ હંગામી લાયસન્સ આપવાના છે. જેથી જે તે સેકટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી પ્રમાણે અરજી કરવાની રહેશે અને અરજીમાં પસંદગીના સેકટર નંબરની વિગત ફરજીયાત અરજી ફોર્મના પ્રથમ પાને જણાવવાની રહેશે તથા પસંદગીનું સેક્ટર ફક્ત એક જ દર્શાવવાનું રહેશે. પ્લોટની ફાળવણી ડ્રો ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેર પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી પાટનગર યોજના



વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશ્નર, ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ અથવા કલેકટર કચેરી, ગાંધીનગર ધ્વારા કરવામાં આવશે અને જે પ્લોટ ફળવાશે તેમાં જ ધંધો કરવાનો રહેશે. ખુલ્લા પ્લોટ માટે ભાડાની રકમ ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેર પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશ્નર મહાનગરપાલિકાની કચેરી પૈકી જે કચેરીમાં ભાડુ વસુલ લેવામાં આવતું હોય તે કચેરીમાં જમા કરાવવાનું રહેશે.

સરકાર તમામ વિષયોની ફરીથી પરીક્ષાની તક આપશે

## ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પુનઃ પરીક્ષા જૂન-જુલાઈમાં યોજાશે

ગુજરાત વંદન

રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે વધુ એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધોરણ 10અને ધોરણ 12 સામાન્ય પ્રવાહની બોર્ડની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારવામાં આવ્યું છે. આ સાથે વર્ણનાત્મક પ્રશ્નોમાં પણ આંતરિક વિકલ્પને બદલે તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ અપાશે. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના તમામ વિષયોની પુનઃપરીક્ષા જૂન-જુલાઇ માસમાં યોજાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. કેન્દ્ર સરકારે જાહેર કરેલી નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અન્વયે આ નિર્ણયો મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં કરવામાં આવ્યા હતા. ધોરણ 10માં નાપાસ વિદ્યાર્થીઓ 3 વિષયની પુરક પરિક્ષા આપી શકશે. અત્યાર સુધી નાપાસ વિદ્યાર્થી બે વિષયની પુરક પરીક્ષા આપી શકાતા હતા. આ સાથે ધોરણ 12 સા.પ્રવાહના નાપાસ વિદ્યાર્થીઓ બે વિષયની પુરક પરીક્ષા આપી શકશે. ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના તમામ વિષયની પુનઃ પરીક્ષા જૂન-જુલાઈમાં યોજાશે. આ નિયમનો શૈક્ષણિક વર્ષ 2023-24 માં અમલ થશે. એટલે આ વર્ષથી જ આ નીતિનો અમલ થઇ જશે.શિક્ષણમંત્રી કુબેરભાઇ ડીંડોર, શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઇ પાનસેરિયા, મુખ્ય સચિવ રાજકુમાર તેમજ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે.કૈલાશનાથન અને વરિષ્ઠ સચિવોની યોજાયેલી બેઠકમાં આ નિર્ણયો લેવામાં આવ્યા છે.

શી-ટીમ નવરાત્રિમાં રોમિયોને કરશે સીધાદોર...

## આ વખતની નવરાત્રિમાં પોલીસની શી-ટીમ ગરબે ઘુમશે, નજર પણ રાખશે...

ગુજરાત વંદન

રાજ્યમાં નવરાત્રીની ઉજવણી સલામતી અને ચિંતા મુક્ત રીતે રાખવા રાજ્ય પોલીસે આગોતરું આયોજન હાથ ધર્યું છે આ માટે તમામ રેન્જ આઈ.જીને રાજ્ય પોલીસ વડા દ્વારા વિશેષ સૂચનાઓ આપવામાં આવી છે. ગરબાના સ્થળે ટ્રાફિકજામથી માંડીને ગુનાખોરી રોકવાની સાથે મુક્ત વાતાવરણમાં નવરાત્રીની ઉજવણી થાય તે માટે પાર્ટી પ્લોટ, ગરબાના ગ્રાઉન્ડ પર ખેલૈયાઓ સાથે પોલીસની શી ટીમ ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને ગરબે ઘૂમશે અને ભયમુકત માહોલમાં નવરાત્રીની હર્ષ ઉલ્લાસ સાથે ઉજવણી થાય તે માટે પોલીસ અત્યારથી કામગીરી શરૂ કરી દીધી છે.

રાજ્યભરમાં ગરબાના આયોજકો સાથે તમામ રેન્જ




આઈજીને બેઠક કરવા સૂચના આપવામાં આવી છે. નવરાત્રી દરમિયાન સલામતી બંદોબસ્તનો રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે. આ કામગીરીમાં પોલીસની સી ટીમ સ્થાનિક પોલીસ સ્ટેશનની એજન્સીઓને જવાબદારી સોંપવામાં આવી છે.પોલીસની અલગ અલગ ટીમ પરસ્પર સંકલનમાં રહીને અલગ અલગ કામગીરી બજાવશે. ગરબા ગ્રાઉન્ડ પર કોઈપણ પ્રકારની અન ઈચ્છનીય ઘટના બને નહી તે માટે પોલીસની સી ટીમ ટ્રેડિશનલ ડ્રેસમાં ખેલૈયાઓ સાથે ગરબે ઘૂમશે તેમની સાથે પોલીસ સ્ટાફ પણ સાદા ડ્રેસમાં પેટ્રોલિંગ કરશે. શંકાસ્પદ વ્યક્તિ જો ઘટના સ્થળ પર નજરે પડે તો તાત્કાલિક પોલીસની ટીમ કાર્યવાહી હાથ ધરશે અને ગરબામાં ખલેલ ન પડે તેનું પણ ધ્યાન રાખશે. આ ઉપરાંત ગરબા ગ્રાઉન્ડ વચ્ચેના વિસ્તારમાં લૂંટ હુમલા જેવી ઘટનાઓ નોંધાતી હોય તો તે વિસ્તારને વિશેષ પેટ્રોલિંગ હેઠળ આવરી લેવા જણાવ્યું છે. ખાનગી ગરબાના આયોજકોને ફાયર સેફ્ટીના પૂરતા સાધનો રાખવાની ખાતરી લેવામાં આવી છે. ટ્રાફિક જામની સમસ્યા દૂર કરવા પોલીસ દ્વારા કેટલાક રોડને વન-ડે જાહેર કરવાનું એન્ટ્રી નો પાર્કિંગ જેવા નિયમોનો અમલ કરવામાં આવશે. પોલીસની એક ટીમ સતત ટ્રાફિક નિયમન માટે કામગીરી બજાવશે આ ઉપરાંત અન્ય ટીમો ખાનગી તથા સરકારી વાહનોમાં પેટ્રોલિંગ કરશે.

સાતેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયો ગુનો

## ગાંધીનગરના પૂર્વ કલેકટર એસ.કે લાંગા વિરૂદ્ધ વધુ એક ફરિયાદ થઈ

ગુજરાત વંદન

ગાંધીનગરનાં પૂર્વ કલેક્ટર એસ.કે. લાંગા વિરુદ્ધ મજબૂત પૂરાવાઓ સાથે તપાસ આગળ ચાલી રહી છે એવા માં તેમના વિરુદ્ધ વધુ એક ફરિયાદ નોંધાઈ છે. એસ કે લાંગા જ્યારે ગાંધીનગરના કલેક્ટર હતા ત્યારે તેમના દ્વારા આચરાયેલા કૌભાંડોનો સિલસિલો પૂરું થવાનું નામ નથી લઈ રહ્યો. ગાંધીનગરના સાંતેજ મુકામે પૂર્વ કલેક્ટર વિરુદ્ધ વધુ એક ફરિયાદ નોંધાઈ છે. જૈમીન ગઢિયા નામના શખ્સે આ ફરિયાદ નોંધાવી છે.

જમીન ભ્રષ્ટાચારના આરોપમાં અગાઉ ઝડપાયેલા ગાંધીનગરના પૂર્વ કલેકટર એસ.કે. લાંગા વિરુદ્ધ તેમના કાર્યકાળ દરમિયાન સત્તાનો દુરુપયોગ કરીને ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલી એક જમીન ખેતીની હોવા છતાં બિનખેતી કરી આપી



હતી. આ અંગે સાથે જ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

સમગ્ર બનાવની વિગતો એવી છે કે ગાંધીનગર કલેકટર કચેરીમાં ફરજ બજાવતા અધિકારી જૈમીન ગઢીયાએ કરેલી ફરિયાદ મુજબ અમદાવાદ પાંજરાપોળ નજીક આવેલી એક જમીન ૯૯ વર્ષના ભાડા પટે આપી દેવામાં આવી હતી. જે સંદર્ભમાં જરૂરી દસ્તાવેજનો અભાવ છતા આ જમીન ધરતી સામુહિક મંડળીને વેચાણે આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

કૃષિ ઉત્પાદન ક્ષેત્રમાં 20 વર્ષમાં અઢીગણો વધારો નોંધાયો

## 24 વર્ષ પછી ગુજરાતમાં નાગરીકોને માથાદીઠ પાણી મળશે 17 ક્યુબીક મીટર

### હાલમાં માથાદીઠ 850 ક્યુબીક મીટર પાણીનો જથ્થો અપાય છે

ગુજરાત વંદન

રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ પાણી વિના તરસતાં લોકો અને ફ્લોરાઈડ યુક્ત બોરવેલના પાણીના કારણે થઈ રહેલી સમસ્યાઓ વચ્ચે ગુજરાત સરકારે એવો દાવો કર્યો છે કે, રાજ્યમાં 2047 સુધીમાં માથાદીઠ પાણી ઉપલબ્ધતા 1700 ક્યુબીક મીટર કરાશે રાજ્યની હાલની ઉપલબ્ધતા 850 ક્યુબીક મીટરની છે. જેમાં બમણો વધારો કરવાનું કહેવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકાર દ્વારા પાણીના શ્રેષ્ઠ આયોજન માટે ભોપાલ ખાતે દેશના 30 રાજ્યોની પ્રથમ વાર્ષિક કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં ગુજરાત તરફથી કેબિનેટ મંત્રીએ આવો દાવો કર્યો છે. તેમણે કહ્યું છે કે, ક્રિટીકલ, સેમી ક્રિટીકલ



અને ડાર્કઝોનમાં ગુજરાતે છેલ્લા 20 વર્ષમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. આ કોન્ફરન્સમાં રાજ્ય અને કેન્દ્રના જળસંશાધન તેમજ જળશક્તિ મંત્રાલયના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ બેઠકમાં મુખ્ય ચાર સ્તંભોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સંસાધન ઉપલબ્ધતા, માંગનું આયોજન, જરૂરિયાત પ્રમાણેનો સપ્લાય અને જળની લાંબાગાળાની સ્થિરતાનો સમાવેશ થતો હતો. રાજ્યમાં જ્યાં પાણી મળતું ન હતું તેવા વિસ્તારો–સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત અને બીજા વિસ્તારોમાં છેલ્લા 20 વર્ષથી કેનાલ આધારિત પાણી યોજનાઓ શરૂ કરવામાં આવી છે. આ કોન્ફરન્સમાં સરકારે એવો પણ દાવો કર્યો હતો કે, પાણીના કારણે કૃષિ ઉત્પાદન ક્ષેત્રમાં 20 વર્ષમાં અઢીગણો વધારો નોંધાયો છે. પશુપાલન ક્ષેત્રે પાંચ ગણું ઉત્પાદન વધ્યું છે. મોરબી અને કચ્છ જેવા વિસ્તારોમાં પાણીના અભાવે સ્થળાંતર થતું અટક્યું છે. આ કોન્ફરન્સમાં અન્ય રાજ્યોના મંત્રીઓ દ્વારા પ્રેઝન્ટેશનમાં તેમની બેસ્ટ પ્રક્ટિસની રજૂઆત કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું અમૃતકાલ માટે અને વર્ષ 2047 માટે રાષ્ટ્રને વિશ્વમાં પ્રથમસ્થાને મૂકવાનું જે વિઝન છે તેને સિદ્ધ કરવાની ચર્ચા કરવામાં આવી હતી

## અમદાવાદમાં 14 સહિત રાજ્યમાં 46 સ્થળે GSTના દરોડા, 4 કરોડની કરચોરી પકડાઈ

ગુજરાત વંદન

સ્ટેટ જીએસટીએ અમદાવાદમાં 14 સ્થળ સહિત 46 સ્થળે સાગમટે દરોડા પાડ્યા હતા. ગ્રાહકોને સેવા તેમજ માલ પૂરો પાડતા વિવિધ એકમોએ જીએસટી નંબર લીધા વગર જ કરચોરી કરી હોવાનું પકડાયું છે. 46 સ્થળે દરોડામાંથી પ્રાથમિક અંદાજ મુજબ 4 કરોડની કરચોરી પકડી પાડવામાં આવી છે.

જીએસટી વિભાગે ટેક્સ પ્રોફાઈલિંગનો અભ્યાસ કરી કરચોરોને ઝડપી પાડ્યા છે. સંખ્યાબંધ વેપારી જીએસટી રજિસ્ટ્રેશન લીધા પછી ટર્નઓવર છુપાવીને કમ્પોઝિશન સ્કીમનો ખોટી રીતે લાભ લઈ રહ્યા હોવાનું પણ પકડાયું છે. જ્યારે કેટલાક વેપારી એકમોએ ટેક્સ ભરવાનું ટાળવા ખોટી વેરાશાખનો ઉપયોગ કર્યાનું ખૂલ્યું છે.

બીટુસી સેગમેન્ટમાં ચાલતી કરચોરી અટકાવવા સ્ટેટ જીએસટી વિભાગે મોબાઈલ એસેસરીઝ, રેડી ટુ ઈટ ફૂડ, કોસ્મેટિક્સ, પ્લાસ્ટિક સર્જરી, હેર ટ્રાન્સપ્લાન્ટ સર્વિસ સાથે સંકળાયેલા વેપારીઓ પર દરોડા પાડ્યા હતા. રેડી ટુ ઈટ ફૂડના વેપારીઓ 18 ટકાની જગ્યાએ માત્ર 5 ટકા ટેક્સ ભરતા હતા. જીએસટીએ સુરતમાં 12 સ્થળે અને રાજકોટમાં 8 તેમજ વડોદરામાં 6 સ્થળે દરોડા પાડ્યા હતા.

જીએસટી વિભાગને બાતમી મળી હતી કે, કેટલાંક એકમો માલ અને સેવાનું સીધું વેચાણ કરે છે અને તેમનું ટર્નઓવર પણ ઘણું મોટું છે. આમ છતાં આ વેપારીઓએ જીએસટી નંબર પણ મેળવ્યો ન હતો.

## ગાંધીનગર મનપા દ્વારા દિવ્યાંગ 26 બાળકોની મફત સારવાર કરાઇ

ગુજરાત વંદન

ગાંધીનગર મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ અને સ્માઈલ ટ્રેન ફાઉન્ડેશનના સહયોગથી જન્મજાત ખોડ ખાંપણ ધરાવતા 26માંથી 17 બાળકોને ક્લેફ્ટલીપ અને પેલેટવાળા નવ, ક્લબફુટના એક, સારણ ગાંઠના એક અને પેશાબની નળીની ખામીવાળા બે બાળકો, એક બાળકને મળદ્વારની ખામી, એક બાળકને કરોડરજ્જુની ખામી જોવા મળી હતી. તેમાંથી સાત બાળકોને સ્થળ ઉપર જ સારવાર આપવામાં આવી હતી. જ્યારે 17 બાળકોને હોસ્પિટલમાં મફત સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. બાળકોને તમામ સારવાર આયુષ્યમાન ભારત યોજના, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ આપવામાં આવશે.

અધિક્ષકની 6 અને મેડિકલ ઓફિસરની 7 જગ્યા ખાલી

## ગાંધીનગર જિલ્લામાં ડોક્ટરો વગર ચાલે છે આરોગ્ય કેન્દ્રો

### અગાઉ જિ. પં.ના સદસ્ય અજીતસિંહ રાઠોડે સામાન્ય સભામાં મેડિકલ ઓફિસરોની ખાલી જગ્યા અંગે મહત્ત્વનો પ્રશ્ન ઉઠાવ્યો હતો

ગુજરાત વંદન

ગાંધીનગર જિલ્લાના આરોગ્ય કેન્દ્રને નવા લૂક આપીને ત્યાં તમામ પ્રકારની આરોગ્યની સેવા મળી રહે તે માટેની વ્યવસ્થા કરવાની તથા આયુષ્માન ભવઃ યોજના અંતર્ગત નિષ્ણાંતો તબીબોની સેવા-સારવાર પણ ગામડામાં મળી રહે તે માટેની મોટી મોટી વાતો કરવામાં આવે છે પરંતુ જિલ્લાના આરોગ્ય કેન્દ્રમાં પુરતા મેડિકલ ઓફિસર પણ નથી. ચાર તબીબોની નવી ભરતી કરવામાં આવી હોવા છતા પીએચસી-સીએચસીમાં મળીને કુલ ૧૨ જેટલા મેડિકલ ઓફિસર તથા છ અધિક્ષકની જગ્યા ખાલી છે.

સરકાર દ્વારા આરોગ્યની સેવા ગામડા સુધી પહોંચે તે માટે આરોગ્ય કેન્દ્રના મોડેલને નવા લૂક આપીને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં ફેરવવામાં આવી રહ્યા છે. નવા નવા કરવાની સાથે કેન્દ્રનું બિલ્ડીંગને પણ આધૂનિક લૂક આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે પરંતુતબીબો જ પુરતા પ્રમાણમાં નહીં હોવાને કારણે હાલ ગાંધીનગર જિલ્લાના આરોગ્ય કેન્દ્રો જ બિરાર હાલતમાં છે. જિલ્લાના નવ જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મહત્વની અને મુખ્ય ગણાતી સુપ્રિટેન્ડેન્ટની છ જગ્યાઓ ખાલી છે. જેનાથી મોટાભાગના સીએચસી ચાર્જમાં ચલાવવાનો વારો આવ્યો છે. આ ઉપરાંત સીએચસીમાં કુલ સાત મેડિકલ ઓફિસરની જગ્યા પણ ખાલી છે.

એટલુ જ નહીં, ગાંધીનગર જિલ્લામાં આવેલા કુલ ૩૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તાજેતરમાં જ નવા ચાર મેડિકલ ઓફિસરની ભરતી કરી હોવા છતા અહીં પાંચ એમઓની જગ્યા હજુ ખાલી હોવાનું સામે આવી રહ્યું છે. અગાઉ જિલ્લા પંચાયતના સદસ્ય અજીતસિંહ રાઠોડે સામાન્ય સભામાં મેડિકલ ઓફિસરોની ખાલી જગ્યા અંગે મહત્વનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. કલોલના પાનસરમાં દસ હજારની વસ્તી વચ્ચે પણ તબીબો નહીં હોવાને કારણે દર્દીઓને અમદાવાદ અને ગાંધીનગર લાંબુ થવું પડે છે.

એક બાજુ ગાંધીનગર જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં પુરતું મહેકમ નથી. તબીબો નહીં હોવાને કારણે દર્દીઓને ખાનગી હોસ્પિટલો અને દવાખાનાનો સહારો લેવા પડે છે ત્યારે તબીબી કામગીરીથી




છુટકારો મેળવવા માટે ઘણા મેડિકલ ઓફિસરોએ જિલ્લાની વિવિધ યોજનામાં પોતાના નામ ઓફિસર તરીકે નંખાવી દિધા છે અને તેના ઓર્ડર કરાવીને જિલ્લા પંચાયતમાં છેલ્લા ઘણા વખતથી ધામા નાંખ્યા છે. હાલ જિલ્લા પંચાયત ભવનમાં પુરતી ચેમ્બર કે રૂમ પણ નથી તેમ છતા આવા ચાર્જ લઈને ધામા નાંખેલા તબીબો ચેમ્બર પચાવીને બેઠાં છે.જેના પગલે જિલ્લા પંચાયતના અધિકારીઓમાં આંતરિક રોષ ભભુકી રહ્યો છે.

નવરાત્રિ અને દિવાળી પર્વ સમયમાં ખાદ્યચીજોના સેમ્પલ લેવા સઘન કાર્યવાહી કરાશે

## મ્યુનિસિપલ કમિશનરે કહ્યું, અમદાવાદનું ઘી અંબાજીમાં પકડાય છે અમદાવાદમાં નહીં

ગુજરાત વંદન

અમદાવાદના મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓની બેઠક મળી હતી.બેઠકમાં કમિશનરે ફુડ વિભાગના ઉચ્ચ અધિકારીને વ્યંગાત્મક ટોનમાં અમદાવાદનું ઘી અંબાજીમાં પકડાય છે અમદાવાદમાં કેમ પકડાતુ નથી કહેતા ફુડ વિભાગના અધિકારી છોભીલા પડી ગયા હતા. કમિશનરે વાતને વાળી લેતા નવરાત્રિ અને દિવાળી પર્વ સમયમાં શહેરમાંથી ખાદ્યચીજોના સેમ્પલ લેવા સઘન કાર્યવાહી કરવા સુચના આપી હતી.

માધુપુરાના નીલકંઠ ટ્રેડર્સમાંથી લેવાયેલ ઘી અંબાજીમાં પ્રસાદ બનાવવા ઉપયોગમાં લેવાયુ હતુ.આ ઘીના સેમ્પલ ફેઈલ થયા હતા.મ્યુનિસિપલ કમિશનર



એમ.થેન્નારસને આ બાબતને ગંભીરતાથી લઈ ફુડ વિભાગના ઉચ્ચ અધિકારીને ઘી-તેલ સહિતની તમામ ખાદ્યચીજોના લેવામાં આવતા સેમ્પલની સંખ્યા વધારી તહેવારના સમયમાં શહેરીજનોને ફરસાણ-મિઠાઈ શુધ્ધ મળે એ પ્રકારે સઘન કાર્યવાહી કરવા સુચના આપી હતી.શહેરમાં નવા રોડ બનાવવા તથા રોડ રિસરફેસ કરવાની કામગીરી વધુ ઝડપી બનાવવા તેમજ ફુટપાથ ઉપર સુતા લોકોને રેનબસેરામાં ખસેડવા કાર્યવાહી કરવા સંબંધિત વિભાગના અધિકારીને સુચના આપી હતી. વિવિધ સિગ્નલ ઉપર ભિક્ષા પ્રવૃત્તિ કરતા લોકો માટે શુ કરવુ એ અંગે અધિકારીઓ પાસેથી સુચન માંગ્યા હતા. શહેરના વિવિધ રોડ ઉપર કચરો ફેંકી ગંદકી કરતા લોકોને અટકાવવા ત્રણ શિફટમાં મ્યુનિ.અધિકારી-કર્મચારીની ટીમ ફરજ ઉપર મુકાશે.આ ટીમ રોડ ઉપર લોકોને કચરો ના ફેંકવા સમજાવશે.રોડ ઉપર ફેંકવામાં આવતા કચરાને કારણે ગંદકી ફેલાવાની સાથે રખડતા ઢોર પણ જોવા મળતા હોય છે.રખડતાપશુને પકડવા પણ મ્યુ.કમિશનરે સુચના આપી હતી.

અમદાવાદ મ્યુનિ.ના ફુડ વિભાગની કાર્યવાહી

## કોલ્ડ સ્ટોરેજમાં 600થી વધુ ટન બટર-ચીઝનો જથ્થો સીઝ કર્યો

ગુજરાત વંદન

અમદાવાદ મ્યુનિ.ના ફુડ વિભાગે પીપળજ રોડ ઉપર આવેલા કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલા ૬૧૦ ટન બટર અને ચીઝનો જથ્થો સીઝ કર્યો છે.રુપિયા એક કરોડથી વધુની કિંમતના બટર અને ચીઝના જથ્થાને કોલ્ડસ્ટોરેજમાં રાખવામાં આવ્યો હતો.કોલ્ડસ્ટોરેજમાં રાખવામાં આવેલા જથ્થાને સીઝ કરવાની સાથે મ્યુનિ.ટીમે કેટલાક સેમ્પલ લઈ મ્યુનિ.ની લેબોરેટરી ખાતે તપાસ માટે મોકલી આપ્યા હતા. જ્યાં સુધી લેબોરેટરીમાંથી સેમ્પલ અંગેના રીપોર્ટ આવશે નહીં ત્યાં સુધી સીઝ કરવામાં આવેલો જથ્થો વેચી શકાશે નહીં.મ્યુનિ.ના ફુડ વિભાગે અત્યારસુધીની કરેલી આ મોટી કાર્યવાહી છે. શહેરના પીપળજ -પિરાણા રોડ ઉપર વી.જે.ઈન્ફ્રાકોન પ્રા.લી,૧૦૩,દેવરાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક એસ્ટેટ ખાતે આવેલા કોલ્ડસ્ટોરેજ ખાતે વિવિધ વિસ્તારના ઉત્પાદકો દ્વારા તૈયાર કરવામાં આવેલા બટર અને ચીઝનો જથ્થો રાખવામાં આવ્યો હતો.રાજયના વિવિધ વિસ્તારમાં ઘી,બટર અને ચીઝ સામે થઈ રહેલી કાર્યવાહીના પગલે મહેસાણા ખાતે કરવામાં આવેલી તપાસમાં બટર અને ચીઝનો જથ્થા પૈકી કેટલોક જથ્થો અમદાવાદ ખાતેથી ખરીદવામાં આવ્યો હોવાનુ ખુલતા મ્યુનિ.ના ફુડ વિભાગની ટીમે પીપળજ રોડ ઉપર આવેલા કોલ્ડસ્ટોરેજમાં તપાસ હાથ ધરતા બટર અને ચીઝનો સૌથી મોટો જથ્થો મળી આવતા સીઝ કરાયો હતો. કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલ બટર અને ચીઝનો જથ્થો માઈનસ શૂન્યથી લઈ માઈનસ વીસ ડીગ્રી તાપમાન સાથે રાખવામાં આવ્યો હોવાનું આધારભૂતસૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

## ગુજરાતના માહિતી આયોગે એક વર્ષમાં 6676 કેસનો નિકાલ કર્યો,નવા 10025 કેસ રજીસ્ટર

ગુજરાત વંદન

કેન્દ્રની તત્કાલિન UPA સરકારે માહિતી અધિકાર કાયદો 2005માં સંસદમાં પસાર કર્યો હતો અને 12 ઓક્ટોબર 2005થી દેશભરમાં અમલી બન્યો હતો. ત્યારે આ કાયદાને 18 વર્ષ પૂર્ણ થયાં છે. છેલ્લા 18 વર્ષમાં આ કાયદાનો વ્યાપક ઉપયોગ થયો છે. (Gujarat RTI)સામાન્ય નાગરિકોથી લઈને સંશોધકો, પત્રકારો, કર્મશીલો અને રાજકીય કાર્યકર્તાઓએ પણ આ કાયદાનો ઉપયોગ કરીને તેમના પ્રશ્નોને ઉજાગર કરવાની કોશિશ કરી છે. જનતાના સવાલોને જવાબ આપવામાં તંત્રની સજ્જતા, અભિગમ અને ઈચ્છા ઓછી હોવાનું પણ ઉજાગર થયું છે.

રીપોર્ટ પ્રમાણે એક વર્ષ દરમ્યાન દેશભરના આયોગ લગભગ 2.14 લાખ કેસિસનો નિકાલ કરે છે, જ્યારે 2.20 નવા કેસ વર્ષ દરમ્યાન રજીસ્ટર પણ થાય છે. ગુજરાતની વાત કરીએ તો ગુજરાત રાજ્ય માહિતી આયોગ દ્વારા એક વર્ષમાં 6676 કેસનો નિકાલ કરાયો છે જ્યારે નવા 10025 કેસ રજીસ્ટર થયા છે. ગુજરાતમાં હાલમાં 4 કમિશ્નર છે, અને 4632 કેસિસ પડતર છે, એટ્લે કોઈ પણ અરજદારને 8 મહિના સુધી સુનાવણી માટે રાહ જોવી પડે છે. ગત વર્ષ દરમ્યાન દેશભરના માહિતી આયોગો દ્વારા 8074 કેસ માં પેનલ્ટી થઈ છે, જેની રકમ 15.37 કરોડ થાય છે. સૌથી વધુ પેનલ્ટી ઉત્તર પ્રદેશ માહિતી આયોગ દ્વારા કરવામાં આવી છે, જે 10.39 કરોડ જેટલી છે. ગુજરાત માહિતી આયોગ દ્વારા વર્ષ દરમ્યાન 150 કેસિસ માં 12,75,500/- જેટલો દંડ કર્યો છે. દિલ્હી સ્થિત સતર્ક નાગરિક સંગઠન દ્વારા દેશભરના રાજ્ય માહિતી આયોગો અને કેન્દ્રીય માહિતી આયોગનો અભ્યાસ કરીને એક રીપોર્ટ તૈયાર કર્યો છે. જેમાં અનેક પ્રકારની હકિકતો બહાર આવી છે.મહારાષ્ટ્ર, છત્તીસગઢ, બિહાર, પશ્ચિમ બંગાળ તેમજ કેન્દ્રિય માહિતી પંચમાં સમયસર નિમણૂક ન થવાના કારણે પડતર કેસોનો ભાર વધતો જાય છે. માહિતી અધિકાર કાયદાની કલમ 25 મુજબ માહિતી આયોગે તેમનો વાર્ષિક અહેવાલ વિધાનસભામાં રજૂ કરવાનો થાય છે. તેમાં પણ માહિતી આયોગો દ્વારા ચૂક થાય છે. કેન્દ્રિય માહિતી આયોગ અને અન્ય 8 આયોગ (ગુજરાત, કેરળ, મણિપુર, છત્તીસગઢ, મિઝોરામ, નાગાલૈંડ, સિક્કિમ ને બાદ કરતાં 19 જેટલા માહિતી આયોગોએ તેમના વાર્ષિક અહેવાલો બનાવ્યા નથી. જ્યારે આંધ્રા પ્રદેશ અને તેલંગાણા માહિતી આયોગે અલગ રાજ્યો બન્યા બાદ છેલ્લા 5 વર્ષથી અહેવાલ બનાવ્યો જ નથી.

ગુજરાત વંદન gujaratvandan.com

સંપાદકીય....

# યુદ્ધમાં આખરે તો નિર્દોષોનો જ ભોગ લેવાય છે, માનવજાત માટે વહેલી તકે અટકે લોહિયાળ જંગ..!

સમગ્ર વિશ્વએ 20મી સદીમાં બબ્બે વિશ્વ યુધ્ધો જોયા છે. યુધ્ધમાં કેવી ખુવારી થાય છે, માનવીય યાતનાઓ કેવી ભોગવવી પડે છે અને નિર્દોષ લોકો કઇ રીતે તેનો ભોગ બને છે એ આખી દુનિયાએ આ વિશ્વ યુધ્ધોમાં જોયું છે. દળદાર ઇતિહાસના પુસ્તકોમાં આ યુધ્ધોનું ભયાનક વર્ણન ભરેલું છે. જેમણે બબ્બે વિશ્વ યુધ્ધો જોયા તેઓ સંદેશો આપતા ગયા કે ભવિષ્યમાં કોઇ યુધ્ધ ના થાય તો સારૂ. પણ 21મી



સદીમાં જાણે કે ત્રીજુ વિશ્વ યુધ્ધ થઇ શકે એવી ગંભીર સ્થિતિનું સર્જન ધીમે ધીમે થઇ રહ્યું હોય તેમ જણાઇ રહ્યું છે.

એક તરફ યુક્રેન યુધ્ધનો અંત આવ્યો નથી, બીજી તરફ ચીન તાઈવાન પર ગમે ત્યારે હુમલો કરે તેમ છે તો ત્રીજી તરફ વર્ષો જુના દુશ્મનો ઇઝરાયલ અને પેલેસ્ટાઇન-હમાસની વચ્ચે નવેસરથી ભયાનક અને વિનાશકારી યુધ્ધ ફાટી નિકળ્યું છે. જેમાં હજારો લોકોના મોત થયા છે. અલબત આ વખતે શરૂઆત હમાસે કરી છે અને તેનું પરિણામ પણ હમાસના આતંકીઓની સાથે નિર્દોષ પેલેસ્ટાઇન નાગરિકો અને ઇઝરાયલના બંધક નાગરિકોને ભોગવવુ પડ્યું છે. અહેવાલ દર્શાવે છે કે હમાસના આતંકીઓએ ઇઝરાયલી મહિલાઓની સાથે શિશુઓના પણ ગળા કાપીને ખૂબ જ ક્રૂર રીતે હત્યા કરી છે. જે માનવજાત માટે એક કલંક સમાન કહી શકાય.

હિંસા હોય કે યુધ્ધ હોય તેમાં આખરે તો નિર્દોષ નાગરિકોનો જ ભોગ બને છે અને તેઓ જ ભોગ બનતા આવ્યાં છે. બે વિશ્વ યુધ્ધમાં લાખો લોકો માર્યા ગયા અને લાખો પરિવારો ઉજડી ગયા હતા. યુધ્ધની એ ભયાનકતા કેવી હતી તે એ વખતની તસ્વીરો પરથી કહી શકાય. ઇઝરાયલ પર હુમલો કરીને હમાસે વિંછીનો દાબડો જ ખોલ્યો નથી પણ પોતાના પગ ઉપર જ કુહાડો માર્યો છે. કેમ કે ઇઝરાયલના વળતા હુમલામાં ગાઝા પટ્ટી વિસ્તારમાં 23 લાખ લોકો બેઘર બની ગયા છે. ભારે તબાહી મચી ગઇ છે. જેમાં સૌથી વધારે પ્રભાવિત થનારામાં મહિલાઓ અને બાળકો જ કહી શકાય.

હમાસના હુમલાખોરોએ ઇઝરાયેલી મહિલાઓને બંધક બનાવી તેમના પર રેપ ગુજારીને લાશો રસ્તા પર ફેંકી દીધી હોવાના પણ અહેવાલ છે. બાળકોની પણ મોટા પાયે હત્યાઓ કરવામાં આવી છે. ભારતનો દાખલો લઇએ તો પૂર્વોત્તરના મણિપુરમાં પણ મહિલાઓની સાથે રેપ અને નગ્ન પરેડની ઘટનાએ સૌને ચોંકાવ્યાં હતા. અને સામાન્ય રીતે જેમ બને છે એ રીતે હિંસામાં સૌથી પહેલાં મહિલાઓનો ભોગ લેવાય છે અને તેમને નિશાન બનાવીને ઉશ્કેરણીઓ કરવામાં પણ આવે છે. હમાસે પણ ઇઝરાયલનું નાક કાપવા ઇઝરાયેલી મહિલાઓને બંધક બનાવીને રેપ કરીને તેના વિડિયો વાઇરલ કર્યા. દેખીતી રીતે જ ઇઝરાયલ તેનો બદલો લેશે કે બદલો લઇ રહ્યાં હશે. પણ આખરે સહન કરવાનું કોના ભાગે આવ્યું...?

માનવ જાતના ઇતિહાસ પર નજર નાંખીએ તો યુધ્ધથી કોઇને ફાયદો થયા નથી. ગમે તેવા ખૂંખાર યુધ્ધ બાદ આખરે તો મંત્રણાના ટેબલ પર જ આવવુ પડે છે. અમેરિકાએ જાપાન પર પરમાણુ બોંબ ઝિંક્યા બાદ પણ આખરે તો સમાધાન માટે મંત્રણાના મેજ પર આવવુ પડ્યું હતું. એમ વર્તમાન હમાસ અને ઇઝરાયલ વચ્ચેના યુધ્ધમાં છેવટે તો મધ્યસ્થી દેશો દ્વારા લડાઇનો અંત લાવવા પ્રયાસો શરૂ થયા હશે અને શરૂ થશે. અને તે જરૂરી પણ છે. કેમ કે કોઇપણ યુધ્ધ કાંઇ વર્ષો સુધી ચાલતા નથી. પરંતુ આવા યુધ્ધમાં લશ્કરી સ્થાનોને જ નિશાન બનાવવાની એવી કેઇ વૈશ્વિક સહમતિ બનવી જરૂરી છે. જેથી નિર્દોષ નાગરિકોને બચાવી શકાય.

હમાસે હુમલો તો કર્યો પણ તેના કારણે પેલેસ્ટાઇનના નાગરિકોના મોત માટે કોને જવાબદાર ઠેરવીશું..? એ સર્વવિદિત છે કે જે દેશને અમેરિકાનો ટેકો હોય એ દેશ ક્યારેય જીતી શકે તેમ નથી. ઇઝરાયલને અમેરિકાએ ટેકો જાહેર કર્યો અને તમામ સહાય પૂરી પાડતાં હમાસ તબાહ થઇ ગયું. અમેરિકાએ રશિયાના હુમલા સામે યુક્રેનને ટેકો અને સહાય આપી તો યુક્રેન ટકી રહ્યું છે. અન્યથા રશિયાની સામે એકલા યુક્રેનનું ટકી રહેવુ અશક્ય છે. યુક્રેનમાં પણ રશિયન દળોએ કેટલીય મહિલાઓ પર રેપ સહિતના અત્યાચારો ગુજાર્યા છે. એટલે આખરે તો નિર્દોષ નાગરિકો જ ભોગ બન્યા અને જ્યાં સુધી યુધ્ધ હશે ત્યા સુધી નિર્દોષોનો જ ભોગ લેવાશે.

## ઓપરેશન થન્ડરબોલ્ટ વિશ્વના જાસુસી ઇતિહાસમાં એક અમરકથા સમાન અંકિત છે...

# જ્યારે ઇઝરાયેલે હજારો કિ.મી. દૂર પોતાના બંધક નાગરિકોને છોડાવ્યાં..!

## યુગાન્ડાના એન્ટેબી એરપોર્ટ પર પહોંચીને 100 કમાન્ડોની કામગીરીની દિલધડક ગાથા રૂંવાટા ઊભા કરી દે એવી છે..

ગુજરાત વંદન gujaratvandan.com

હાલમાં ઇઝરાયલ અને પેલેસ્ટાઇન વચ્ચે નવેસરથી યુધ્ધ ફાટી નિકળ્યું છે અને એવુ પહેલીવાર થયું કે જાસુસી કામમાં વિશ્વમાં નબર વન ઇઝરાયલની મોસાદ સંસ્થા આ વખતે પોતાના દુશ્મન પેલેસ્ટાઇનની હમાસ જાસુસી એજન્સીની સામે માર ખાઇ ગઇ. પણ 1970ના દાયકામાં ઇઝરાયલે હજારો કિલોમિટર દૂર બીજા દેશમાં જઇને પાર પાડેલી કામગીરી-ઓપરેશન થન્ડરબોલ્ટ-ની ઇતિહાસમાં નોંધ લેવાયેલી છે અને એ જ નામ પરથી હોલિવુડમાં ઓપરેશન થન્ડરબોલ્ટ નામની ફિલ્મ પણ બની હતી. એ આખી ઘટનાનો ચિતાર કંઇક આ પ્રમાણે છે...

વર્ષ 1976 હતું, તારીખ 27 જૂન હતી. ફ્રાન્સની એરબસે ઈઝરાયેલની રાજધાની તેલ અવીવથી ગ્રીસની રાજધાની એથેન્સ માટે ઉડાન ભરી હતી. ફ્લાઇટમાં 246 મુસાફરો હતા. 12 ક્રૂ સભ્યો અલગથી. લગભગ દોઢ કલાક પછી ફ્લાઈટ એથેન્સ પહોંચી. અહીંથી 58 મુસાફરો વિમાનમાં સવાર



થયા હતા. આ તે છે જ્યાં આખી રમત ખોટી થઈ, કારણ કે આ મુસાફરોમાં 4 આતંકવાદીઓ હતા. બે આતંકવાદીઓ પેલેસ્ટિનિયન લિબરેશન આર્મીના હતા, જ્યારે 2 જર્મનીની રિવોલ્યુશનરી બ્રિગેડ સાથે સંકળાયેલા હતા.

આ ફ્લાઈટ એથેન્સથી પેરિસ માટે ઉડાન ભરતાં જ આતંકવાદીઓએ પ્લેનને હાઈજેક કરી લીધું હતું. પહેલા આતંકીઓએ પ્લેનને લિબિયાના શહેર બેનગાઝી લઈ જવાનો આદેશ આપ્યો. વિમાનને ત્યાં લઈ જવામાં આવ્યું અને ઈંધણ ભરવામાં આવ્યું. આ દરમિયાન પ્લેન લગભગ 7 કલાક રોકાયેલું રહ્યું. જ્યારે એક મહિલા બીમાર પડી તો આતંકીઓએ તેને છોડી દીધી.

આતંકવાદીઓને આશા હતી કે ઈઝરાયેલ સાથેની દુશ્મનાવટને કારણે આરબ દેશો તેમના વિમાનને લેન્ડ કરવાની પરવાનગી આપશે. પરંતુ, આંતરરાષ્ટ્રીય દબાણને કારણે આવું ન થયું. આ પછી તેની યોજના નિષ્ફળ થવા લાગી. ગભરાયેલા આતંકવાદીઓએ આખરે 28 જૂને યુગાન્ડાના એન્ટેબે એરપોર્ટ પર વિમાનને લેન્ડ કર્યું હતું. જો કે તેને એટલો સપોર્ટ મળવાની આશા નહોતી. ત્યાંનો સરમુખત્યાર ઈદી અમીન હતો. અને તે અપહરણકારો માટે ખૂબ જ દયાળુ બની ગયો.....

સરમુખત્યાર ઈદી અમીન હત્યાકાંડના શોખીન ગણાતા હતા. તેના વિશે એવું કહેવામાં આવે છે કે તે તેના દુશ્મનોને મારી નાખતો હતો અને તેમનું લોહી પણ પીતો હતો. તેણે અપહરણકારોને પ્રોત્સાહન આપ્યું. આઈડીઆઈએ હાઈજેકર્સને તેમણે માંગેલી તમામ સુવિધાઓ પૂરી પાડી હતી. આતંકવાદીઓના કહેવા પર ઈદીએ બંધકો પર નજર રાખવા માટે પોતાની સેનાના ખાસ લડવૈયાઓને તૈનાત કર્યા હતા. લેન્ડિંગ પછી, પ્લેનમાં સવાર તમામ ઈઝરાયેલી મુસાફરોને નજીકના ટર્મિનલ પર લઈ જવામાં આવ્યા હતા.

આ સમાચાર ઈઝરાયેલ પહોંચતા જ ત્યાં ખળભળાટ મચી ગયો હતો. તરત જ ઈઝરાયેલ સરકારે સેના પ્રમુખ અને ગુપ્તચર સંસ્થા મોસાદના વડા સાથે બેઠક યોજી હતી. આ દરમિયાન નિર્ણય લેવામાં આવ્યો કે પહેલા આતંકવાદીઓની માંગણીઓ સાંભળવામાં આવે અને પછી નિર્ણય લેવામાં આવે. આતંકવાદીઓએ માંગ કરી હતી કે ઈઝરાયેલની જેલમાં બંધ તેમના સેંકડો સાથીઓને મુક્ત કરવામાં આવે. તેણે પાંચ મિલિયન ડોલર પણ માંગ્યા. આતંકીઓએ 48 કલાકનો સમય આપ્યો હતો.

ઈઝરાયેલની નીતિ આતંકવાદીઓ સાથે સમાધાન કરવાની ન હતી. આવી સ્થિતિમાં તેમણે તાત્કાલિક પગલાં લેવાનું નક્કી કર્યું. સૌથી પહેલા તેણે આતંકવાદીઓને રોકી રાખવાનો પ્રયાસ કર્યો અને વાતચીત શરૂ કરી. આ સાથે જ પાછળથી કાર્યવાહીની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ હતી. પહેલું કામ એન્ટેબે એરપોર્ટ પરથી ગુપ્ત માહિતી ભેગી કરવાનું હતું.

30 જૂનના રોજ, આતંકવાદીઓએ બંધક બનાવવામાં આવેલા 48 લોકોને મુક્ત કર્યા હતા. તેમાંના મોટાભાગના વૃદ્ધ અને બીમાર હતા. આ તમામને સ્પેશિયલ ફ્લાઈટમાં પેરિસ મોકલવામાં આવ્યા હતા. અપહરણકારોએ આપેલો સમય પૂરો થઈ રહ્યો હતો. આ સમય દરમિયાન, ઈઝરાયેલી સરકારે તેના મિત્ર આફ્રિકન દેશો અને બાકીના વિશ્વમાંથી ઈદી અમીન પર દબાણ લાવી બંધકોને મુક્ત કરાવવાનો પૂરો પ્રયાસ કર્યો, પરંતુ તેમાં સફળતા ના મળી. .

ત્યારબાદ ઈઝરાયેલ સરકારે હાઈજેકર્સ પાસે 4 જુલાઈ સુધીનો સમય માંગ્યો હતો. આતંકવાદીઓને ખાતરી થઈ ગઈ હતી કે ઈઝરાયેલ તેમની સામે ઘૂંટણિયે પડવા તૈયાર છે. તેથી તેઓએ બિન-ઈઝરાયેલ નાગરિકોને મુક્ત કર્યા. હવે એન્ટેબે એરપોર્ટ પર 94 ઈઝરાયેલી મુસાફરો બાકી હતા. કુલ બંધકો 116 હતા. આ પ્લાન ખૂબ જ ખતરનાક હતો, કારણ કે બીજા દેશના એરપોર્ટ પર જવું અને ત્યાંથી રેસ્ક્યુ કરવું સરળ ન હતું. આવી સ્થિતિમાં ઓપરેશનને થંડરબોલ્ટ નામ આપવામાં આવ્યું હતું. આ ઓપરેશનને 3 જુલાઈએ લીલી ઝંડી આપવામાં આવી હતી.

મોસાદે ઈઝરાયેલના બંધકો પાસેથી ઘણી મહત્વની માહિતી મેળવી હતી. હવે ઈઝરાયેલ પાસે આતંકવાદીઓની સંખ્યા અને તેમના હથિયારોની માહિતી હતી. આ સિવાય મોસાદને ખબર પડી હતી કે એન્ટેબે એરપોર્ટનું આ ટર્મિનલ માત્ર ઈઝરાયેલની એક કંપની દ્વારા બનાવવામાં આવ્યું હતું. એરપોર્ટની બ્લુ પ્રિન્ટ પણ સરકાર સુધી પહોંચી ગઈ હતી. તેની આજુબાજુના બિલ્ડીંગ સ્ટ્રક્ચર્સ વિશે પણ માહિતી મેળવી હતી.

.3 જુલાઈએ જ ઈઝરાયેલમાંથી 100 કમાન્ડોની ટીમ હર્ક્યુલસ વિમાનોમાં યુગાન્ડાના એન્ટેબે એરપોર્ટ જવા રવાના થઈ હતી. આ એરક્રાફ્ટની સાથે



બે બોઇંગ 707 એરક્રાફ્ટ હતા, જેમાંથી એકમાં મેડિકલ ટીમ હતી, જ્યારે બીજું મુસાફરોને પરત લાવવાનું હતું. ઈઝરાયેલ અને યુગાન્ડા વચ્ચે અંતર હતું 4 હજાર કિલોમિટર...!

યોનાતન ઈઝરાયેલી સેનાના સૌથી ચુનંદા કમાન્ડો યુનિટમાંના એકના વડા હતા. એકમનું નામ સીયેરેટ મત્કલ હતું. તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હતી અને આ વિમાનોમાં કેટલીક કાર પણ રાખવામાં આવી હતી. આ કાર કાળા રંગની મર્સિડીઝ હતી. હકીકતમાં, તે સમયે યુગાન્ડાના સરમુખત્યાર ઈદી અમીન માત્ર કાળી મર્સિડીઝ કારમાં જ ડ્રાઈવ કરતા હતા. વિચાર એવો હતો કે એરપોર્ટ પર ઉતરતાની સાથે જ તેમને આ કારોમાં ટર્મિનલ પર મોકલવામાં આવશે. જેથી યુગાન્ડાની સેનાને લાગે કે તે ઈદી અમીનનો કાફલો છે અને તેઓ સરળતાથી ટર્મિનલમાં પ્રવેશી શકે છે..

ઈઝરાયેલી વાયુસેનાના ચાર વિમાનો, ખૂબ જ નીચું ઉડતા અને એન્ટેબે એરપોર્ટના ટ્રાફિક નિયંત્રણને છેતરતા, રનવે પર ઉતર્યા. ચારેય વિમાનોને અંધારામાં એરપોર્ટ પર એવી રીતે લેન્ડ કરવામાં આવ્યા હતા કે યુગાન્ડા આર્મી અને ત્યાં હાજર આતંકવાદીઓને ખબર પણ ન પડી.100 ઈઝરાયેલ કમાન્ડોની ક્રેક ટીમને ત્રણ ભાગમાં વહેંચવામાં આવી હતી. આમાંથી એક ટીમને બંધક બનાવાયેલા મુસાફરોને બચાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું, જ્યારે બીજી ટીમને યુગાન્ડાની સેના અને આતંકવાદીઓનો મુકાબલો કરવાનો હતો. ત્રીજી ટીમની જવાબદારી બચાવી લેવામાં આવેલા મુસાફરોને તેમની સાથે લાવવામાં આવેલા ખાલી જહાજમાં બેસાડવાની હતી. પ્લેનનો કાર્ગો ગેટ પહેલેથી જ ખુલ્લો હતો. કાફલો વિમાનમાંથી ઉતર્યો. યુગાન્ડાના સૈનિકો થોડો સમય મૂંઝવણમાં મૂકાયા.

પરંતુ, એક સૈનિકને લાગ્યું કે કંઈક ખોટું છે. ત્યારબાદ કારમાં ઈઝરાયેલ તરફથી ગોળી ચલાવવામાં આવી હતી. ભૂલ માત્ર એટલી હતી કે બંદૂકમાં સાયલેન્સર નહોતું. બંદૂકની ગોળીના અવાજથી બધા સતર્ક થઈ ગયા. બિલ્ડીંગમાં પ્રવેશતાની સાથે જ ગોળીબાર શરૂ થઈ ગયો. ઈઝરાયલી કમાન્ડો માઈક પર અંગ્રેજી અને હિબ્રુમાં બૂમો પાડી રહ્યા હતા કે અમે ઈઝરાયેલના સૈનિક છીએ, આડા પડો, સૂઈ જાઓ. 3 અપહરણકર્તાઓને ઠાર કરવામાં આવ્યા હતા. જોકે ક્રોસ ફાયરિંગમાં બે બંધકો માર્યા ગયા હતા. બાકીના બંધકોને બચાવી લેવાયા હતા. ઈઝરાયેલી યુનિટ કમાન્ડર યોનાતન નેતન્યાહુ આગળ હતા. તેમની ટીમે બંધકોને છોડાવ્યા હતા.

ઈઝરાયેલી સેનાએ હાઈજેકર અને યુગાન્ડાના 50 સૈનિકોને મારી નાખ્યા. આ ઉપરાંત યુગાન્ડાના 30 વિમાનો પણ નાશ પામ્યા હતા જેથી કોઈ તેમનો પીછો ન કરી શકે. યુગાન્ડા તરફથી ફરીથી ક્રોસ ફાયરિંગ થયું ત્યારે બધું બરાબર ચાલી રહ્યું હતું. હુમલો ઝડપી હતો. પછી મોસાદ અને તેની ટીમનો સૌથી પ્રખ્યાત ચહેરો યોનાતન નેતન્યાહુને ગોળી વાગતા જીવ ગુમાવ્યો. આ સમગ્ર ઓપરેશનમાં મોસાદ માટે આ સૌથી મોટો ફટકો હતો. બધા ચિંતિત હતા, પરંતુ તેમના ચહેરા પર પણ ખુશી હતી. કારણ કે એક એવું ઓપરેશન કરવામાં આવ્યું જેના વિશે કોઈએ વિચાર્યું પણ ન હતું. જ્યારે તમામ ઈઝરાયેલીઓ સુરક્ષિત રીતે તેમના દેશમાં પરત ફર્યા ત્યારે તેઓનું હીરો તરીકે સ્વાગત કરવામાં આવ્યું હતું. જોનાથનને ગુમાવવાનું દુઃખ પણ હતું. તેને દેશમાં હીરોનો દરજ્જો મળ્યો. યોનાતનની યાદમાં મિશનનું નામ બદલીને 'ઓપરેશન યોનાતન' રાખવામાં આવ્યું.

ધર્મ

## નવરાત્રિમાં ઘટસ્થાપન માટેનું શુભ મુહૂર્ત...



હિન્દુ ધર્મમાં નવરાત્રિના 9 દિવસનું ખૂબ મહત્વ છે. આ 9 દિવસો દરમિયાન માતા જગદંબાની આરાધના કરવામાં આવે છે. નવરાત્રિના પ્રથમ દિવસે ઘરમાં ઘટસ્થાપના એટલે કે ગરબો પધરાવવામાં આવે છે અને સાથે જ અખંડ જ્યોતિ પ્રગટાવવામાં આવે છે. કલશની સ્થાપના કરવાની સાથે નવ દિવસ સુધી માં દુર્ગાના 9 સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે.

આસો માસની એકમની તિથિએ ઘટસ્થાપન કરવામાં આવે છે. ધર્મ અનુસાર ઘટસ્થાપન શુભ સમયે કરવું જોઈએ. કલશ અથવા ગરબાની સ્થાપનાનું વિશેષ મહત્વ છે. આ વર્ષે નવરાત્રિના પ્રથમ દિવસે દુર્લભ સંયોગો બની રહ્યા છે જેના કારણે નવરાત્રિ ખૂબ જ શુભ થવા જઈ રહી છે. જો કે નવરાત્રિના પ્રથમ દિવસે 3 કલાકનો સમય એવો છે જેમાં ઘટસ્થાપન કરવાની મનાઈ છે. તો ચાલો તમને જણાવી દઇએ કે માતાજીના ગરબાના ઘટસ્થાપના કરવાનો શુભ સમય કયો છે.....

એકમની તિથિ 14 ઓક્ટોબરે રાત્રે 11:24 વાગ્યે શરૂ થશે અને 15 ઓક્ટોબરે બપોરે 12:32 વાગ્યે સમાપ્ત થશે. જ્યારે શારદીય નવરાત્રિ માટે ગરબાની સ્થાપનાનો શુભ મુહૂર્ત બપોરે 11:45 સુધી રહેશે. ત્યારપછી 3 કલાક સુધી ઘટસ્થાપન કરવું નહીં. આ પછી બપોરે 2.45 વાગ્યા પછી ગરબાની સ્થાપના કરી શકાય છે. ઘટસ્થાપન સવારે 11:45 પહેલાં કરવું સૌથી વધુ શુભ રહેશે.

નવરાત્રીનો સમય ખૂબ જ પવિત્ર છે. આ સમય દરમિયાન કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. તેમજ કેટલીક ભૂલો કરવાથી બચવું જોઈએ.

નવરાત્રિના 9 દિવસ દરમિયાન ભુલથી પણ કોઈ મહિલા કે છોકરીનું અપમાન ન કરો. આમ કરવાથી માતા દુર્ગા નારાજ થશે. અને તમારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. નવરાત્રિના 9 દિવસ દરમિયાન તામસિક ભોજન ન કરવું. તામસિક વસ્તુઓ ઘરમાં પણ ન લાવવી. આ દિવસો દરમિયાન ઘરમાં પવિત્રતાનું ખાસ ધ્યાન રાખો.

નવરાત્રિ પહેલા ઘરની સારી રીતે સાફ કરો. ઘરમાંથી કચરો અને નકામી વસ્તુઓ ફેંકી દો.

પુસ્તક પરિચય



▪ રિપલકુમાર પરીખ

# દેશની લોકશાહીની પ્રતિષ્ઠાના લીરેલીરા ઉડાવતો કટોકટીનો ઈતિહાસ


ગુજરાત વંદન gujaratvandan.com

વર્ષ 1947ની 15મી ઓગસ્ટે દેશ આઝાદ થયો પછી ભારતમાં બનેલી સૌથી મોટી દુર્ઘટના કઈ? જવાબમાં કોઈ કુદરતી આફતનો નંબર લાગે તેમ નથી. ઈમરજન્સી દરમ્યાન જે કાળાં કૃત્યો ઈન્દિરા સરકાર તરફથી પ્રજાને માથે મારવામાં આવ્યાં તેનો ખરો ખ્યાલ નવી પેઢીને આવી જ ન શકે. એવાં યુવક-યુવતીઓને કેવળ એક જ પુસ્તક વાંચવાની ભલામણ કરવી છે----'ધી ઈમર્જન્સી'. લેખિકા: કૂમિ કપૂર, ગુજરાતી અનુવાદ: સૌરભ શાહ.

- ગુણવંત શાહ (પ્રખર વિચારક, લોકપ્રિય નિબંધકાર-વક્તા. કટારલેખક: દિવ્ય ભાસ્કર)

'કટોકટી'નો શાબ્દિક અર્થ થાય છે - છેક છેલ્લાં સમય કે સ્થિતિએ મુશ્કેલી ભરેલી સ્થિતિ. જ્યારે કે બંધારણ મુજબ કટોકટી એટલે - કલમ ઉપર અન્વયે મૂળભૂત અધિકારો અને વ્યક્તિસ્વાતંત્ર્ય કામચલાઉ ધોરણે મોકૂફ રાખતી સરકારી જાહેરાત. 25 જૂન, 1975થી તે 21 માર્ચ, 1977 સુધી આપણાં દેશમાં ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદી દીધી હતી. આ 19 મહિનામાં આપણાં દેશમાં શું શું ઘટનાઓ બની હતી? ઈન્દિરા ગાંધીએ એક કટોકટી ચાલુ હોવા છતાં પણ સમગ્ર દેશમાં બીજી કટોકટી કેમ લાદી દીધી હતી? એક પરિવારે પોતાની સત્તાનો કેવો ક્રૂર દૂરુપયોગ કર્યો હતો? દેશની લોકશાહીની પ્રતિષ્ઠાના લીરેલીરા ઉડાવતો કટોકટીનો જાતે જોયેલો અને અનુભવેલો ઈતિહાસ એટલે એક ઐતિહાસિક પુસ્તક - 'ધી ઈમરજન્સી.' લેખિકા : કૂમી કપૂર, ગુજરાતી અનુવાદ: સૌરભ શાહ.

મૂળભૂત રીતે આ ઘટનાની શરુઆત થાય છે માર્ચ- 1971ની લોકસભાની ચૂંટણીથી કે જેમાં રાયબરેલી બેઠક પરથી ઈન્દિરા ગાંધી ચૂંટણી લડ્યા અને ગોટાળા કરીને કેવી રીતે ચૂંટણી જીતી ગયા ત્યાંથી. ઈન્દિરા ગાંધીની સામે રાયબરેલી બેઠક પરથી ચૂંટણી સમાજવાદી પક્ષનાં નેતા રાજનારાયણે અલાહાબાદ હાઈ કોર્ટમાં અરજી કરી. આ ચુંટણીનાં પરિમાણની સુનાવણી ચાર વર્ષ સુધી ચાલી અને 12 જૂન 1975નાં રોજ હાઈકોર્ટનાં જસ્ટિસ જગમોહનલાલ સિન્હાએ 258 પાનાંનો ઑપરેટિવ પાર્ટ ભરી અદાલતમાં વાંચ્યો, તેમણે આવતાં છ વર્ષ સુધી ઈન્દિરા ગાંધી વડાં પ્રધાનપદે કે સંસદસભ્યપદે નહીં રહી શકે એવો ઐતિહાસિક ઑર્ડર જારી કર્યો હતો. મિસિસ ગાંધીએ 24 જૂને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી, સુપ્રીમ કોર્ટે ઈન્દિરા ગાંધીને મામૂલી રાહત આપતાં કહ્યું કે જ્યાં સુધી આ સર્વોચ્ચ અદાલત વડાં પ્રધાનની અરજીનો નિકાલ ન કરે ત્યાં સુધી તેઓ પોતાનાં પદ પર ચાલુ રહી શકે છે પણ સંસદમાં મત આપવાનો એમને કોઈ અધિકાર નહીં રહે. આમ પ્રેક્ટીકલી ઈન્દિરા ગાંધી સંસદસભ્ય મટી જતાં હતાં. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી શ્રીમતી ગાંધીનું આસન ડગુમગુ થઈ જતું હતું. તે ઉપરાંત 25 જૂનની જયપ્રકાશ નારાયણની રેલીએ ઈન્દિરા ગાંધીની ખુરશીનાં પાયા હચમચાવી નાખ્યાં અને તેમને દેશને 'શૉક ટ્રીટમેન્ટ' આપવી જરૂરી લાગી. સફળ ધારાશાસ્ત્રી સિદ્ધાર્થ શંકરે મિસિસ ગાંધીને એવી પટ્ટી પઢાવી કે આમેય 1971ના પાકિસ્તાન સાથેનાં યુદ્ધ વખતે લાદેલી ઈમરજન્સી તો હજુય દેશમાં અમલમાં છે જ. તો પછી બંધારણની કલમ 352 (1) હેઠળ દેશની અંદરનાં તત્વોથી ઊભા થયેલા ખતરાને પહોંચી વળવા એક આંતરિક કટોકટી - ઈન્ટરનલ ઈમરજન્સી જાહેર કરવામાં કશો વાંધો નથી. મિસિસ ગાંધી માટે ભાવતું'તું ને વૈદ્યે કહ્યું જેવી સલાહ હતી અને સમગ્ર દેશમાં લાગુ થઈ




(અનુસંધાન પેજ નં.6 પર)

રસદર્શન

# જે શબ્દને સાધે છે, દિવસ-રાત એક કરે છે તે વ્યક્તિત્વની વાત છે..

ગુજરાત વંદન gujaratvandan.com

**કવિ**

જળમાં
જાળ
ફેંકીને
બેઠો છે
કાંઠા પર
મૂંગા માછીમાર
જેમ
એક
શબ્દ માટે
એક કવિ

_મહેન્દ્ર જોશી

પોતાની પાંપણ વડે આંખોને માંજીને અક્ષર અક્ષરથી શબ્દ સુધી ,શબ્દથી સર્જન સુધી ,સર્જનથી ભાવક સુધી અને ભાવક થી ભુવન સુધી પહોંચનાર જે વ્યક્તિત્વ છે તે વ્યક્તિત્વની વાત છે.

શબ્દ ન હો સંવાદ ન હોય અને સંવાદ ન હો તો વાક્ વિનિમય ન હોય.

શબ્દને લાડ લડાવનાર અને માવજતથી પોષનાર ઉપર્યુક્ત ઉપયોગ કરનાર ભાષાના ખૂબ જ લાડકા એવા વ્યક્તિત્વની વાત છે.

એક ઉચિત શબ્દ માટે કેટકેટલી સાધના કેટલી તપસ્યા અને કેટલીએ રાતના ઉજાગરા જેણે કર્યા છે તેવા વ્યક્તિત્વની વાત છે.

જે શબ્દને સાધે છે ,આરાધે છે અને એ શબ્દ માટે દિવસ-રાત એક કરે છે તે વ્યક્તિત્વની વાત છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે શબ્દ તો બ્રહ્મ છે એટલે શબ્દ પોતે જ એક એવું વિશ્વ છે કે જેનું માપ અમાપ છે, અને આ બ્રહ્મ સાથે જે વ્યક્તિ ભગીરથ રીતે જોડાયેલો છે તે વ્યક્તિત્વની વાત છે.

શબ્દ એટલે અવાજ , વચન અથવા બોલ કે રવ એવા ઘણા બધા અર્થ પુરાણ થી અત્યાર સુધીમાં થતા આવ્યા છે આ તમામ શબ્દોની અર્થછાયા ઘણી જ બહોળી છે. દરેક શબ્દની વ્યુત્પત્તિ હોય છે, દરેક શબ્દનાં તેના મૂળ હોય છે અને પ્રત્યેક શબ્દની પોતાની વિકાસયાત્રા હોય છે, અને આ વિકાસ યાત્રામાં પોતાનું યોગદાન આપનાર વ્યક્તિત્વની વાત છે.

લિપિ ની શરૂઆત થઈ તે પૂર્વે ના શબ્દો હયાત છે એટલે કે શબ્દ સૃષ્ટિના સર્જનની સાથે આવ્યા છે એટલે કે શબ્દ અનાદિ છે અને અનાદિકાળથી આ શબ્દ સાથે સદેહે જોડાયેલો છે તે વ્યક્તિત્વની વાત છે.



શબ્દ સ્વયં વિહરી શકે છે, શબ્દની સાથે ચાલવું કે શબ્દ થકી જીવવું જે જાણે છે તે વ્યક્તિત્વની વાત છે.

શબ્દો નવા આવે છે અને લુપ્ત થતા જાય છે. સમયાંતરે નવસંસ્કરણ પણ પામે છે. પણ આ સંસ્કરણ વિધિ જેણે અનાદિકાળથી ટકાવી રાખી છે, કે જેનુ શ્રેય સમસ્ત ભાષાનું પ્રતિનિધિત્વ કરનાર, સાહિત્યનું વર્ધન કરનાર એ

હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

સુરતમાં વિવિધ 32 સમાજની ચિંતન શિબિરમાં લેવાયો નિર્ણય

## વિવાદ: પ્રેમ લગ્નોમાં માતા-પિતાની સહી ફરજિયાત કરવા માંગણી

ગુજરાત વંદન

ગુજરાતમાં છેલ્લાં કેટલાક સમયથી પ્રેમલગ્નોમાં માતાપિતાની સહી ફરજિયાત કરવાનો મામલો સમયાંતરે ચર્ચામાં આવતો રહે છે ત્યારે વધુ એકવાર તે સુરતના એક કાર્યક્રમ બાદ ચર્ચામાં આવ્યો છે. અહીં કાપોદરા ખાતે યોજાયેલી ચિંતન શિબિરમાં પાટીદાર, રાજપૂત, આહિર, પ્રજાપતિ સહિત વિવિધ 32 સમાજના અગ્રણીઓએ હાજરી આપી હતી. સરદાર પટેલ ગ્રુપ(SPG) દ્વારા આયોજિત આ ચિંતન શિબિરમાં તેના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલ પણ હાજર રહ્યા હતા.

આ શિબિર ગેરરીતિથી થતાં પ્રેમ લગ્ન અટકાવવા માટે યોજાઈ હોવાનું કહેવાય છે. જેમાં આ પ્રકારના પ્રેમ લગ્નનને અટકાવવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. SPG દ્વારા પ્રેમ લગ્નને લઈ ૪ જેટલા મુદ્દાઓ



સરકાર સમક્ષ રજૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં પ્રેમ લગ્નમાં માતા પિતાની સહી ફરજિયાત કરવાનો મુદ્દો સૌથી ઉપર રહ્યો હતો. એસપીજીના લાલજી પટેલે જો આ માંગ નહી સંતોષાય તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

એસપીજીના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલ દ્વારા થોડા મહિના પહેલા લવ મેરેજ એક્ટમાં સુધારા કરવા માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. વિધર્મીઓ દ્વારા હિન્દૂ યુવતીને લવ જેહાદમાં ફસાવી તેની સાથે ખીલવાડ કરવામાં આવતો હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે તેને લઈને પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

ચિંતન બેઠક મુખ્યત્વે પ્રેમ લગ્નને લઈ ૪ જેટલા મુદ્દાઓ સરકાર સમક્ષ રજૂ કર્યા છે. જેમાં જેતે ગામમાં સ્થળે જ લગ્ન નોંધણી, લગ્ન નોંધણીમાં જેતે પોલીસનું વેરિફિકેશન, તલાટીથી લઈ મામલતદાર સુધીના ડોક્યુમેન્ટ વેરિફિકેશન તેમજ પ્રેમ લગ્નમાં માતા પિતાની સહી ફરજિયાત કરવાની માંગણી કરવામાં આવી છે.

ગાંધીનગર ખાતે જઇને મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરતાં ખાતરી મળી

## કચ્છમાં શિક્ષકોની ઘટનો કાયમી ઉકેલ લાવવા સાંસદ-ધારાસભ્યોની માંગણી

### કચ્છની શિક્ષક ઘટની સમસ્યાનો ઉકેલ આવે એવી આશા

ગુજરાત વંદન

ગાંધીનગર ખાતે કચ્છની વર્ષોથી રહેતી શિક્ષક ઘટની સમસ્યાના કાયમી ઉકેલ માટેની રજૂઆત કરાઈ હતી. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિકમાં શિક્ષક ઘટની સમસ્યાનું કાયમી સમાધાન થાય તે માટે કચ્છ ટાટ ગ્રુપના પ્રમુખ તખતાસિંહ સોઢા અને પ્રતિનિધિમંડળે ગાંધીનગર મુકામે આ મુજબની રજૂઆત કરી હતી.

કચ્છના પાંચ ધારાસભ્ય, સાંસદ, કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખ અને કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખે કચ્છમાં શિક્ષક ઘટની સમસ્યાનો કાયમી ઉકેલ એ સ્થાનિક ભરતીમાં રહેલો છે, તેવું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ભારપૂર્વક કહ્યું હતું અને સ્થાનિક ભરતી માટેનો માર્ગ મોકળો કરવા રજૂઆતો કરી હતી.

મુખ્યમંત્રીની વિશેષ ઉપસ્થિતિમાં શિક્ષણમંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાએ કચ્છની શિક્ષક ઘટની સમસ્યાનો હકારાત્મક ઉકેલ લાવશું તેવી ખાતરી આપી હતી. એ ઉપરાંત કચ્છ યુનિ.ના નોન ટીચિંગ સ્ટાફની ભરતી માટેના મુદ્દા ઉપર પણ મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ, જેનો પણ હકારાત્મક ઉકેલ આવશે એવી ખાતરી મળી હતી.

કચ્છના શિક્ષક ઘટની સમસ્યાનો કાયમી ઉકેલ એ કચ્છની સ્થાનિક ભરતીમાં જ રહેલો છે તેવું કચ્છ ટાટ ગ્રુપ છેલ્લા ત્રણ વર્ષથી લેખિતમાં રજૂઆતો અને ગાંધીનગર મુકામે રૂબરૂ મળીને કરતું આવ્યું છે અને અગાઉ પણ ધારાસભ્યો અને સાંસદની આગેવાનીમાં રજૂઆતો થઈ ચૂકી છે. હવે કચ્છને સ્થાનિક ભરતીનું પ્રાવધાન થાય અને કચ્છની શિક્ષક ઘટની સમસ્યાનો કાયમી ધોરણે ઉકેલ આવે એવી આશા સેવાઈ રહી છે.

## રાજકોટમાં રૂા.1467 કરોડના બોગસ બિલીંગકાંડમાં હિતેષ લોઢીયાની ધરપકડ

ગુજરાત વંદન

રાજકોટમાં સોના અને હિરાનાં મોટા ગજાનાં વેપારી ઉપર ડીજીજીઆઈની ટીમે દરોડા પાડી રૂા. ૧૪૬૭ કરોડનાં બોગસ બીલના કૌભાંડનો પર્દાફાશ કરતા સોની બજારમાં ખળભળાટ મચી ગયો હતો. બોગસ બિલીંગ કૌભાંડમાં આસ્થા ટ્રેડર્સના વેપારી હતાં. હિતેશ પ્રભુદાસભાઈ લોઢીયાની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

સેન્ટ્રલ જીએસટીની ડીજીજીઆઈની ટીમે પૂર્વ બાતમીના આધારે ગઈકાલ અને આજે સોના-ચાંદી - હિરાનાં બુલીયન માર્કેટ સાથે સંકળાયેલા આસ્થા ટ્રેડીંગનાં સંકુલમાં તપાસ હાથ ધરતા રૂા. ૧૪૬૭ કરોડનું બોગસ બીલીંગ કૌભાંડ ઝડપી લેવામાં આવ્યું હતું. આ કૌભાંડનો આંકડો વધવાની ટીમે શંકા વ્યક્ત કરી છે.

બે દિવસના સર્ચ દરમિયાન ડીજીજીઆઈની ટીમે એક



લેપટોપ, બે મોબાઈલ સહિતનું સાહિત્ય કબ્જે કર્યું છે. દરમિયાન ડીજીજીઆઈની ટીમે આસ્થા ટ્રેડર્સના માલિક હિતેશ લોઢીયાની પૂછપરછ કરતા તેમણે જણાવ્યું હતું કે, તેની પેઢીનો તમામ વહીવટ તે પોતે કરે છે. તેણે કોઈ પણ માલ સપ્લાય કર્યા વગર ૧૫થી વધુ બોગસ પેઢી પાસેથી ઈન્પૂટ ટેકસ ક્રેડિટ માટે બોગસ ઈનવોઈસ મેળવ્યા હતાં.

આ ઉપરાંત ૪૮ નકલી પેઢીનાં ઈન્વોઈસ ઈસ્યુ કરી આઈટીસી પાસ કરવામાં આવ્યા હતાં. આમ સેન્ટ્રલ જીએસટી સાથે રૂા. ૪૪ કરોડની કરચોરી કરવામાં આવી હતી. આ કૌભાંડમાં સોના-ચાંદીના વેપારી હિતેશ લોઢીયા ઉપરાંત અન્ય કેટલાક વેપારીઓ પણ સંડોવાયેલા હોવાની શક્યતા છે. જેની તપાસ ચાલી રહી છે.

ડીજીજીઆઈના સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, આસ્થા ટ્રેડીંગના નામે ૬૫૦ કરોડ રૂપિયાનું બેકીંગ ચેનલ મારફત પણ ચૂકવણું કરવામાં આવ્યું છે. તેમાં પણ નકલી ઈનવોઈસ આપવામાં આવ્યા છે. માલસામનની ખરીદી કર્યા વગર જ આટલી જંગી રકમની ચૂકવણી કરવામાં આવી છે. આમ રાજકોટના સોના ચાંદીના વેપારીએ રૂા. ૧૪૬૭ કરોડનું મસમોટું કૌભાંડ આચરતા વેપારી હિતેશ લોઢીયાને રાજકોટના ચીફ જ્યુડીશ્યલમેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવતા ૧૪ દિવસના રિમાન્ડ ઉપર સોંપવામાં આવ્યા છે.

સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, પાંચ કરોડની ટેકસચોરીમાં પાંચ વર્ષની સજા અને પેનલ્ટીની જોગવાઈ છે. અત્યાર સુધીમાં ૪૪ કરોડની જીએસટી ચોરી કરવામાં આવી છે. જે આંકડો વધવાની શક્યતા છે.

453 કનેક્શનની તપાસમાં 48 કનેક્શનમાં ગેરરીતિ જોવા મળી

## મુંદ્રા વિસ્તારમાંથી 13.45 લાખની વીજચોરી ઝડપાઈ

ગુજરાત વંદન

કચ્છમાં વીજચોરી કરતા તત્ત્વો પર કોર્પોરેટ કક્ષાએથી લગામ કસવાનું જારી રહ્યું છે. મુંદરા વિસ્તારમાં હાથ ધરાયેલી ચેકિંગ ઝુંબેશ દરમ્યાન 13.45 લાખની વીજચોરી પકડાઈ છે.

માંડવી ડિવિઝનના જે. એમ. કાપડિયાએ પાઠવેલી સત્તાવાર યાદી અનુસાર, કોર્પોરેટ કક્ષાએથી ભુજ સર્કલ હેઠળના માંડવી ડિવિઝનમાં આવતા મુંદરા-1 અને મુંદરા-2માં સમાવિષ્ટ વિસ્તારમાં 32 ટીમો તપાસ માટે ઊતરી હતી. આખા દિવસની તપાસણી દરમ્યાન 453 કનેક્શનની તપાસણી કરવામાં આવી, જેમાંથી 48 કનેક્શનમાં ગેરરીતિ ઝડપાઈ હતી.



વીજચોરીનો આંક 13.45 લાખ આંકવામાં આવ્યો હતો. નોંધનીય છે કે મુંદરાની લોર્ડ્ઝ હોટેલમાં મીટર સાથે ચેડાં કરી વીજચોરી કરાતી હોવાનું ધ્યાને આવતાં 55 લાખની વીજચોરી પકડી પાડયા બાદ આગળ ધપેલી ઝુંબેશમાં વધુ ગેરરીતિ ઝડપાવા પામી હતી. વીજચોરો પર લગામ કસાતાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

ઇઝરાયેલના તેલઅવીવમાં સુરતના 20 ઉદ્યોગકારોનો કારોબાર ઠપ્પ

## સુરતના હીરા ઉદ્યોગ પર છવાયા ઈઝરાયલ-હમાસ યુદ્ધના ઓછાયા



ગુજરાત વંદન

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર સુરતના હીરા ઉદ્યોગ પર દેખાઈ રહી છે. કારણ કે, આ યુદ્ધના કારણે 4200 કરોડના હીરાના વેપાર પર અસર થશે. આ કહેવાનું કારણ એવું છે કે, ઈઝરાયેલના તેલઅવીવમાં સુરતના 20 ઉદ્યોગકારોનું કામ ઠપ થઈ ગયું છે. મહત્વની વાત કહી શકાય કે, ઈઝરાયેલથી 3400 કરોડની રફ અને 800 કરોડના પોલીસ સ્ટેશન ડાયમંડનો ધંધો છે. હાલ પરિસ્થિતિને જોતા હીરા ઉદ્યોગ વધુ કપરી પરિસ્થિતિમાં મુકાય તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. બીજી તરફ, દિવાળી વેકેશન વહેલું પડે તેવી શક્યતાઓને પણ નકારી ન શકાય.

ડાયમંડ સિટી સુરત હાલ મંદીના માહોલમાંથી પસાર થઈ રહ્યું છે. યુક્રેન અને રશિયા વચ્ચે જે યુદ્ધ ચાલી રહ્યું છે તેની અસર સુરતના હીરા ઉદ્યોગ પર દેખાઈ રહી છે. તેવામાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે જે યુદ્ધ શરૂ થયું છે તેની અસર પણ સુરતના હીરા ઉદ્યોગ પર દેખાઈ રહી છે. સુરતથી ઈઝરાયેલ વચ્ચે અંદાજિત 4,200 કરોડનો હીરાનો વેપાર છે અને યુદ્ધના કારણે આ હીરાના વેપારને અસર થઈ છે. એવી પણ માહિતી સામે આવી રહી છે કે ઈઝરાયેલના તેલઅવીવમાં સુરતના 20 જેટલા ઉદ્યોગકારોની ઓફિસ કાર્યરત છે. આ ઓફિસો થકી 3400 કરોડ રૂપિયાની રફના તેમજ 800 કરોડ રૂપિયાના પોલિશ્ડ ડાયમંડનો વેપાર થઈ રહ્યો હોવાનો એક અંદાજ છે.

એક તરફ મંદીના માહોલ વચ્ચે ડાયમંડ સિટીમાં રત્ન કલાકારો મુશ્કેલીમાં મુકાયા છે, ત્યારે ઉદ્યોગકારોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેવામાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે જે યુદ્ધ શરૂ થયું છે તે સુરતના હીરા ઉદ્યોગકારો માટે પડતા પર પાટું સમાન કહી શકાય. હાલ અમેરિકા અને યુરોપ સહિતના દેશોમાં મંદીનું વાતાવરણ છે. તેવામાં યુદ્ધની પરિસ્થિતિના કારણે હીરા ઉદ્યોગમાં વધુ કપરી પરિસ્થિતિ સર્જાય તેવી શક્યતાઓ પણ દેખાઈ રહી છે.

મહત્વની વાત કહી શકાય કે, એક તરફ પોલિશ્ડ ડાયમંડની માંગ ઘટી રહી છે તો રફ હીરાની કિંમતમાં વધારો થઈ રહ્યો છે. સુરતના ઉદ્યોગકારો પાસે પોલિશ્ડ હીરાનો સ્ટોક વધી રહ્યો છે. એટલા માટે રફની આયાતને નિયંત્રિત કરવાના પણ પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે.

ટુર ઓપરેટરે 1.07 કરોડ ન ચૂકવતા તેની સજા પ્રવાસીઓને ભોગવવી પડી

## વિયેતનામ એરપોર્ટમાં 157 ગુજરાતીઓને બંધક બનાવાયા, આખરે છુટકારો થયો...

ગુજરાત વંદન

ગુજરાતીઓ ફરવાના શોખીન હોય છે. રજા મળે એટલે ફરવા ઉપડી જાય. પરંતુ ક્યારેક ગુજરાતીઓને ફરવાનો શોખ મોંઘો પડી જાય છે. થાઈલેન્ડ બાદ વિયેતનામ ગુજરાતીઓ માટે નવુ ટ્રાવેલ ડેસ્ટિનેશન બન્યું છે. પરંતુ વિયેતનામ ફરવા ગયેલા ગુજરાતીઓને કડવો અનુભવ થયો હતો. સુરતથી વિયેતનામ ફરવા ગયેલા 157 સુરતીઓને બંધક બનાવાયા છે. ભારતીય દૂતાવાસે મધ્યસ્થી કરતા 10 કલાક બાદ તમામ સુરતીઓનો હેમખેમ છુટકારો થયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના લેઉવા પાટીદાર સમાજના ૩૫૦ લોકો વિયેતનામ ફરવા ગયા હતા. લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ દ્વારા વિયેતનામ ટૂરનું આયોજન કરાયુ હતું. પરંતુ સુરતના ટૂર ઓપરેટરે ૧.૦૭ કરોડ નહીં ચૂકવ્યાનો આક્ષેપ થયો હતો, જેથી એરપોર્ટ પર જ તમામ પ્રવાસીઓને અટકાવાયા હતા. સુરતના 157 લોકોને વિયેતનામમાં બંધક બનાવાયા હતા. ૧૨મીએ સુરત આવવા નીકળેલા ગ્રૂપના ત્રણ સભ્યોને વિયેતનામ અટકાવાયા હતા. આમ, પરંતુ આ બાદ ભારતીય દૂતાવાસે મધ્યસ્થી કરતા 10 કલાક બાદ સુરતીઓનો હેમખેમ છુટકારો થયો હતો. હાલ તમામ પ્રવાસીઓ સુરત આવવા રવાના થયા છે.

ભાજપના સાંસદનો જ ચોકાવનારો આરોપ

## દારુના ધંધા પેટે એલસીબી મહિને 35 લાખનો હપ્તો ઉઘરાવે છે: વસાવા

ગુજરાત વંદન

નર્મદા જિલ્લાના ડેડીયાપાડાના કોલીવાડા ખાતે 'મેરી મિટ્ટી મેરા દેશ' કાર્યક્રમમાં ઉપસ્થિત ભાજપ સાંસદ મનસુખ વસાવાએ નર્મદા પોલીસ પર ગંભીર આક્ષેપો લગાવ્યા હોવાનું સામે આવ્યું છે. તેમણે LCB પર આક્ષેપ લગાવ્યા છે કે , તે લાખો રુપિયાનો હપ્તો લઈને દારુનો ધંધો ચલાવે છે. તેમના આ નિવેદનથી ભારે ખળભળાટ મચી ગયો છે.

ભાજપ સાંસદ મનસુખ વસાવા અવાર નવાર પોતાના જિલ્લાના વિવિધ પ્રશ્નો ઉઠાવતા રહે છે. ત્યારે આજે મનસુખ વસાવાએ પોતાના જિલ્લામાં ચાલતા દારુના ધંધાને લઈને LCB પર ગંભીર આક્ષેપો લગાવ્યા છે. સાંસદ



મનસુખ વસાવાએ કહ્યું કે, નર્મદા જિલ્લાનું LCB ના અધિકારીઓ ઉપર રહીને આવા અડ્ડા ચલાવે છે. સોલિયામાં દર મહિને 35 લાખ રૂપિયા પોલીસ હપ્તો લે છે. ભાજપના કાર્યકરો દિવસ રાત મેહનત કરી વ્યસન મુક્તિ અભિયાન ચલાવે છે અને બીજા લોકો એના પર પથારી ફેરવી નાખે છે. ,આવા લોકોથી ડરવાનું નથી આપણે સત્યના માર્ગે ચાલવાનું છે.

રાજકીય પાર્ટીઓ બુટલેગરોને પોતાનામાં જોડી દીધા

વધુમાં તેમણે કહ્યું કે, ચિત્રોલ-મયાસીમાં ભુતકાળમાં કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો હતો, અને હાલમાં પણ ત્યાં મોટા પાયે દારૂનો ધંધો ચાલું થઈ ગયો છે. આ તિલકવાડામાં કેટલીક રાજકીય પાર્ટીઓએ બુટલેગરોને પોતાનામાં જોડી દીધા છે. આવા લોકોને પણ ખુલ્લા પાડવા પડે. ચિકદામાં આંકડા-જુગારના ધંધામાં કરોડો રૂપિયાનું ટર્નઓવર થાય છે.

વધુમાં તેમણે કહ્યું કે, ડેડીયાપાડાના સોલીયામાં બુટલેગરો ફાટી નીકળ્યા છે, તે રોકવું પડે નહીંતર તે લોકો યુવાપેઢીને બરબાદ કરી નાખે. સમાજને નુકસાન પહોંચાડ રહ્યા છે. યુવાપેઢીને બરબાદ કરી રહ્યા છે.

## પોલીસ કર્મી વારસદારને પેંશન અર્પણ કરતા જામનગર એસપી

ગુજરાત વંદન

નર્મદા જિલ્લાનાજામનગર જીલ્લા પોલીસ વિભાગ હેઠળ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પો.કોન્સટેબલ વસંતભાઈ રાણાભાઈ મીયાત્રા સરકારી કામ સબબ જતા વાહન અકસ્માત થયેલ હતો. અને જેઓને માથાના ભાગમાં ઈજા થતા કોમામાં સરી પડેલા હતા. અને લાંબા સમય સુધી કોમામાં રહેલ જેને કારણે તેઓના પરીવારને આર્થિક ખુબ જ ખર્ચ થવા પામેલ. આ દરમ્યાન તેઓના પત્નિનું પણ દુખઃદ અવસાન થયેલ હતું. અને કોમાંમાં બે-વર્ષ ઉપરાંતના લાંબા સમય બાદ વસંતભાઈ મીયાત્રાનું અવસાન થયેલ હતુ. સરકાર દ્વારા જે તે સમયે વારસદારોને કુટૂંબ પેન્શન યોજનાની કોઈ સુવિધા

## રાજકોટમાં નવરાત્રિના ગરબામાં દિલ્હી-લુધિયાણાના ઢોલ ઢબુકશે

### ગુજરાતી ટ્રેન્ડિંગ સોંગ સાથે બોલીવુડ અને પંજાબી સોંગનું મિક્સઅપ સાંભળવા મળશે

ગુજરાત વંદન

રાજકોટવાસીઓને નવરાત્રીમાં થનગનાટ કરાવવા દિલ્હી-લુધીયાણાના DJ અને ગુજરાતી કલાકારો મેદાને આવ્યા છે. રસોત્સવના આયોજકો આ વખતે મેડિકલ સુવિધા સહિત ગ્રાઉન્ડ સજ્જ કરી દીધા છે. . 15 મી ઓક્ટોબરે પહેલાં નોરતાનો પ્રારંભ થશે. ખાસ કરીને રાજકોટમાં દિલ્હી-લુધિયાણાના DJ,ગુજરાતી કલાકારો ધૂમ મચાવશે. . . ખેલૈયાઓને થનગનાટ સાથે આરોગ્યનું પણ ધ્યાન રખાશે.

સમગ્ર ગુજરાતમાં ખેલૈયાઓ નવરાત્રિને લઈને થનગની રહ્યા છે. રાજકોટમાં તો નવરાત્રી પહેલા જ વેલકમ નવરાત્રીના આયોજનો શરૂ થઈ ચૂકી છે. રાજકોટના મધુરમ કલબ દ્વારા DJ WARનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દિલ્હી, લુધિયાણા, ચંદીગઢના DJ રાજકોટવાસીઓને થનગનાટ કરાવવા પહોંચી ગયા છે. આ વખતે ગરમા ગરમ શિરો, ટીટોડો, ભગવા રંગ સહિતના ગુજરાતી ટ્રેન્ડિંગ સોંગ સાથે બોલીવુડના ટ્રેન્ડિંગ સોંગ અને પંજાબી સોંગનું મિક્સઅપ સાંભળવા મળશે, એવું નવરાત્રિના આયોજક મિલન કોઠારીએ જણાવ્યું હતું.

તો બીજી તરફ આ વખતે ખોડલધામ નવરાત્રી આયોજનની



સામે સરદારધામ દ્વારા નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 7000 ખેલૈયાઓ ગરબા રમી શકે તેવું વિશાળ ગ્રાઉન્ડ, 8 હજાર મેગા વોર્ટના સાઉન્ડ સિસ્ટમ ગોઠવવામાં આવી છે. એટલું જ નહીં વધતા હાર્ટ એટેકના કેસને ખાસ ધ્યાનમાં રાખીને ગોકુલ હોસ્પિટલના નિષ્ણાંત તબીબોની ટીમ ખડે પગે રહેશે. જો ઈમરજન્સીની જરૂર પડે તો ગ્રીન કોરિડોર અને ગ્રાઉન્ડમાં એમ્બ્યુલન્સ સ્ટેન્ડ ટુ રાખવામાં આવશે. લોકગાયક બિરજુ બારોટે પણ લોકોને અપીલ કરી હતી કે, માતાજીને પ્રાર્થના કરીએ કે હાર્ટ એટેકના કેસ ન બને પણ ઈમરજન્સી થાય તો એમ્બ્યુલન્સ સેવા તૈનાત રાખવામાં આવી છે. હોસ્પિટલના નિષ્ણાત તબીબો અને ખાસ હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે .પ્રાચીન ગરબાની સાથે અર્વાચીન રસોત્સવના મોટા પ્રમાણમાં આયોજનો થઈ રહ્યા છે. 15 તારીખે પહેલું નોરતું છે તે પહેલાં જ રાજકોટમાં વેલકમ નવરાત્રીના આયોજનો થવા લાગ્યા છે.

અનુસંધાન પેજ 12 પરથી...

### નવરાત્રિમાં મેઘરાજા...

જોકે ફરી વરસાદી માહોલ થવાના હવામાન ખાતા દ્વારા સંકેતો આપવામાં આવ્યાં છે. હવામાન ખાતાએ પ્રસિદ્ધ કરેલી અમદાવાદ શહેરમાં આગામી એક-બે વિગતો મુજબ, રવિવારના રોજ દિવસમાં વાતાવરણમાં પલટો શરૂ થવાની અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

### PDEU દ્વારા...

દ્વારા નાણાકીય સહાય કરવામાં આવી હતી. શ્રેષ્ઠ પોસ્ટર અને ઓરલ એવોર્ડ એસીએસ દ્વારા પ્રાયોજિત કરવામાં આવ્યા હતા. કોન્ફરન્સ વિજેતાઓને પુરસ્કાર વિતરણ અને બધાને સલામત પ્રવાસની શુભેચ્છાઓ સાથે સમાપ્ત થઈ.

### શ્રી પ્રાણનાથજીના...

ટ્રસ્ટી ગૌતમભાઈ ઠક્કર, મનસુખભાઈ સંઘાણી, શશી મિતલ, અમિતભાઈ ભાવસાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહામતિ શ્રી પ્રાણનાથજીના 405માં પ્રાગટ્યોત્સવ નિમિત્તે વિશાળ શોભાયાત્રા નીકળી હતી. અને દેશ વિદેશમાંથી ઉપસ્થિત સુંદરસાથજી ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

### બજારમાં 10ના...

ડિઝાઈન સાથે બહાર પડાયો છે. ભારતમાં હાલમાં 1 રૂપિયાનો સિક્કો છાપવા માટે 70 પૈસાનો ખર્ચ થાય છે. જ્યારે 10 રૂપિયાનો સિક્કો છાપવા માટે 6.10 રૂપિયાનો ખર્ચ થાય છે. દર વર્ષે સરકાર દ્વારા નવી નોટ છાપવા પાછળ થતા ખર્ચને ઘટાડવા માટે વધુ પ્રમાણમાં સિક્કાઓ છાપવામાં આવે છે. કારણ કે, નોટનું આયુષ્ય માત્ર એક વર્ષ જેટલું જ હોય છે.

### હોટેલ ગ્રાન્ડ...

જ્યાં આ પરિવારને કડવો અનુભવ થયો હતો. સમગ્ર મામલે જાણ થતા આ બાબતે હોટેલના મેનેજરે ભૂલ કબૂલ કરી હતી. શહેરમાં છેલ્લા બે દિવસથી વાયરલ વીડિયોએ ભારે ચર્ચા જગાવી છે. ઘટના સામે આવ્યા બાદ પાટણ ફૂડ એન્ડ ડ્રગ ડિપાર્ટમેન્ટ સામે સવાલો ઉઠયા છે.

એટલું જ નહીં આ વીડિયો સામે આવ્યા બાદ પણ હજુ સુધી કોઈ જ કાર્યવાહી ન થતા પરિવાર નિરાશ થયો છે. પાટણ શહેરમાં ખુલેલી રેસ્ટોરન્ટમાં નિયમોના ધજાગરા ઉડી રહ્યા છે. વહીવટી તંત્ર સામે માત્ર એકાદ બે નાની હોટેલમાં તપાસ કરી કામગીરી કર્યાનો સંતોષ માનતુ હોવાના આક્ષેપો છે.

અનુસંધાન પેજ 1 પરથી...

### ઈઝરાયેલી સેના...

વિમાન, 300 ટેન્ક સાથે ઈઝરાયેલ હુમલા માટે તૈયાર છે. આ સાથે ઈઝરાયેલે 3 લાખ રિઝર્વ સૈનિકોને તૈયાર રહેવા આદેશ આપ્યો છે. મહત્વનું છે કે, ઈઝરાયેલના જમીન પર 1.73 લાખ સૈનિકો હમાસનો સફાયો કરી રહ્યા છે. આ પહેલા ઈઝરાયેલે ગાઝાપટ્ટીને 24 કલાકમાં ખાલી કરવા આપ્યો આદેશ હતો. આ તરફ હવે આક્રમક રીતે આગળ વધી રહેલા ઈઝરાયેલને લઇ મિડલ ઈસ્ટમાં તણાવનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ દરમિયાન યુદ્ધના 7મા દિવસે અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસ સાથે મુલાકાત કરી. યુએનના પ્રવક્તાએ કહ્યું- આ વિસ્તારમાં 10 લાખથી વધુ લોકો રહે છે. આ ગાઝાની અડધી વસતિ છે. તેમને આટલા ઓછા સમયમાં છોડી દેવાનો આદેશ આપવો એ તેમના જીવ સાથે રમવા જેવું છે. આ માનવતાવાદી કટોકટી સર્જશે.

### અમેરિકા પાંચ...

સ્ટેટ્સ એપ્લિકેશનના પેન્ડિંગ એડજસ્ટમેન્ટના આધારે કેટેગરી હેઠળ ઈએડી મળ્યું હશે અને પછી એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન સસ્પેન્ડ કરાયું હોય તો તેમના સહાયક રોજગાર ઓથોરિટીને તેમના ઈએડી પર લિસ્ટેડ સમાપ્ત તારીખથી પહેલાં સમાપ્ત કરી શકાશે.

એક નવા અભ્યાસ અનુસાર 10.5 લાખથી વધુ ભારતીયો રોજગાર આધારિત ગ્રીન કાર્ડ માટે રાહ જોઈ રહ્યા છે અને તેમાંથી 4 લાખ અમેરિકાના કાયમી નિવાસના બહુપ્રતીક્ષિત કાનૂની દસ્તાવેજ મેળવતા પહેલાં મૃત્યુ પામી શકે છે.

### ટોલ ટેક્સ વાળા...

એક નોટિફિકેશન જાહેર કરી હતી. તેમાં ઉલ્લેખ કરાયો હતો કે નેશનલ હાઈવે ફી (દર નક્કી કરવા અને કલેક્શન) 2008માં સુધારો કર્યો છે. મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે બિલ્ડ ઓપરેટ ટ્રાન્સફર ટોલ પ્રોજેક્ટમાં ટોલ વસૂલીના કોન્ટ્રાક્ટની મુદત પૂરી થયા બાદ ટેક્સના દર 40 ટકા ઘટાડવાનો નિયમ છે. એવું જોવા મળ્યું છે કે કોન્ટ્રાક્ટની મુદત 10થી 15 વર્ષ રહે છે અને હાઈવે પ્રોજેક્ટમાં કરાયેલા ઈન્વેસ્ટમેન્ટની ભરપાઈ ટોલ ટેક્સ વસૂલીથી પૂરી થઈ શકતી નથી. આ ઉપરાંત જમીન સંપાદનના બદલામાં અપાયેલા વળતરની પણ વસૂલી થતી નથી.

પાંચ વર્ષ બાદ હાઈવેનું સમારકામ, મેઈન્ટેનન્સ વગેરે પાછળ મોટો ખર્ચ થાય છે. એટલા માટે નિયમોમાં ફેરફાર કરી 100 ટકા ટોલટેક્સ વસૂલીનો નિર્ણય લેવાયો છે. આ ટોલ ટેક્સની વસૂલી ખાનગી કંપની અથવા એનએચએઆઈ દ્વારા કરાશે.

અનુસંધાન પેજ 4 પરથી...

### દેશની લોકશાહીની પ્રતિષ્ઠા...

લોકશાહીને કાયદેસર રીતે સરમુખત્યારશાહીમાં પલટી નાખતી ભયાવહ 'ધી ઈમરજન્સી'.

ઈમરજન્સી લાગુ કરતાં જ ઈન્દિરા ગાંધીએ સમગ્ર દેશનાં સરકારી અફસરોને કહી દીધું હતું કે રાજકીય નેતાઓ અને આંદોલનકારીઓની 'મિસા' હેઠળ ધરપકડ કરવા માટેનાં કાગળિયાં તૈયાર થઈ જવાં જોઈએ. 'મેઈન્ટેનન્સ ઑફ ઈન્ટરનલ સિક્યૉરિટી ઍક્ટ' નામનો કાયદો ઈન્દિરા ગાંધીની કૉન્ગ્રેસ સરકારે 1971માં ઘડ્યો હતો. આ કાયદા હેઠળ દેશમાં ભાંગફોડની, આતંકવાદની કે અશાંતિ ફેલાવતી પ્રવૃત્તિ કરતી વ્યક્તિની પોલીસ ગમે ત્યારે ધરપકડ કરીને એને અનિશ્ચિત મુદત સુધી અટકાયતમાં રાખી શકતી. વૉરન્ટ વિના એનાં ઘર-ઑફિસ-દુકાન-ફૅક્ટરીની જડતી કરી શકતી અને એના ફોન પર સત્તાવાર નિગરાની રાખી શકતી. ઈમરજન્સી દરમિયાન 'મિસા'ના કાયદામાં વારંવાર સુધારા-વધારા કરવામાં આવ્યા જેથી રાજકીય કેદીઓને પણ એ લાગુ પડે. આ કાળા કાયદાને બંધારણમાં 39મો સુધારો કરીને દાખલ કરવામાં આવ્યો જેને કારણે એની કાયદેસરતાને અદાલતમાં પડકારી શકાતી નહીં. આ કાળા કાયદા હેઠળ કોની કોની ધરપકડ કરવાની છે તેની યાદી વડાં પ્રધાનના ઘરે બનાવવામાં આવી હતી.

દિલ્હીમાં સૌથી પહેલી ધરપકડ જનસંઘ-આર. એસ.એસ. સંચાલિત દૈનિક 'મધરલૅન્ડ'ના તંત્રી કે.આર. મલકાણીની થઈ ત્યારબાદ જનસંઘના ઉપપ્રમુખ ડૉ. ભાઈ મહાવીર, બિજુ પટનાયક, પિલુ મોદી, રાજ નારાયણ, ચંદ્રશેખર, રામ ધન, જયપ્રકાશ નારાયણ, મોરારજી દેસાઈ, અરુણ જેટલી ઉપરાંત બેન્ગલોરથી જનસંઘના બે સંસદસભ્યો અટલ બિહારી વાજપેયી અને લાલ કૃષ્ણ અડવાણીની પણ ધરપકડ મિસા હેઠળ કરવામાં આવી. આમ, રાજકારણીઓને તાબડતોબ પકડીને જેલભેગા કરવામાં સફળ થયેલી ઈન્દિરા ગાંધીની ચંડાળચોકડીએ હવે બધું જ ધ્યાન અખબારોનું ગળું ઘોંટી દેવા તરફ કેન્દ્રિત કર્યું.

# ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધના પગલે સોના-ચાંદીના ભાવમાં ઉછાળો આવશે

ગુજરાત વંદન

ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધને કારણે વૈશ્વિક તણાવ વધ્યો છે અને તેનાથી સોના-ચાંદીને ટેકો મળશે. આવી સ્થિતિમાં આગામી દિવસોમાં તેમની કિંમતોમાં વધારો જોવા મળી શકે છે. 'જ્યારે વિશ્વના અર્થતંત્રમાં અનિશ્ચિતતા હોય છે ત્યારે લોકો સોનામાં રોકાણ વધારે છે. તેમને લાગે છે કે સોનું તેમને સુરક્ષા આપશે અને તેનું મૂલ્ય ઘટશે નહીં. જેના કારણે આગામી દિવસોમાં સોનાની માગ વધી શકે છે. આ સાથે સોનું 58 હજાર અને ચાંદી 70 હજાર સુધી જઈ શકે છે. એક સમય હતો જ્યારે ભારતને સોનાનું પક્ષી કહેવામાં આવતું હતું, પરંતુ આજે એ જ ભારત સોનાના સંગ્રહ દેશોમાં ટોપ 5માંથી બહાર છે.

વિશ્વમાં સોનાની કિંમત હંમેશા ઊંચી રહી છે. જો આપણે આજે સૌથી વધુ સોનું ધરાવતા દેશોની વાત કરીએ તો તેમાં અમેરિકા નંબર વન છે. તેની પાસે 8,133.47 ટન સોનું છે. બીજા નંબર પર જર્મની છે. જર્મની પાસે 3,359.09 ટન સોનાનો ભંડાર છે. એટલે કે ગોલ્ડ હોલ્ડિંગના મામલે જર્મની બીજા સ્થાને છે. એવું કહેવાય છે કે જર્મની શરૂઆતથી જ સોનાને લઈને ઉત્સુક છે, એટલે જ આજે આ દેશમાં ઘણું સોનું છે.

ત્રીજા નંબર પર ઈટાલી છે. ઈટાલી પાસે 2451.84 ટન સોનું છે. ઈતિહાસ પર નજર કરશો તો ખબર પડશે કે આ દેશના રાજાઓએ કેવી રીતે લૂંટફાટ



અને હુમલા કરીને પોતાની તિજોરી ભરી હતી. ચોથા નંબરની વાત કરીએ તો ફ્રાન્સ આ નંબર પર છે. ફ્રાન્સ પાસે 2436.35 ટન સોનું છે. એક સમયે સમગ્ર વિશ્વ પર ફ્રાન્સનું વર્ચસ્વ હતું.


રશિયા પાંચમા નંબરે છે. રશિયા પાસે 2298.53 ટન સોનું છે. તમને જણાવી દઈએ કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન રશિયા અને અમેરિકા જ સત્તાના બે કેન્દ્રો હતા.

ભારતની વાત કરીએ તો આ યાદીમાં ભારત ૯મા સ્થાને છે. એક રિપોર્ટ અનુસાર, ભારત પાસે 743.83 ટન સોનાનો ભંડાર છે. જો કે, ઈતિહાસમાં એક સમય એવો હતો જ્યારે ભારત એવો દેશ હતો કે જેની પાસે સોનાનો ભંડાર હતો. ભારતમાં સોનાની ત્રણ પ્રકારની માગ છે. પ્રથમ, સોનાની ખરીદી ઘરેણાં માટે થાય છે, બીજું રોકાણ માટે અને ત્રીજું, કેન્દ્રીય બેંક પોતાની પાસે અનામત રાખવા માટે સોનું ખરીદે છે.

# સપ્ટેમ્બરમાં દેશમાં ઓટો રિટેલ વેચાણમાં 20%ની નોંધપાત્ર વૃદ્ધિ

■ નવરાત્રિ-દિવાળી પહેલા જ ઓટોમોબાઈલ ઉદ્યોગમાં દિવાળી જેવો માહોલ

ગુજરાત વંદન



ઓગસ્ટમાં મંદ રહ્યા બાદ સપ્ટેમ્બરમાં દેશના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ સારો રહેતા ઓટોમોબાઈલ ક્ષેત્ર માટે સ્થિતિ સાનુકૂળ બની હતી અને ટ્રેક્ટર્સને બાદ કરતા દરેક પ્રકારના વાહનોના વેચાણમાં વધારો થયો હતો. ગયા મહિને ઓટો ક્ષેત્રનું એકંદર વેચાણ વાર્ષિક ધોરણે વીસ ટકા વધી ૧૮.૯૦ લાખ વાહનો રહ્યું હતું. ગયા મહિને થ્રી વ્હીલર્સનું વેચાણ અત્યારસુધીની ઊંચી સપાટીએ રહ્યું છે.

ટ્રેક્ટર્સના વેચાણમાં ગયા મહિને દસ ટકા ઘટાડો નોંધાયો હતો. જ્યારે અન્ય સેગમેન્ટમાં ટુ વ્હીલર્સમાં ૨૨ ટકા, થ્રી વ્હીલર્સમાં ૪૯ ટકા, ઊતારૂ વાહનોમાં ૧૯ ટકા તથા કમર્સિઅલ વાહનોમાં પાંચ ટકા વૃદ્ધિ જોવા મળી હોવાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ' એસોસિએશનના સુત્રોએ જણાવ્યું હતું. થ્રી વ્હીલર્સનો વેચાણ આંક ૧૦૨૪૨૬ સાથે ઓલ ટાઈમ હાઈ રહ્યો છે. ગયા વર્ષના સપ્ટેમ્બરમાં આ આંક ૬૮૯૩૭ રહ્યો હતો જ્યારે ઓગસ્ટ ૨૦૨૩નો ૯૯૯૦૭નો રેકોર્ડ સપ્ટેમ્બરમાં તૂટયો છે. જો કે આવી રહેલા નવરાત્રિ તથા દૂર્ગા પુજા ત્યારબાદ દિવાળીના તહેવાર દરમિયાન વેચાણને લઈને ઓટો ઉદ્યોગ આશાવાદી છે.

સપ્ટેમ્બરમાં ટુ વ્હીલર્સનો વેચાણ આંક ૧૩.૧૦ લાખ રહ્યો છે જે ગયા વર્ષના સપ્ટેમ્બરમાં ૧૦.૮૦ લાખ રહ્યો હતો. નવા મોડેલના લોન્ચિંગ તથા આકર્ષક ઓફરોને કારણે ટુ વ્હીલર્સની માગ ખાસ કરીને ગ્રામ્ય માગમાં વધારો જોવા મળ્યો છે. સ્ટોકની સારી સ્થિતિને લઈને આગામી તહેવારોને લઈને ઉદ્યોગમાં આશાવાદી ટોન જોવા મળી રહ્યો છે એમ તેમણે ઉમેર્યું હતું.

# ગુજરાતના અમીરોની યાદીમાં ગૌતમ અદાણી ₹4.74 લાખ કરોડની નેટવર્થ સાથે ટોપ પર

ગુજરાત વંદન

હુરુન ઈન્ડિયાની અમીરોની યાદીમાં ગૌતમ અદાણી ભલે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના મુકેશ અંબાણી પછી બીજા ક્રમે રહ્યા પરંતુ ગુજરાતના અમીરોની યાદીમાં ગૌતમ અદાણી અને પરિવાર રૂ. 4.74 લાખ કરોડની નેટવર્થ સાથે પ્રથમ ક્રમે રહ્યા છે. ગુજરાતના 110 ઉદ્યોગપતિઓ 360 વન વેલ્થ હુરુન ગુજરાત રિચ લિસ્ટ 2023માં સામેલ રહ્યા છે તેમાંથી 50% રિચ-લિસ્ટર્સ તો અમદાવાદમાં જ રહે છે. એટલે જ ગુજરાતના વેલ્થ ક્રિએટર્સ માટે અમદાવાદ સૌથી વધુ પસંદગીનું સ્થળ બની રહ્યું છે એમ કહી શકાય.

હુરુન રિચ લિસ્ટ 2023 અનુસાર, ગુજરાતના 110 વેલ્થ ક્રિએટર્સમાં અમદાવાદના 55, સુરતના 27 અને વડોદરાના 12 ઉદ્યોગપતિઓ સામેલ છે. આ યાદીમાં ત્રણ વુમન રિચ-લિસ્ટર પણ સામેલ છે અને તેમાં રૂ. 1600 કરોડની સંપત્તિ સાથે સ્વાતિ એસ. લાલભાઈ સૌથી ધનાઢ્ય મહિલા તરીકે મોખરે રહ્યા છે.

હુરુન ગ્લોબલ રિચ લિસ્ટ અનુસાર મુંકશે અંબાણી 8.08 લાખ કરોડની સંપત્તિ



સાથે ટોપ પર છે. રિપોર્ટ અનુસાર 66 વર્ષીય મુકેશ અંબાણીની સંપત્તિમાં ગયા વર્ષની સરખામણીમાં 2%નો વધારો થયો છે. તે જ સમયે, હિંડનબર્ગ રિપોર્ટ બાદ 61 વર્ષીય ગૌતમ અદાણી પરિવારની સંપત્તિ 57% ઘટીને રૂ. 474,800 કરોડ થવાનો અંદાજ છે. હિંડનબર્ગના રિપોર્ટ બાદ ગૌતમ અદાણીની નેટવર્થમાં મોટું ગાબડું પડ્યું હતું.

ભારતીય અમીરોની યાદીમાં ત્રીજું સ્થાન સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના પ્રમોટર પૂનાવાલા પરિવારે જાળવી રાખ્યું છે. આ પરિવારની સંપત્તિ 278,500 કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે, જે ગયા વર્ષ કરતાં 36% વધુ છે.

HCLના 78 વર્ષીય શિવ નાદર અને પરિવારે 228,900 કરોડ રૂપિયાની અંદાજિત સંપત્તિ સાથે ભારતીય રેન્કિંગમાં ચોથું સ્થાન જાળવી રાખ્યું છે. ગયા વર્ષની સરખામણીમાં તેમની સંપત્તિમાં 23%નો વધારો થયો છે.

લંડન સ્થિત ગોપીચંદ હિન્દુજા અને પરિવારે રૂ. 1,76,500 કરોડની અંદાજિત સંપત્તિમાં 7% વૃદ્ધિ સાથે 5મું સ્થાન મેળવ્યું છે.

સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝના દિલીપ સંઘવી રૂ. 1,64,300ની અંદાજિત સંપત્તિ સાથે છઠ્ઠા ક્રમે છે, જે ગયા વર્ષ કરતાં 23% વધુ છે.

આર્સેલર મિત્તલના લક્ષ્મી મિત્તલની સંપત્તિમાં 7%નો વધારો થયો છે અને તે હવે 1,62,300 કરોડ રૂપિયાની અંદાજિત નેટવર્થ સાથે યાદીમાં સાતમા ક્રમે છે.

રિટેલ ચેઈન ડીમાર્ટના પ્રમોટર રાધાકિશન દામાણી રૂ. 1,43,900 કરોડની અંદાજિત સંપત્તિ સાથે યાદીમાં આઠમા ક્રમે છે. રાધાકિશન દામાણીની સંપત્તિમાં 18 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

કુમાર મંગલમ બિરલા પરિવાર રૂ. 1,25,600 કરોડની અંદાજિત સંપત્તિ સાથે નવમા ક્રમે છે. બજાજ ઓટોના નિરજ બજાજ 120,700 કરોડની અંદાજિત સંપત્તિ સાથે દસમા ક્રમે છે.

ઈઝરાયલની કરન્સીને મોટો ફટકો

# ઈઝરાયેલી ચલણ શેકેલનો ભાવ 7 વર્ષના તળીયે પહોંચ્યો



ગુજરાત વંદન

પશ્ચિમ એશિયામાં ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી યુદ્ધ ચાલી રહ્યું છે. હમાસના હુમલા બાદ શરૂ થયેલા આ યુદ્ધનો હાલ કોઈ ઉકેલ નથી. દરમિયાન, ઈઝરાયેલી ચલણ શેકેલને ભારે નુકસાન થયું છે અને તેનું મૂલ્ય છેલ્લાં સાત વર્ષોના તળીયે પહોંચી ગઈ છે.

એક અહેવાલ અનુસાર ઈઝરાયેલનું ચલણ શેકેલ 2.5 ટકાથી વધુ તૂટ્યું હતું. માર્ચ 2020 પછી એક જ દિવસમાં શેકલના ભાવમાં આ સૌથી મોટો કડાકો હતો. ગઈકાલે પણ શેકેલના ભાવ દબાણ હેઠળ જોવા મળ્યા હતા. હાલમાં શેકેલનું મૂલ્ય એક ડોલર સામે ઘટીને લગભગ 4 થઈ ગયું છે. આ 7-8 વર્ષમાં શેકેલનું સૌથી ઓછું મૂલ્ય છે.

ઈઝરાયેલના ચલણ શેકેલના મૂલ્યમાં આ વર્ષે અત્યાર સુધીમાં 11 ટકાથી વધુનો ઘટાડો થયો છે. મોટી આંતરરાષ્ટ્રીય કરન્સીની સરખામણીએ આ વર્ષે ડોલરની કિંમતમાં પહેલેથી જ વધારો જોવા મળી રહ્યો છે. આ કારણે 2023માં લગભગ તમામ એશિયન કરન્સી દબાણ હેઠળ છે. પશ્ચિમ એશિયાઈ દેશના યુદ્ધમાં પ્રવેશથી શેકલના મૂલ્યને અસર થઈ છે અને હવે મૂલ્ય 2016 ની શરૂઆતથી સૌથી નીચા સ્તરે છે.

આ ઈઝરાયેલ-પેલેસ્ટાઈન યુદ્ધની અસર વ્યાપક થઈ રહી છે. ઈઝરાયેલના શેરબજારને પણ આ યુદ્ધની અસર થઈ છે. આ સિવાય લેબનોન, જોર્ડન અને ઈજિપ્ત જેવા પાડોશી દેશોના શેરબજાર, બોન્ડ માર્કેટ અને કરન્સી વગેરે પર પણ યુદ્ધની નકારાત્મક અસર પડી છે. શેકેલના ઘટતા મૂલ્યને ધ્યાનમાં રાખીને, બેંક ઓફ ઈઝરાયેલે સોમવારે કહ્યું હતું કે તે ઓપન માર્કેટમાં 30 બિલિયન ડૉલર જેટલુ જ વિદેશી મુદ્રાનું વેચાણ કરશે.

# ભારતના અર્થતંત્રની ગાડી 2024માં સડસડાટ દોડશે

■ IMFએ 2024 માટે ભારતની વૃદ્ધિનું અનુમાન વધારીને 6.3% કર્યું

ગુજરાત વંદન



ઈન્ટરનેશનલ મોનેટરી ફંડએ ભારત માટે તેના 2023-24ની વૃદ્ધિનું અનુમાન જુલાઈમાં 6.1 ટકાથી વધારીને 6.3 ટકા કર્યું છે. 2023માં વિશ્વ વૃદ્ધિ 3 ટકા અને 2024માં 2.9 ટકા રહેવાનો અંદાજ છે. અદ્યતન અર્થતંત્ર 2023માં 1.5 ટકા અને 2024માં 1.4 ટકા વિસ્તરણનો અંદાજ છે. આઈએમએફએ જણાવ્યું હતુ કે, વિશ્વની 10 સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ સહિત 81 ટકા વૈશ્વિક અર્થતંત્રોએ તેમની મધ્યમ ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ બગડતી જોઈ છે. વોશિંગ્ટન સ્થિત એજન્સી નાણાકીય વર્ષના આધારે ભારતના આર્થિક વિકાસની આગાહી કરે છે, જ્યારે તે અન્ય અર્થતંત્રો માટે કેલેન્ડર વર્ષનો ઉપયોગ કરે છે. ભારત માટે આઈએમએફનો આ અંદાજ ચાલુ નાણાકીય વર્ષમાં 6.5 ટકા ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) વૃદ્ધિના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના અંદાજ કરતાં એક સ્તર ઓછો છે.


તમને જણાવી દઈએ કે જૂન ક્વાર્ટર દરમિયાન ભારતીય અર્થવ્યવસ્થાએ 7.8 ટકાની વૃદ્ધિ નોંધાવી હતી. જૂન દરમિયાન GST કલેક્શન વાર્ષિક ધોરણે 12 ટકા વધીને 1.6 ટ્રિલિયન થયું છે. એશિયન ડેવલપમેન્ટ બેંક જેવી અન્ય બહુપક્ષીય એજન્સીઓ 2023-24 દરમિયાન ભારતનો વિકાસ દર 6.4 ટકા રહેવાની અપેક્ષા રાખે છે.વૈશ્વિક અર્થવ્યવસ્થા પર IMFના મુખ્ય અર્થશાસ્ત્રીએ જણાવ્યું હતું કે IMFની તાજેતરની આગાહીએ "સૉફ્ટ લેન્ડિંગ" ની શક્યતા વધારી છે. વર્તમાન વૈશ્વિક વૃદ્ધિની આગાહી એક દાયકામાં સૌથી ધીમી છે. વૈશ્વિક અર્થવ્યવસ્થા ધીમી પડી રહી છે.

તાજેતરના વર્લ્ડ ઈકોનોમિક આઉટલુકમાં IMF એ તેના જુલાઈના અપડેટની સરખામણીમાં 2023 માટે યુએસ વૃદ્ધિની આગાહીને 0.3 ટકા વધારીને 2.1 ટકા કરી છે, જ્યારે ચીનના 2023ના વિકાસના અનુમાનને 5.2 ટકાના અગાઉના અનુમાનથી ઘટાડીને 5.2 ટકા કર્યો છે. IMFની આગાહી અનુસાર, યુરો ઝોન 2023માં 0.7 ટકા અને 2024માં 1.2 ટકા વધશે. IMFના અહેવાલમાં જણાવાયું છે કે પાંચ ઉભરતા બજાર અર્થતંત્રો - બ્રાઝિલ, ચીન, ભારત, ઈન્ડોનેશિયા અને રશિયા - 2008 અને 2023 વચ્ચે મધ્યમ ગાળાની વૈશ્વિક વૃદ્ધિની સંભાવનાઓમાં ઘટાડા માટે લગભગ 0.9 ટકા પોઈન્ટનું યોગદાન આપ્યું છે.

# આનંદ મહિન્દ્રાને પછાડીને રતન ટાટા 12.6 મિલિયન ફોલોઅર્સ સાથે ટોપ પર

ગુજરાત વંદન

દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ રતન ટાટા કે જેને દેશના સૌથી પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ તરીકે ઓળખવામાં આવે છે. રતન ટાટાએ આટલી મોટી વયે પણ સોશિયલ મીડિયા પર સક્રિય રહે છે. હાલમાં બહાર પાડેલા રિપોર્ટ મુજબ રતન ટાટાએ એક નવો રેકોર્ડ બનાવ્યો છે. રતન ટાટાએ આનંદ મહિન્દ્રાને આ મામલે પાછળ રાખી દીધા છે. રતન ટાટાએ સોશિયલ મીડિયા પર સૌથી વધુ ફોલો કરવામાં આવતા ભારતીય બિઝનેસમેન તરીકે સ્થાન મેળવ્યું છે. રતન ટાટાના 12.6 મિલિયન ફોલોઅર્સ છે. જ્યારે



આનંદ મહિન્દ્રના 10.8 મિલિયન ફોલોઅર્સ છે. હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2023 મુજબ બિઝનેસની દુનિયામાં ભારતમાં રતન ટાટા પાસે સૌથી વધુ X(ટ્વિટર) ફોલોઅર્સ છે.

360 વન વેલ્થ હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2023 અનુસાર ભારતીય સોશિયલ મીડિયા પર સૌથી વધુ ફોલો કરવામાં આવતા ઉદ્યોગસાહસિક 84 વર્ષીય રતન ટાટા છે. બીજા નંબરે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના આનંદ મહિન્દ્રાનું નામ આવે છે. તેમના 10.8 મિલિયન ફોલોઅર્સ છે. હુરુન ઈન્ડિયા અને 360 વન વેલ્થે સંયુક્ત રીતે 360 વન વેલ્થ હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2023 પ્રકાશિત કરી છે. ભારતના સૌથી ધનિક લોકોની આ 12મી વાર્ષિક આવૃત્તિ છે.

રતન ટાટાના હાલમાં 12.6 મિલિયન ફોલોઅર્સ છે અને એક વર્ષમાં તેમના ફોલોઅર્સમાં 8 લાખ નેટીઝન્સનો નોંધપાત્ર વધારો થયો છે. રતન ટાટા X (ટ્વિટર) પર બહુ સક્રિય નથી, પરંતુ તેમની કોઈ પણ પોસ્ટ આવતા જ તે સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની જાય છે. સતત વાયરલ થઈ જાય છે.

## પાક ઘટવાની શક્યતા વચ્ચે મોલાસીસ ઉપર 25% નિકાસ ડ્યુટી લાદવા વિચારણા

■ નિયંત્રણો લાદવાથી સ્થાનિક ડિસ્ટિલરીઓને મોલાસીસનો પુરવઠો પૂરતા પ્રમાણમાં થશે



ગુજરાત વંદન

આગામી મોસમમાં શેરડીનો પાક ઘટવાની ધારણા હોવાથી શેરડીમાંથી તૈયાર થતાં મોલાસીસની નિકાસ ઉપર 25 ટકા ડ્યુટી લાદવાનું સરકાર વિચારી રહી હોવાનું એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

મોલાસીસની નિકાસ ઉપર નિયંત્રણો લાદવાથી સ્થાનિક ડિસ્ટિલરીઓને મોલાસીસનો પુરવઠો પૂરતા પ્રમાણમાં થશે અને સરકારને ઈથેનોલ બ્લેન્ડિંગના તેમના લક્ષ્યને હાંસલ કરવામાં મદદ મળશે, એમ આ અધિકારીએ ઉમેર્યું હતું.

દેશમાં ઑગસ્ટ મહિનો સદંતર કોરો રહ્યો હતો અને 122 વર્ષ બાદ ઑગસ્ટ માસમાં પહેલી વાર વરસાદની ગેરહાજરી નોંધાઈ હતી. વરસાદની સરેરાશ આ માસમાં સામાન્ય કરતાં 36 ટકા નીચે રહી હતી અને તે કારણે મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં શેરડીના પાકને માઠી અસર પડી છે.

ઈન્ડિયન સુગર મિલ્સ ઍસોસિયેશન (ઈસ્મા) દ્વારા ઑગસ્ટમાં જાહેર કરવામાં આવેલા પ્રાથમિક આંકડા અનુસાર વર્ષ 2023-24ની મોસમમાં ખાંડનું ઉત્પાદન 317 લાખ ટન થવાની ધારણા છે, જે આ વર્ષના ખાંડનાં 328 લાખ ટન ઉત્પાદન કરતાં ઓછું રહેશે.

ઓક્ટોબરમાં ખાંડ વર્ષની શરૂઆત થાય છે અને આવતા વર્ષના સપ્ટેમ્બરમાં પૂર્ણ થાય છે. જોકે, ઈસ્મા ઓક્ટોબરની મધ્ય સુધીમાં સેટેલાઈટ એસેસમેન્ટ દ્વારા ખાંડનાં ઉત્પાદનનો વધુ ચોક્કસ આંકડો જાહેર કરશે.

## નાણાંકીય વર્ષ 2023-24ના એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળામાં

# ભારતનું ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન 14% વધીને 70 કરોડ ટન થયું

ગુજરાત વંદન

નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના એપ્રિલ-સપ્ટેમ્બર સમયગાળામાં ભારતનું ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન ૧૪.૭ ટકા વધીને ૬૯. ૬૫ કરોડ ટન થયું છે તેમ સ્ટીલમિન્ટ ઈન્ડિયાએ એક રિપોર્ટમાં જણાવ્યું હતુ. ગત વર્ષે સમાન સમયગાળામાં સ્ટીલનું ઉત્પાદન ૬૧.૦૬ કરોડ ટન હતું. માર્કેટ રિસર્ચ કંપનીએ જણાવ્યું કે ઉત્પાદનમાં વધારો મુખ્યત્વે મોટી ભારતીય સ્ટીલ કંપનીઓની ક્ષમતામાં વધારો તેમજ ક્ષમતાના



વધુ સારા ઉપયોગને કારણે થયો છે.

સ્ટીલમિન્ટના જણાવ્યા અનુસાર આ પરિબળો ચાલુ નાણાંકીય વર્ષના બીજા ભાગમાં પણ ઉત્પાદન વૃદ્ધિને સમર્થન આપવાનું ચાલુ રાખશે. ફિનિશ્ડ સ્ટીલનો સ્થાનિક વપરાશ પણ ૧૪.૭૭ ટકા વધીને ૬.૩૯૯ કરોડ ટન થયો છે, જે વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૫.૫૭૫ કરોડ ટન હતો.

આ દરમિયાન દેશની નિકાસ એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૨૨-૨૩માં ૩૬ લાખ ટનથી ૧૦.૨૫ ટકા ઘટીને ૩૨.૩ લાખ ટન થઈ છે. વાર્ષિક ધોરણે નિકાસ ૨૫.૬ લાખ ટનથી ૧૩.૩૩ ટકા વધીને ૨૯ લાખ ટન થઈ છે. ટોચની છ કંપનીઓ ટાટા સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, જિંદાલ સ્ટીલ એન્ડ પાવર, એએમએનએસ ઈન્ડિયા, સેલ અને આરઆઈએનએલનું સામૂહિક ઉત્પાદન વાર્ષિક ૩.૮૩ કરોડ ટનથી વધીને ૪.૧૨ કરોડ ટન રહ્યું છે.

## સીધા વેરાની બજેટ અંદાજના પચાસ ટકાથી વધુ વસૂલાત પૂરી

ગુજરાત વંદન

૯ ઓકટોબર સુધીમાં સીધા વેરાની કુલ વસૂલી ગયા વર્ષના આ ગાળાની સરખામણીએ ૧૮ ટકા ઊંચી રહીને રૂપિયા ૧૧.૧૦ લાખ કરોડ રહી હતી. રિફન્ડસને બાદ કરતા સીધા વેરાની વસૂલીનો આંક ૨૧.૮૦ ટકા ઊંચો રહીને રૂપિયા ૯.૬૦ લાખ કરોડ રહ્યાનું સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિઝના આંકડા જણાવે છે. વેરા મારફતની આવક સંતોષકારક રહી હોવાનો કરાયેલો દાવો વર્તમાન નાણાં વર્ષ માટે મુકાયેલા બજેટ અંદાજનો આ આંક ૫૨.૫૦ ટકા જેટલો થવા જાય છે. કોર્પોરેટ આવક વેરામાં ૭.૩૦ ટકા જ્યારે વ્યક્તિગત આવક વેરામાં ૨૯.૫૦ ટકા વૃદ્ધિ થયાનો અંદાજ મુકાઈ રહ્યો છે.

# ભારત-બ્રિટન વચ્ચે ઓક્ટોબર સુધીમાં FTA પર સહીસિક્કા થવાની સંભાવના



ગુજરાત વંદન

ભારત અને બ્રિટન વચ્ચે મુક્ત વેપાર કરાર ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ (એફટીએ) બાબત ઘણા સમયથી ચાલતી વાતચીતમાં દરેક પ્રશ્નોનું સમાધાન થઈ ગયું છે અને ઓક્ટોબર મહિનાના અંત સુધીમાં બન્ને રાષ્ટ્રો વચ્ચે એફટીએ પર સહીસિક્કા થવાની સંભાવના છે, એમ એક સત્તાવાર સૂત્રે જણાવ્યું હતું. બ્રિટનના વડા પ્રધાન ઋષિ સુનક બન્ને દેશો વચ્ચેના મહત્ત્વાકાંક્ષી એફટીએ પર સહીસિક્કા કરવા માટે આ મહિનાના છેલ્લા સપ્તાહમાં ભારત આવશે. આ એગ્રિમેન્ટને કારણે માલસામાન અને સેવા ક્ષેત્રના દ્વિપક્ષી વેપારને વેગ મળશે અને ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટના સ્વરૂપમાં મૂડીરોકાણનો પ્રવાહ વધશે.

નવી દિલ્હીમાં ગત મહિને જી-20 દેશોના નેતાઓની પરિષદમાં હાજરી આપતી વેળાએ સુનાકે જણાવ્યું હતું કે તે પોતે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી એક વિસ્તૃત અને મહત્ત્વાકાંક્ષી વેપારી કરાર થાય તે જોવા માગે છે. જોકે હજી થોડું નક્કર કાર્ય કરવાનું બાકી છે અને આ કરાર બન્ને દેશો માટે લાભકારી હોય તે જરૂરી છે.

# યંત્રમાનવો કુશળ કારીગરોની 50% નોકરીઓ ખાઇ જશે: સર્વેનું તારણ

■ પાંચમાંથી ત્રણ કામદારોને એવું લાગે છે કે આગામી 10 વર્ષોમાં એઆઈને કારણે તે નોકરી ગુમાવી શકે છે

ગુજરાત વંદન

વિશ્વની લગભગ પચીસ ટકાથી વધુ રોજગારી એવાં કૌશલ્ય પર આધારિત છે જે આગામી દિવસોમાં આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સ્વયંસંચાલિત બની જશે. તેથી કામ કરતાં લોકોને એવો ભય છે કે ભવિષ્યમાં એઆઈને કારણે તેમની રોજગારી છીનવાઈ જશે, એમ ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો ઓપરેશન ઍન્ડ ડેવલપમેન્ટ (ઓઈસીડી)એ જણાવ્યું હતું.

ઓઈડીસી વિશ્વના મોટાભાગનાં સમૃદ્ધ રાષ્ટ્રો અને મૅક્સિકો તથા ઈસ્ટોનિયા જેવા ઉભરતાં અર્થતંત્રોવાળા 38 દેશોનું સંગઠન છે.એઆઈને કારણે રોજગારી પર નોંધપાત્ર અસર થઈ હોય તેવો કોઈ મોટો પુરાવો નથી. પરંતુ હાલમાં એઆઈ શરૂઆતના તબક્કામાં છે તેના કારણે રોજગારી પર તેની વિશેષ અસર ન હોય તેવું બની શકે.

ઓઈસીડીમાં સામેલ થયેલા દેશોમાં વિશેષ કરીને પૂર્વીય યુરોપિયન દેશોમાં સૌથી વધુ શક્યતા છે કે તેમની 27 ટકા રોજગારી એઆઈને કારણે સ્વયંચાલિત બની શકે.રોજગારી ક્ષેત્રનાં સો કૌશલ્યોમાંથી 25 કૌશલ્યો એવાં છે કે જે નિષ્ણાતોનો અભિપ્રાય મુજબ સહેલાઈથી સ્વયંસંચાલિત બની શકે.

પાંચમાંથી ત્રણ કામદારોને એવું લાગે છે કે આગામી 10 વર્ષોમાં એઆઈને કારણે તે નોકરી ગુમાવી શકે છે, એમ ગત વર્ષે ઓઈસીડીએ કરેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું. ઓઈસીડીના સાત સભ્ય દેશોના ઉત્પાદન અને નાણાં ક્ષેત્રની 2000 કંપનીઓના 5,300 કામદારોના સર્વેક્ષણમાં આ બાબત જાણવા મળી હતી.એઆઈનું ક્રાંતિકારી સ્વરૂપ ચેટજીપીટી બહાર આવ્યું તે પહેલાં આ સર્વેક્ષણ થયું હતું. એઆઈ માટે ભલે બધાને ચિંતા હોય પરંતુ જે લોકો હાલમાં એઆઈની સાથે કાર્ય કરે છે તેઓનું કહેવું છે કે, એઆઈ ઓટોમેશનને કારણે તેમનું કાર્ય ઓછું જોખમી અને ઓછું કંટાળાજનક બન્યું છે. હાલમાં લગભગ 66 ટકા લોકોના કાર્યમાં એઆઈનો ઉપયોગ થાય છે.

એઆઈ કામદારોને ખરેખર કેટલે અંશે કેવી અસર કરી શકશે અને તેના ફાયદા તેનાથી ઉત્પન્ન થતાં જોખમ કરતાં કેટલા વધારે હશે તે આપણી કાર્યપદ્ધતિના આધારે નક્કી થશે, એમ ઓઈસીડીના સેક્રેટરી જનરલ મેથિઆસ કોરમેને એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. સરકારે કામદારોને એઆઈના ઉપયોગથી થતાં પરિવર્તનો વિશે અને તેના દ્વારા થતાં ફાયદાઓ વિશે શિક્ષિત કરવા જોઈએ. કામદારોને લઘુતમ વેતનની ખાતરી આપવી જોઈએ. જેથી તેમને એમ ન લાગે કે તેમના વેતન પર જોખમ છે. વધુમાં સરકારો અને નિયામકોએ કામદારો અને કર્મચારીઓને એવો વિશ્વાસ અપાવવો જોઈએ કે એઆઈને કારણે તેમના અધિકારો અને હિતો જોખમાશે નહીં, એમ ઓઈસીડીએ જણાવ્યું હતું.

## એર કંડિશનર્સ અને LED લાઈટ માટે PLI સ્કીમમાં કરાયેલા ફેરફાર

ગુજરાત વંદન

કેન્દ્ર સરકારે એર કંડિશનર અને એલઈડી લાઈટ માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) સ્કીમમાં કેટલાક ફેરફારો કર્યા છે. આ ફેરફારો આ યોજનાની કામગીરીને સરળ બનાવવા અને વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવ્યા છે. એક સત્તાવાર નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે. એર કંડિશનર અને એલઈડી લાઈટને સામાન્ય રીતે 'વ્હાઈટ ગુડ્સ' પણ કહેવામાં આવે છે. જે ફેરફારોની જાહેરાત કરવામાં આવી છે તેમાં પાત્રતા નક્કી કરવા માટેના રોકાણ સંબંધિત નિયમો, પ્રોત્સાહનોની ફાળવણી માટેના દાવા સબમિટ કરવા માટે સમય મર્યાદામાં વધારો, વહીવટી મંત્રાલયને મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સની મુલાકાત લેવાની પરવાનગી, વધારાના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ્સ સ્થાપવા માટેનો સમયગાળો વિસ્તરણ વગેરેનો સમાવેશ થાય છે.

# ગર્ભાવસ્થા દરમિયાન મુસાફરી કરતી વખતે આ બાબતોનું ખાસ ધ્યાન રાખો



ગર્ભાવસ્થા (પ્રેગ્નેન્સી) દરમિયાન મહિલાઓએ ઘણી બાબતોનું ધ્યાન રાખવું પડે છે. જ્યારે પ્રેગ્નેન્સી દરમિયાન મુસાફરી કરવાની વાત આવે છે, ત્યારે તેઓએ વધુ સાવચેત રહેવાની જરૂર હોય છે. આવી સ્થિતિમાં તમે પણ તમારા બેબીમૂનનું પ્લાનિંગ કરી રહ્યાં છો અથવા રજાઓમાં ઘરે જવાનું વિચારી રહ્યાં છો તો ગર્ભાવસ્થામાં મુસાફરી દરમિયાન ઘણી એવી બાબતો છે જેને ધ્યાને રાખવી જરૂરી હોય છે.

## લાંબી મુસાફરી ટાળો

એવી ઘણી મહિલાઓ હોય છે જેઓ કામ માટે પોતાના ઘરથી હજારો કિલોમીટર દૂર રહે છે અને જ્યારે પણ તહેવાર આવે છે ત્યારે ઘરે આવવા માટે તૈયાર થઈ જાય છે. આવી સ્થિતિમાં જો તમે પણ ઘરથી હજારો કિલોમીટર દૂર રહો છો, તો ગર્ભાવસ્થા દરમિયાન મુસાફરી કરવાનું ટાળવું જોઈએ. એવું કહેવાય છે કે ગર્ભાવસ્થાના શરૂઆતના દિવસોમાં મુસાફરી કરી શકાય છે, પરંતુ સાતમા મહિનાથી નવમા મહિના સુધી મુસાફરી કરવી માતા અને બાળક માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. આવી સ્થિતિમાં તમારે પણ લાંબી મુસાફરી ટાળવી જોઈએ.

સતત મુસાફરી કરવાનું ટાળો : ગર્ભાવસ્થા દરમિયાન સતત મુસાફરી કરવાથી માતાની સાથે-સાથે બાળકને પણ નુકસાન થઈ શકે છે. તેથી જો તમે લાંબા અંતરની મુસાફરી પર જઈ રહ્યા છો, તો તમારે સતત મુસાફરી કરવાનું ટાળવું જોઈએ. ગર્ભાવસ્થા દરમિયાન જો લાંબી મુસાફરી પર નિકળવાના છો, તો તમારે વચ્ચે-વચ્ચે થોભીને મુસાફરી કરવી જોઈએ. આનાથી શરીરને આરામ મળે છે અને બાળકને કોઈ નુકસાન થવાનો ભય પણ રહેતો નથી. મુસાફરી દરમિયાન તમારે એક જ સ્થિતિમાં બેસવાનું પણ ટાળવું જોઈએ.

ભારે વસ્તુઓ ઉપાડવાનું ટાળો : જ્યારે પણ કોઈ તહેવારોમાં ઘર માટે નીકળે છે, ત્યારે એવું જોવા મળે છે કે તેમની સાથે ઘણી બધી વસ્તુઓ લઈને નીકળે છે. આવી સ્થિતિમાં જો તમે પણ ગર્ભાવસ્થા દરમિયાન ભારે સામાન લઈને નીકળો છો, તો તમારે તેને ઉપાડવાનું ટાળવું જોઈએ. ગર્ભાવસ્થા દરમિયાન ભારે વસ્તુઓ ઉપાડવાથી માતા અને બાળકને નુકસાન થઈ શકે છે. તેથી, ગર્ભાવસ્થા દરમિયાન ઓછામાં ઓછા સામાન સાથે યાત્રા પર નીકળો.



# વાળનો ગ્રોથ વધારવા માંગતા હોવ, તો આ રીતે કરો લીમડાના પાંદડાનો ઉપયોગ

લીમડાના પાંદડાનો ઉપયોગ ઘણી સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવા માટે થાય છે. પરંતુ શું તમે જાણો છો કે તમે વાળ માટે પણ લીમડાના પાંદડાનો ઉપયોગ કરી શકો છો. તમે લીમડાના પાંદડામાંથી હેર માસ્ક પણ તૈયાર કરી શકો છો. તે વાળનો વિકાસ વધારવાનું કામ કરે છે. તે વાળને લાંબા, જાડા અને મજબૂત બનાવે છે. તે વાળ સંબંધિત સમસ્યાઓ જેમ કે ડેન્ડ્રફ, નબળા વાળ, શુષ્ક વાળ અને સ્પ્લિટ એન્ડ્સને અટકાવે છે.

લીમડાના પાંદડામાં વિટામિન્સ, મિનરલ્સ અને એન્ટી-ઓક્સીડેન્ટ ગુણ હોય છે. તે વાળ ખરતા અટકાવે છે. ચાલો જાણીએ કે તમે કઈ રીતે વાળ માટે લીમડાના પાંદડાનો ઉપયોગ કરી શકો છો.

**લીમડાના પાંદડાનો હેર માસ્ક :** થોડા તાજા લીમડાના પાંદડા લો. તેમને બ્લેન્ડરમાં નાખો. હવે તેમાં થોડું પાણી ઉમેરીને પેસ્ટ તૈયાર કરો. સ્કેલ્પ અને વાળ પર પેસ્ટ લગાવો. આ પેસ્ટને 40 મિનિટ સુધી રહેવા દો. આ પછી સાદા પાણીથી ધોઈ લો. તમે અઠવાડિયામાં બે વાર આ હેર માસ્કનો ઉપયોગ કરી શકો છો. તેનાથી વાળનો ગ્રોથ વધે છે.

**લીમડાના પાંદડા અને હિબિસ્કસ ફૂલ :** કેટલાક હિબિસ્કસ ફૂલો લો. તેના પાંદડાને બ્લેન્ડરમાં નાખો. તેમાં લીમડાના પાંદડા ઉમેરો. હવે તેમાં પાણી ઉમેરો. લીમડાના પાંદડા અને હિબિસ્કસના ફૂલના પાંદડાની પેસ્ટ તૈયાર કરો. લીમડાના પાંદડા અને હિબિસ્કસના ફૂલોનો પેક વાળ અને માથાની ચામડી પર અડધા કલાક સુધી લગાવો. આ હેર માસ્ક વાળની ચમક વધારે છે.

**લીમડાના પાંદડા અને એલોવેરા :** તાજા લીમડાના પાંદડા લો. બ્લેન્ડરમાં લીમડાના પાંદડા નાખો. તેમાં એલોવેરા જેલ ઉમેરો. હવે આ વસ્તુઓને બ્લેન્ડ કરીને પેસ્ટ તૈયાર કરો. તેમાં થોડું પાણી ઉમેરીને પેસ્ટ તૈયાર કરો. હવે આ પેસ્ટને વાળ અને માથાની ચામડી પર લગાવો. હવે થોડીવાર આંગળીઓ વડે મસાજ કરો. તમે અઠવાડિયામાં એક કે બે વાર વાળ માટે એલોવેરા અને લીમડાના પાંદડાની પેસ્ટનો ઉપયોગ કરી શકો છો.

**લીમડાના પાંદડા અને દહીંની પેસ્ટ :** અડધો કપ તાજા લીમડાના પાંદડા લો. તેમાં પાણી ઉમેરો અને પેસ્ટ તૈયાર કરો. હવે આ પેસ્ટમાં દહીં મિક્સ કરો. દહીંની પેસ્ટને થોડા સમય માટે માથાની ચામડી અને વાળ પર લગાવો. આ પેકને 40 મિનિટ માટે આમ જ રહેવા દો. આ પછી વાળને હળવા શેમ્પૂથી ધોઈ લો. તમે અઠવાડિયામાં બે વાર લીમડાના પાંદડા અને દહીંની પેસ્ટનો ઉપયોગ કરી શકો છો.

# ઘરે જ બનાવો ચટાકેદાર 'પંજાબી દમ આલુ'



પંજાબી રેસિપીનું નામ આવતાની સાથે મોંમા પાણી આવી જાય છે. આમ, કોઈ પણ ખાસ પ્રસંગ પર પંજાબી દમ આલુ બનાવવામાં આવે છે. પંજાબી દમ આલુ અને પરાઠા ખાવાની બહુ મજા આવે છે. આ રેસિપી એક એવી છે જે તમે સરળતાથી ઘરે બનાવી શકો છો અને ખાવાની બહુ મજા આવે છે. આ રેસિપી બાળકોને પણ બહુ પ્રિય હોય છે. પંજાબી દમ આલુ બનાવવા માટે ડુંગળી-ટામેટાની ગ્રેવી તૈયાર કરવામાં આવે છે. ક્રીમ અને ડ્રાય ફ્રૂટ્સથી આ સબ્જીનો સ્વાદ ડબલ થઈ જાય છે.

એક કિલો નાના બટાકા, 4 કપ કટ કરેલા ટામેટા, 2 કપ કટ કરેલી ડુંગળી, બે ચમચી તાજુ ક્રીમ, 2 થી 3 ઈલાયચી, 3 થી 4 લીલા મરચા, બે ચમચી વરિયાળી, અડધી ચમચી ખાંડ, અડધી ચમચી હળદર, 8 થી 10 લસણની કળીઓ, એક ચમચી જીરું, 4 થી 5 લવિંગ, કોથમીર, કાજુના ટુકડા, જરૂર મુજબ તેલ, સ્વાદાનુંસાર મીઠું.

## બનાવવાની રીત

સ્વાદથી ભરપૂર દમ આલુ બનાવવા માટે સૌ પ્રથમ ડુંગળી અને ટામેટાને ઝીણાં સમારી લો. પછી એક કડાઇ લો અને એમાં 3 કપ પાણી નાખીને ટામેટા નાખીને થોડા બાફી લો.

ટામેટા ઠંડા થઇ જાય એટલે મિક્સર જારમાં નાખીને બ્લેન્ડ કરીને પેસ્ટ બનાવો. આ રીતે ડુંગળીની પેસ્ટ તૈયાર કરો. એક કડાઈમાં તેલ ગરમ કરવા માટે મુકો.તેલ ગરમ થઇ જાય એટલે લવિંગ, તજ અને ઈલાયચી પાવડર નાખો. પછી ડુંગળીની પેસ્ટ સાંતળી લો.

ત્યારબાદ ટામેટાની પેસ્ટ નાખો અને તેલ છૂટ્ટુ પડે ત્યાં સુધી થવા દો. હવે આ ગ્રેવીમાં બધા મસાલા નાખીને મિક્સ કરો. જ્યારે ગ્રેવી પ્રોપર રીતે થઇ જાય એટલે તાજુ ક્રીમ, ખાંડ અને સ્વાદાનુંસાર મીઠું નાખીને મિક્સ કરી લો. ગ્રેવી થાય ત્યાં સુધી બીજી એક કડાઇ લો અને એમાં તેલ ગરમ કરવા માટે મુકો. તેલ ગરમ થઇ જાય એટલે બટાકા નાખીને એકથી બે મિનિટ માટે ફ્રાય કરી લો. હવે આ બટાકાને એક પ્લેટમાં લઇ લો. ગ્રેવીમાં કાજુ અને ફ્રાઇડ બટાકા નાખીને હળવા હાથે મિક્સ કરો. ઢાંકીને 5 થી 7 મિનિટ માટે થવા દો. તો તૈયાર છે ટેસ્ટી-ટેસ્ટી પંજાબી દમ આલુ.

# નવરાત્રિમાં ઉપવાસ દરમિયાન આ વસ્તુઓનું સેવન કરો....

આજથી ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ નવરાત્રિ હિન્દુઓના મુખ્ય તહેવારોમાંથી એક છે અને નવ દિવસ સુધી તેની ઉજવણી થાય છે. મોટી સંખ્યામાં લોકો નવરાત્રિમાં 9 દિવસ ઉપવાસ રાખીને માતા દુર્ગાની પૂજા કરે છે. ઉપવાસ સ્વાસ્થ્ય માટે ઘણી રીતે ફાયદાકારક માનવામાં આવે છે પરંતુ આ દરમિયાન કેટલીક સાવચેતી રાખવી જરૂરી છે. ઉપવાસ દરમિયાન કંઈપણ ન ખાવું સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. ચાલો આજે અમે તમને જણાવીશું કે 9 દિવસના ઉપવાસની સાચી રીત કઈ છે અને ઉપવાસ દરમિયાન લોકોએ કેવો આહાર લેવો જોઈએ. આ બાબતો જાણવી જરૂરી છે.

- નવરાત્રિ વ્રત દરમિયાન દરરોજ ઓછામાં ઓછું 2-3 લિટર પાણી પીવું જોઈએ. તમારી જાતને હાઈડ્રેટેડ રાખવી ખૂબ જ જરૂરી છે. આના કારણે શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ બેલેન્સ જળવાઈ રહે છે અને કોઈ પણ પ્રકારની સમસ્યા થતી નથી.
- ઉપવાસ દરમિયાન લોકોએ ખૂબ ફળો ખાવા જોઈએ. તેમજ સમયાંતરે ડ્રાયફ્રુટ્સનું સેવન કરવું જોઈએ. આના કારણે શરીરને યોગ્ય માત્રામાં પોષક તત્વો મળશે અને નબળાઈનો અનુભવ નહીં થાય.
- નવરાત્રિના ઉપવાસ દરમિયાન પનીર, દહીં અને બદામ જેવા પ્રોટીનયુક્ત ખોરાક લો. પ્રોટીનને પચવામાં સમય લાગે છે અને તેનાથી પેટ ભરેલું લાગે છે. પ્રોટીન સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી હોય છે.
- ઘણીવાર તમે લોકોને ઉપવાસ દરમિયાન તળેલી વસ્તુઓ ખાતા જોયા હશે પરંતુ આવું ન કરવું જોઈએ. ઓઈલી વસ્તુઓ તમારા સ્વાસ્થ્યને નુકસાન કરે છે.
- વ્રત દરમિયાન લાંબા સમય સુધી ખાલી પેટ ન રહેવું જોઈએ. દર 2-3 કલાકે કંઈક ખાવું જોઈએ. આમ ન કરવાથી માથાનો દુખાવો, એસિડિટીની સમસ્યા થઈ શકે છે. તેની સાથે વીકનેસ પણ આવી શકે છે. એટલા માટે કંઈક હેલ્ધી જરૂર ખાવું જોઈએ.

## આવા લોકો 9 દિવસ સુધી ન રાખે વ્રત

ડાયટિશિયનના જણાવ્ય પ્રમાણે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, ટીવી, કેન્સર કે અન્ય બીમારીઓથી પીડિત લોકોએ 9 દિવસ સુધી ઉપવાસ ન કરવો જોઈએ. આમ કરવાથી તેમની હાલત બગડી શકે છે. આ સિવાય ગર્ભવતી મહિલાઓએ પણ 9 દિવસ સુધી ઉપવાસ ન કરવા જોઈએ. આમ કરવાથી સમસ્યા થઈ શકે છે. જો તે ડોક્ટરની સલાહ બાદ ઉપવાસ કરતી હોય તો રોક સોલ્ટને બદલે સાદું મીઠું ખાઓ. રોક સોલ્ટમાં સોડિયમ હોતું નથી અને તેને ખાવાથી શરીરમાં સોડિયમની ઉણપ થઈ શકે છે. વૃદ્ધો અને બાળકોને પણ 9 દિવસ સુધી ઉપવાસ રાખવાની સલાહ આપવામાં આવતી નથી. માત્ર તંદુરસ્ત લોકોએ જ ઉપવાસ રાખવો જોઈએ.




# બપોરે જમ્યા બાદ આવતું ઝોકું સ્વાસ્થ્ય માટે કેટલું ફાયદાકારક?

જમ્યા બાદ થાકને કારણે સંશોધનકારોના અલગ-અલગ સિદ્ધાંત છે, પરંતુ તેઓ સામાન્ય રીતે આ વાત સાથે સહમત છે કે આ એક પ્રાકૃતિક પ્રક્રિયા છે. જમ્યા બાદ થોડી ઉંઘ આવવી સામાન્ય વાત છે અને ચિંતાની કોઈ વાત નથી. પરંતુ ઊંઘ જ્યારે વધારે આવે છે ત્યારે તે સમસ્યા બની જાય છે અને જ્યારે ઓછી આવે છે ત્યારે તે એક પ્રકારની બીમારી છે. સારા સ્વાસ્થ્ય માટે ડોક્ટરો 7 થી 8 કલાકની ઊંઘ લેવાની ભલામણ કરે છે. આટલા કલાકો સુધી ઊંઘ્યા પછી પણ જો તમને બપોરે ઊંઘ આવતી હોય તો તમારે સાવધાન થવાની જરૂર છે.

જેમ જેમ તમે ખોરાક ખાઓ છો, 15 થી 20 મિનિટ પછી ઊંઘ શરૂ થાય છે. તમે ઘરે તો ઊંઘ પૂરી કરી શકો છો, પરંતુ ઓફિસમાં હોય ત્યારે શું? આ સ્થિતિમાં ઓફિસમાં લોકો ક્યારેક ચા-કોફી પીને તો ક્યારેક વૉકિંગ કરીને ઊંઘ દૂર કરવાનો પ્રયાસ કરે છે.

## બપોરે સૂવું કેટલું યોગ્ય છે?

કેટલાક અપવાદોને બાદ કરતાં ડૉક્ટરે તમને ઊંઘવાની સલાહ આપી હોય અથવા તો દવા ખાતા હો તો, તમે રાત્રે મુસાફરી કરીને આવ્યા છો, જો કોઈ કારણસર ઊંઘ પૂરી ન થઈ હોય તો તમે બપોરે ઊંઘી શકો છો. તંદુરસ્ત વ્યક્તિ માટે બપોરે 15-20 મિનિટની ઊંઘ લેવી સારી છે. તેનાથી વધુ સૂવું અનિચ્છનીય હોઈ શકે છે.



# પલાળેલા અંજીર અનેક બીમારીઓથી આપે છે રક્ષણ

ડ્રાય ફ્રૂટ્સ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં ઘણા પોષક તત્વો મળી આવે છે જે સ્વાસ્થ્ય માટે જરૂર હોય છે. તેમાંથી એક છે અંજીર જે તમને ઘણી બીમારીઓથી બચાવવામાં મદદ કરે છે. તેમાં ફાઈબર, આયર્ન, મેગ્નેશિયમ, પોટેશિયમ, મેગેનીઝ અને ઘણા પ્રકારના એન્ટીઓક્સીડેન્ટ્સ ગુણ મળી આવે છે. જે સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખે છે. અંજીર ખાવાની સૌથી સારી રીત છે તેને પલાળીને ખાવું. તેનાથી સ્વાસ્થ્યને ખૂબ વધારે ફાયદો થાય છે.

**વેટ લોસમાં ફાયદાકારક :** અંજીર ખાવાથી વેટ લોસમાં મદદ મળે છે. હકીકતે તેના સેવનથી પેટ ભરાયેલું રહે છે અને ભૂખ ઓછી લાગે છે જેનાથી વજન કંટ્રોલમાં રહે છે.

**બ્લડ શુગર લેવલ રહે છે કંટ્રોલમાં :** અંજીરમાં પોટેશિયમનું પ્રમાણ વધારે હોય છે. જેનાથી બ્લડ શુગરનું લેવલ કંટ્રોલમાં રહે છે. જો તમને ડાયાબિટીસ છે તો રોજ પલાળેલું અંજીર જરૂર ખાઓ. તેનાથી શુગરના દર્દીને ફાયદો મળે છે.



**હાર્ટ માટે ફાયદાકારક :** અંજીરનું સેવન હાર્ટને તંદુરસ્ત રાખે છે. તેમાં હાજર એન્ટીઓક્સીડેન્ટ્સ બીપીને કંટ્રોલ કરવામાં મદદ કરે છે. તેનાથી હાર્ટની બીમારીનો ખતરો પણ ઓછો થાય છે.

**હાડકા થાય છે મજબૂત :** હાડકાની મજબૂતી માટે અંજીરનું સેવન કરવું જોઈએ. તેમાં કેલ્શિયમની સાથે સાથે પોટેશિયમ પણ મળી આવે છે જેનાથી હાડકા મજબૂત થાય છે. સાથે જ ઉંમર વધતા સાંધાના દુખાવામાં રાહત રહે છે.

## છેલ્લા ત્રણ વર્લ્ડકપમાં જે ખેલાડીએ પ્રથમ સેન્ચુરી ફટકારી તે ટીમ બની ચેમ્પિયન

# એનાલિસિસ: 2023માં વર્લ્ડકપનો તાજ ન્યૂઝીલેન્ડની ટીમના શિરે?




ગુજરાત વંદન

વન-ડે વર્લ્ડકપ 2023માં ન્યૂઝીલેન્ડના સ્ટાર ક્રિકેટર ડેવોન કોનવે પ્રથમ સદી ફટકારી હતી. જેના પગલે ક્રિકેટ ફેન્સ અને નિષ્ણાતોમાં એવી ચર્ચા થઈ રહી છે કે, વર્લ્ડકપ 2023ની ચેમ્પિયન ન્યૂઝીલેન્ડની ટીમ બનશે. કારણે છેલ્લા ત્રણ વર્લ્ડકપ પર નજર કરીએ તો જે ટીમના ખેલાડીએ વર્લ્ડકપમાં પ્રથમ સદી ફટકારીએ તે ટીમ ચેમ્પિયન બની છે.

2011ના વર્લ્ડકપમાં ભારતીય ટીમના પૂર્વ વિસ્ફોટક ખેલાડી વિરેન્દ્ર સહેવાગે બાંગ્લાદેશ સામે પ્રથમ સેન્ચુરી ફટકારી હતી. ફાઈનલ મેચમાં ટીમ ઈન્ડિયાએ શ્રીલંકાને હરાવીને 28 વર્ષ બાદ ધોનીની આગેવાનીમાં ચેમ્પિયન બન્યું હતું.

2015ના વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયાની ટીમના પૂર્વ કેપ્ટન એરોન ફિન્ચે ઈંગ્લેન્ડ સામે પ્રથમ સદી ફટકારી હતી. ફાઈનલ મેચમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ઓસ્ટ્રેલિયાની ટીમ પાંચમાં વાર વર્લ્ડકપ જીત્યો હતો. તમને જણાવી દઈએ કે, અત્યાર સુધીમાં વર્લ્ડકમાં ઓસ્ટ્રેલિયાની ટીમનો દબદબો રહ્યો છે. 2019ના વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડ ટીમના પૂર્વ કેપ્ટન જો રૂટે પાકિસ્તાન ટીમ સામે પ્રથમ સેન્ચુરી ફટકારી હતી. ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને સુપરઓવરમાં હરાવીને પ્રથમ વાર ચેમ્પિયન બન્યું હતું.

2023ના વર્લ્ડકપમાં ન્યૂઝીલેન્ડના ઓપનર ખેલાડી ડેવોન કોનવે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ સામે સદી ફટકારી હતી. જેના પગલે ક્રિકેટ નિષ્ણાતોમાં એવો સવાલ થઈ રહ્યો છે કે, 2023માં ન્યૂઝીલેન્ડની ટીમ ચેમ્પિયન બનશે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં પ્રથમ મેચ ડિફેન્ડીંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાઈ હતી. જેમાં ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પરિણામે ઈંગ્લેન્ડે 50 ઓવરમાં 9 વિકેટના નુકસાને 282 રન બનાવ્યા હતા. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમે 36.2 ઓવરમાં 1 વિકેટના નુકસાને ટાર્ગેટ પાર પાડીને વર્લ્ડકપમાં વિજયથી પ્રારંભ કર્યો હતો. ડેવોન કોનવેએ વર્લ્ડકપની ઓપનિંગ મેચમાં જ સદી ફટકારી હતી. કોનવેએ 121 બોલમાં 19 ફોર અને 3 સિક્સની મદદથી અણનમ 152 રન બનાવ્યા હતા.

## ક્રિસ ગેલને પછાડીને હિટમેન સિક્સર કિંગ બન્યો

# રોહિત શર્મા વન-ડે વર્લ્ડ કપમાં 7 સદી ફટકારનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો




ગુજરાત વંદન

રોહિત શર્માએ અફઘાનિસ્તાન સામે 3 સિક્સ ફટકારતા આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં રોહિત સિક્સર કિંગ બની ગયો છે. રોહિત શર્માએ 63 બોલમાં આક્રમક સેન્ચુરી ફટકારી હતી. રોહિત શર્માએ વન-ડે, ટી-20, અને ટેસ્ટ ક્રિકેટમાં 555 સિક્સ ફટકારી છે. જ્યારે વેસ્ટઈન્ડિઝના પૂર્વ વિસ્ફોટ ક્રિકેટર ક્રિસ ગેલ અગાઉ ત્રણેય ફોર્મેટમાં 553 સિક્સ ફટકારી હતી. ત્રીજા નંબરે પાકિસ્તાના પૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી છે જેણે 476 સિક્સ ફટકારી છે. રોહિત શર્માએ અફઘાનિસ્તાન સામે 63 બોલમાં સદી ફટકારી હતી. તે ODI વર્લ્ડ કપમાં 7 સદી ફટકારનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો. તેણે 44 ઈનિંગ્સમાં 6 સદી ફટકારનાર સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો છે.

રોહિતે 2015માં એક સદી અને 2019માં 5 સદી ફટકારી હતી. રોહિતની વન-ડે કારકિર્દીની આ 31મી સદી છે.

વન-ડેમાં સૌથી વધુ સદીઓની બાબતમાં તેણે ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટિંગને પાછળ છોડી દીધો છે, જેના નામે 30 સદી છે. સૌથી વધુ સદી ફટકારવાના મામલે રોહિત હવે ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. સચિન તેંડુલકર પ્રથમ સ્થાને (49 સદી) અને વિરાટ કોહલી બીજા સ્થાને (47 સદી) છે.

રોહિતે પણ માત્ર 30 બોલમાં જ પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. તો તેણે 63 બોલમાં સદી ફટકારી હતી. તે સૌથી ઓછા બોલમાં વર્લ્ડ કપમાં સદી ફટકારનાર ભારતનો ખેલાડી બન્યો છે. તેણે કપિલ દેવનો 40 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો જેમણે 1983ના વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વે સામે 72 બોલમાં સદી ફટકારી હતી.

## રૂટે ઈંગ્લેન્ડના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન ગ્રાહમ ગૂચનો રેકોર્ડ તોડ્યો

# વર્લ્ડકપમાં રુટ ઈંગ્લેન્ડ તરફથી સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બન્યો

ગુજરાત વંદન




વન-ડે વર્લ્ડકપમાં મંગળવારે ઈંગ્લેન્ડ અને બાંગ્લાદેશ વચ્ચે ધર્મશાલાના હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશનના સ્ટેડિયમમાં રમાઈ હતી. બાંગ્લાદેશે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પરિણામે ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરીને 50 ઓવરમાં 9 વિકેટના નુકસાને 364 રન બનાવ્યા હતા. બાંગ્લાદેશને મેચ જીતવા 365 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેના જવાબમાં બાંગ્લાદેશની ટીમ 227 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

આ મેચ દરમિયાન જો રૂટ વન-ડે વર્લ્ડકપના ઈતિહાસમાં ઈંગ્લેન્ડ તરફથી સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બનો ગયો છે. જો રૂટે ઈંગ્લેન્ડના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન ગ્રાહમ ગૂચનો રેકોર્ડ તોડ્યો હતો. ગૂચે વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડ તરફથી 897 રન બનાવ્યા હતા.

ઈંગ્લેન્ડ તરફથી જોની બેરસ્ટોએ 52 રનની ઈનિંગ રમી હતી. ત્યારબાદ ડેવિડ મલાન અને જો રૂટે 151 રનની ભાગીદારી કરી ઈંગ્લેન્ડને મજબૂત સ્થિતિમાં પહોંચાડી દીધી હતી. આ દરમિયાન જો રૂટે ફિફ્ટી ફટકારીને આઉટ થયો હતો. બાંગ્લાદેશ સામે જો રૂટે 83 રનની શાનદાર ઈનિંગ રમી હતી.

વન-ડે વર્લ્ડકપમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પૂર્વ ભારતીય બેટ્સમેન સચિન તેંડુલકરના નામે છે. તેંડુલકરે વર્લ્ડકપમાં 2278 રન બનાવ્યા છે. આ ઉપરાંત બીજા નંબર પર ઓસ્ટ્રેલિયાનો પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ છે. પોન્ટિંગે વર્લ્ડકપમાં 1743 રન બનાવ્યા છે. કુમાર સંગાકારાએ 1532 રન અને બ્રાયન લારાએ 1225 રન બનાવ્યા છે.

# વર્લ્ડકપમાં પાંચ વખત ચેમ્પિયન રહેલી ઓસ્ટ્રેલિયાની આફ્રિકા સામે સૌથી મોટી હાર

■ આ અગાઉ 1983માં ભારતે ઓસ્ટ્રેલિયાને 118 રનથી હરાવ્યું હતું

ગુજરાત વંદન



ઓસ્ટ્રેલિયાને વન-ડે વર્લ્ડ કપમાં સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો છે. લખનઉમાં સાઉથ આફ્રિકાએ ટીમને 134 રનના વિશાળ અંતરથી પરાજય આપ્યો હતો. આ પહેલાં 1983માં ભારતે ઓસ્ટ્રેલિયાને 118 રનથી હરાવ્યું હતું.એકાના સ્ટેડિયમમાં ટૉસ હાર્યા બાદ દક્ષિણ આફ્રિકાની ટીમે પ્રથમ બેટિંગ કરી હતી અને 50 ઓવરમાં 7 વિકેટે 311 રન બનાવ્યા હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયા 40.5 ઓવરમાં 177 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. દક્ષિણ આફ્રિકા તરફથી ઓપનર ક્વિન્ટન ડી કોકે સદી ફટકારી હતી, જ્યારે કાગિસો રબાડાએ 3 વિકેટ ઝડપી હતી.

વર્લ્ડ કપની ચોથી સિઝન ભારત અને પાકિસ્તાનની યજમાનીમાં રમાઈ હતી. આ વખતે ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાનો સામનો ઈંગ્લેન્ડ સામે થયો હતો. અહીં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા પાંચ વિકેટના નુકસાન પર 253 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમ આઠ વિકેટના નુકસાને માત્ર 246 રન જ બનાવી શકી હતી. આ રીતે કાંગારૂ ટીમે ફાઈનલ મેચમાં સાત રનથી રોમાંચક વિજય મેળવ્યો હતો.વર્લ્ડ કપની સાતમી સિઝન ઈંગ્લેન્ડની યજમાનીમાં રમાઈ હતી. આ વખતે ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાનો મુકાબલો પાકિસ્તાન સાથે થયો હતો. પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરતા 132 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાએ બે વિકેટના નુકસાને આસાનીથી હાંસલ કરી લીધું હતું.

ઓસ્ટ્રેલિયા 2003માં ત્રીજી વખત ચેમ્પિયન બન્યું હતું. આ વખતે ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાનો સામનો ભારત સાથે થયો હતો. પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ બે વિકેટના નુકસાને 359 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમ 234 રનમાં સમેટાઈ ગઈ હતી. આ ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયન ટીમને 125 રનથી મોટી જીત મળી હતી.

ઓસ્ટ્રેલિયા 2007માં ચોથી વખત ચેમ્પિયન બન્યું હતું. . આ વખતે સતત ત્રીજી વખત અને કુલ ચોથી વખત ઓસ્ટ્રેલિયન ટીમ ટાઈટલ કબજે કરવામાં સફળ રહી હતી. ફાઈનલ મેચમાં કાંગારૂ ટીમનો મુકાબલો શ્રીલંકા સામે થયો હતો. પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ ચાર વિકેટના નુકસાને 281 રન બનાવ્યા હતા. ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમ 8 વિકેટના નુકસાને 215 રન જ બનાવી શકી હતી. ઓસ્ટ્રેલિયાએ 2015માં પાંચમી વખત આ ખિતાબ કબજે કર્યો હતો. ફાઈનલ મેચમાં ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરીને 183 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમે ત્રણ વિકેટના નુકસાને આસાનીથી હાંસલ કરી લીધું હતું.

## શ્રીલંકા બાદ ઓસ્ટ્રેલિયા સામે સદી ફટકારી હતી

# વર્લ્ડકપમાં ક્વિન્ટન ડી કોકે સતત બીજી સદી ફટકારી

ગુજરાત વંદન




વર્લ્ડકપમાં ગુરૂવારે ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે લખનઉના એકાના સ્ટેડિયમમાં મુકાબલો ખેલાયો હતો. જેમાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આફ્રિકાના ઓપનર ખેલાડી ક્વિન્ટન ડી કોકે વર્લ્ડકપમાં સતત બીજી મેચમાં સદી ફટકારી હતી. નોંધનીય છે કે, આ અગાઉ ડી કોકે શ્રીલંકા સામે પ્રથમ મેચમાં સદી ફટકારી હતી.

ક્વિન્ટન ડી કોકે 90 બોલમાં સદી ફટકારી હતી. જોકે,સેન્ચુરી માર્યા બાદ તરત જ આઉટ થઈ ગયો હતો. ડી કોકે 106 બોલમાં 5 સિક્સ અને 8 ફોરની મદદથી 109 રન બનાવીને મેક્સવેલનો શિકાર બન્યા હતો.

ઓસ્ટ્રેલિયા સામે સાઉથ આફ્રિકાની ટીમે શાનદાર શરુઆત કરતા પ્રથમ વિકેટ માટે કેપ્ટન બાવુમા અને ડી કોકે 108 રનની ભાગીદારી કરી હતી. બાવુમા 35 રન બનાવીને મેક્સવેલે આઉટ કર્યો હતો. રાસી વાન ડેર ડુસેન પણ 26 રન બનાવીને પેવેલિયન ભેગો થઈ ગયો હતો.

એકાના સ્ટેડિયમમાં ટૉસ હાર્યા બાદ દક્ષિણ આફ્રિકાની ટીમે પ્રથમ બેટિંગ કરી હતી અને 50 ઓવરમાં 7 વિકેટે 311 રન બનાવ્યા હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયા 40.5 ઓવરમાં 177 રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. દક્ષિણ આફ્રિકા તરફથી ઓપનર ક્વિન્ટન ડી કોકે સદી ફટકારી હતી, જ્યારે કાગિસો રબાડાએ 3 વિકેટ ઝડપી હતી.

## ધર્મશાલામાં ઈંગ્લેન્ડ સામે રમાયેલી મેચમાં

# ICCએ સ્લો ઓવર રેટ બદલ બાંગ્લાદેશની ટીમને દંડ ફટકાર્યો

ગુજરાત વંદન



ધર્મશાલામાં મંગળવારે રમાયેલી વન-ડે વર્લ્ડકપની 7મી મેચમાં બાંગ્લાદેશની ટીમને ઈંગ્લેન્ડના હાથે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલ(ICC)એ બાંગ્લાદેશની ટીમને દંડ પણ ફટકાર્યો છે. જેના પગલે શાકિબ અલ હસનની ટીમને ડબલ ફટકો પડ્યો છે. ICCએ સ્લો ઓવર રેટ માટે બાંગ્લાદેશની ટીમને દંડ ફટકાર્યો છે.

બાંગ્લાદેશની ટીમને તેની મેચ ફીના 5 ટકા દંડ કરવામાં આવ્યો છે. ICC એલિટ પેનલના મેચ રેફરી જવાગલ શ્રીનાથે શાકિબ અલ હસનની ટીમને સમયસર 50 ઓવર ન નાખવા બદલ સજા કરી હતી. બાંગ્લાદેશની ટીમે એક ઓવર મોડી કરી હતી. ICCના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ માટે બનાવવામાં આવેલા કોડ ઓફ કંડક્ટના આર્ટિકલ 2.2 મુજબ ટીમના દરેક ખેલાડીને એક ઓવરમાં વિલંબ કરવા બદલ મેચ ફીના 5 ટકા દંડ કરવામાં આવે છે. શાકિબ અલ હસને ટીમનો ગુનો સ્વીકાર્યો અને સૂચિત સજા પણ સ્વીકારી હતી. તેથી આ અંગે કોઈ સુનાવણી થશે નહીં. ફિલ્ડ અમ્પાયર અહેસાન રઝા અને પોલ વિલ્સન, થર્ડ અમ્પાયર એડ્રિયન હોલ્ડસ્ટોક અને ચોથા અમ્પાયર કુમાર ધર્મસેનાએ ટીમ પર આ આરોપ લગાવ્યો હતો. આ પહેલા ODI World Cup 2023માં શ્રીલંકાની ટીમને સ્લો ઓવર રેટ માટે દંડ ફટકારવામાં આવ્યો હતો. શ્રીલંકાને તેની મેચ ફીના 10 ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો કારણ કે શ્રીલંકાએ દક્ષિણ આફ્રિકા સામે બે ઓવર મોડી ફેંકી હતી.

# પાકિસ્તાને ODIના ઈતિહાસમાં સૌથી મોટો ટાર્ગેટ ચેઝ કર્યો

■ એક જ મેચમાં પાક.- શ્રીલંકાના બે-બે ખેલાડીએ સદી ફટકારી

ગુજરાત વંદન

પાકિસ્તાને અને શ્રીલંકા વચ્ચે મંગળવારે વન-ડે વર્લ્ડકપની 8મી મેચ રમાઈ હતી. પાકિસ્તાને ODI વર્લ્ડ કપના ઈતિહાસના સૌથી મોટા ટાર્ગેટને ચેઝ કર્યો હતો. શ્રીલંકાએ 50 ઓવરમાં 9 વિકેટના નુકસાને 344 રન બનાવ્યા હતા. જેના જવાબમાં પાકિસ્તાનની ટીમે 48.1 ઓવરમાં જ 345 રનનો વિશાળ ટાર્ગેટ પાર પાડી ઈતિહાસ રચી દીધો હતો.

પાકિસ્તાન તરફથી મોહમ્મદ રિઝવાન અને અબ્દુલ્લા શફીકે શાનદાર સદી ફટકારી અને 48.1 ઓવરમાં જ મેચ જીતી લીધી હતી. વર્લ્ડકપમાં આ સૌથી મોટા ટાર્ગેટ ચેઝનો રેકોર્ડ છે. આ અગાઉ 2011ના વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડ 327 રન બનાવ્યા હતા. જેના જવાબમાં આયર્લેન્ડે આ ટાર્ગેટ ચેઝ કર્યો હતો.

વર્લ્ડકપમાં પહેલીવાર આવું બન્યું હતું જ્યારે એક જ મેચમાં પાકિસ્તાનના બે બેટ્સમેનોએ સદી ફટકારી હતી. આ સાથે જ વર્લ્ડકપના ઈતિહાસમાં પણ પહેલીવાર એવું બન્યું હતું જ્યારે એક મેચમાં 4 સદી ફટકારવામાં આવી હોય. ઓવરઓલ ODIમાં આ ત્રીજી વખત બન્યું છે. આ સિવાય પણ આ મેચમાં ઘણા મોટા રેકોર્ડ બન્યા હતા.

### વન-ડે વર્લ્ડકપમાં સૌથી મોટો ટાર્ગેટ ચેઝ કરવાનો રેકોર્ડ

- 345 રન પાકિસ્તાન vs શ્રીલંકા, હૈદરાબાદ, 2023*
- 328 રન આયર્લેન્ડ vs ઈંગ્લેન્ડ, બેંગલુરુ, 2011
- 322 રન બાંગ્લાદેશ vs વેસ્ટ ઈન્ડિઝ, ટોન્ટન, 2019
- 319 રન બાંગ્લાદેશ vs સ્કોટલેન્ડ, નેલ્સન, 2015

## 11મી ડિસેમ્બરે વર્લ્ડ એથ્લેટિક્સના વિજેતાના નામની જાહેરાત કરાશે

# નીરજ ચોપરા વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર માટે થયો નોમિનેટ

ગુજરાત વંદન




ભારતના સ્ટાર જેવેલીન થ્રોઅર નીરજ ચોપરા માટે આ વર્ષ અત્યાર સુધી શાનદાર રહ્યું છે. વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ અને એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ હવે તે વધુ એક રેકોર્ડ બનાવવા માટે તૈયાર છે. નીરજ ચોપરાને 'વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર' એવોર્ડ 2023 માટે નોમિનેટ કરવામાં આવ્યો છે. આ વખતે વિશ્વભરમાંથી 11 ખેલાડીઓને વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર એવોર્ડ માટે નોમિનેટ કરવામાં આવ્યા છે. 11મી ડિસેમ્બરે વર્લ્ડ એથ્લેટિક્સના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વિજેતાના નામની જાહેરાત કરવામાં આવશે.

નીરજ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી છે. નીરજે ઓગસ્ટમાં હંગેરીના બુડાપેસ્ટમાં રમાયેલી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ જ મહિનામાં નીરજ ચોપરાએ 19મી એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. નીરજે 88.88 મીટરનું અંતર કાપીને ગોલ્ડ જીત્યો હતો. નીરજ ચોપરાએ છેલ્લી એશિયન ગેમ્સમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

વર્લ્ડ એથ્લેટિક્સ કાઉન્સિલ અને વર્લ્ડ એથ્લેટિક્સ પરિવારો ઈમેલ દ્વારા તેમનો મત આપશે, જ્યારે ચાહકો વર્લ્ડ એથ્લેટિક્સ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા ઓનલાઈન મતદાન કરી શકે છે. દરેક નોમિની માટે વ્યક્તિગત ગ્રાફિક્સ આ અઠવાડિયે ફેસબુક, ટ્વિટર(X), ઈન્સટાગ્રામ અને યુટ્યૂબ પર પોસ્ટ કરવામાં આવશે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પર X પર 'લાઈક' અથવા રીટ્વીટને મત તરીકે ગણવામાં આવશે.

# વર્લ્ડકપમાં આજે ઈંગ્લેન્ડ અને અફઘાન વચ્ચે દિલ્હીમાં મુકાબલો

ગુજરાત વંદન




વર્લ્ડ કપમાં આજે રવિવારે ઈંગ્લેન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચે દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમમાં મેચ રમાશે. અફઘાનિસ્તાન પોતાની બંને મેચ હારી ગઈ છે. જ્યારે ઈંગ્લેન્ડને એકમાં હાર અને એકમાં જીત મેળવી છે.

વન-ડે વર્લ્ડ કપ 2023માં ડિફેન્ડિંગ ચેમ્પિયન્સ ઈંગ્લેન્ડ ધર્મશાલામાં બાંગ્લાદેશને 137 રનના વિશાળ માર્જિનથી હરાવ્યું હતું. વર્લ્ડ કપમાં બાંગ્લાદેશ સામે ટીમની આ સૌથી મોટી જીત છે. આ પ્રથમ જીત હતી. જ્યારે ન્યૂઝીલેન્ડ સામે હારનો સામનો કરવો પડ્યા હતા.

ઈંગ્લેન્ડ તરફથી ડેવિડ મલાને 140 રન બનાવ્યા હતા, તેને જો રૂટે સપોર્ટ કર્યો હતો, જેણે 82 રનની ઈનિંગ રમી હતી. બીજી ઈનિંગમાં લેફ્ટ આર્મ ફાસ્ટ બોલર રીસ ટોપ્લીએ 4 વિકેટ લઈને બાંગ્લાદેશને બેકફૂટ પર લાવી દીધું હતું.

ભારતે વન-ડે વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાનને અરૂણ જેટલી સ્ટેડિયમમાં જ 8 વિકેટે હરાવ્યું હતું. ત્યારે આજે ફરી અફઘાનિસ્તાન આ સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ સામે રમશે. અરુણ જેટલી સ્ટેડિયમમાં બુધવારે પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાને 8 વિકેટે 272 રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયાએ માત્ર 35 ઓવરમાં જ ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો.

# ઇઝરાયલ-હમાસ યુદ્ધ: તસ્વીરો દર્શાવે છે ભયાનકતા.. કરુણતા.. સામાન્ય દિનચર્યા... કાટમાળની વચ્ચે...!














## જાસુસી સંસ્થા હમાસે પૂરવાર કર્યું- હમ કિસીસે કમ નહીં....કમ ઓન...

# સશસ્ત્ર સૈનિકો કાંઇ તમામ સમસ્યાઓનો જવાબ નથી....!

ગુજરાત વંદન

બરાબર 50 વર્ષ પહેલાં 6 ઓક્ટોબર, 1973ના રોજ, ઈજિપ્તના અનવર સાદતની આગેવાની હેઠળના આરબ ગઠબંધને ઈઝરાયેલ પર સંપૂર્ણપણે અણધાર્યો હુમલો કર્યો હતો. ઈઝરાયેલના તત્કાલીન વડાપ્રધાન ગોલ્ડા મેયર આ હુમલાથી ચોંકી ગયા હતા. પરંતુ અમેરિકાના સક્રિય સમર્થનથી તેઓ આખરે યુદ્ધ જીતી ગયા હતા.

ઈતિહાસમાં 'યોમ કિપ્પુર યુદ્ધ' તરીકે નોંધાયેલ, આ યુદ્ધે ઈઝરાયેલની ગુપ્તચર સેવાઓને શરમજનક બનાવી દીધી હતી. અડધી સદી પછી, 2023માં યોમ કિપ્પુર યુદ્ધની પચાસમી વર્ષગાંઠ પર, ઈજિપ્ત કરતા અનેક ગણા નાના અને નબળા હમાસે, ઈઝરાયેલી ગુપ્તચર સેવાના દરવાજા પર શાબ્દિક રીતે અબ્રુની મશાલો લટકાવી દીધી... લે લેતો જા...!

.આ હુમલાએ માત્ર ઈઝરાયેલના અત્યંત ભ્રષ્ટ, લડાયક અને અનૈતિક વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુના મૂડને નીચે લાવ્યો નથી; પરંતુ તેમની સિસ્ટમને પણ બતાવ્યું કે હમાસ શું છે. હમાસે એ પણ બતાવ્યું કે ઇઝરાયેલનો દાવો કેટલો પોકળ છે કે એન્ટી મિસાઈલ નેટવર્ક અભેદ્ય છે. હમાસે ઈઝરાયલને પડકાર્યુ અને પકડ્યું પણ કર્યું. જેમને કોઈ ખ્યાલ ન હતો કે આવું થશે, અને દર્શાવ્યું કે ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ, 24-કલાક દેખરેખ અને માહિતીના દૂરના નેટવર્કને પ્રસંગોપાત નિષ્ફળ બનાવી શકાય છે.

પચાસ વર્ષમાં ઈઝરાયેલે આવા અપમાનજનક આક્રમણનો સામનો કર્યો નથી. જે હમાસે કર્યું. એ વાત સાચી છે કે હમાસને ઈઝરાયલ કરતાં વધુ કિંમત ચૂકવવી પડશે. એ પણ સાચું છે કે ઈઝરાયલી યહૂદીઓ કરતાં વધુ પેલેસ્ટિનિયનો મૃત્યુ પામશે.

એ વાત સાચી છે કે અંતિમ વિજય ઈઝરાયેલનો જ થશે. પરંતુ આટલા વિજયી હોવા છતાં, ઈઝરાયેલના વડા પ્રધાન, બેન્જામિન નેતન્યાહુ આ યુદ્ધમાં અપમાનિત અને પરાજય પામશે, અને તેમની સાથે ઈઝરાયેલના વૈચારિક રીતે અંધ સમર્થકોની હાર હશે જેઓ માને છે કે સશસ્ત્ર માણસો એટલે કે સૈનિકો કાંઇ તમામ સમસ્યાઓનો જવાબ છે. પરંતુ વાસ્તવમાં એવુ નથી.

ઈઝરાયલ સરકારને અંદાજ પણ નહોતો કે 'હમાસ' દરિયાઈ, હવા અને જમીનથી ઘૂસણખોરી કરવાની તૈયારી કરી રહ્યું છે. જેરુસલેમના અલ અક્સા મસ્જિદ વિસ્તારમાં આ કોઈ સામાન્ય અથડામણ નથી. હમાસ દ્વારા ઈઝરાયેલ સામે આ એક ખૂબ જ પૂર્વ આયોજિત યુદ્ધ છે. તેથી જ આ હુમલાઓ શરૂ થયા અને નારાજ થયેલા યહૂદી નાગરિકો રસ્તા પર ઉતરી આવ્યા અને સોશિયલ મીડિયા પર ગુસ્સામાં પૂછ્યું, 'સરકાર ક્યાં છે?'








**નારાજ યહૂદી નાગરિકો રસ્તા પર ઉતરી આવ્યા, સોશિયલ મીડિયા પર ગુસ્સામાં પૂછ્યું, 'સરકાર ક્યાં છે?'**


યહૂદીઓ આવા સંયમ માટે ટેવાયેલા નથી. તેમાં સરકારની પોકળ મર્દુમકી ભાષા. પેગાસસ જેવા જાસૂસી સૉફ્ટવેરની મદદથી ઈઝરાયેલી સુરક્ષા દળો દ્વારા પેલેસ્ટિનિયન સરકાર અને વહીવટીતંત્રની ઘૂસણખોરી સાથે જોડાય છે. આનાથી ઈઝરાયેલ માટે પેલેસ્ટાઈનની દરેક હિલચાલ પર નજર રાખવાનું શક્ય બન્યું. છતાં તે દેશ પર આવો આયોજનબદ્ધ હુમલો થઈ શકે છે.

વડા પ્રધાન નેતન્યાહુ ગર્જ્યા કે, "આ યુદ્ધ છે." પરંતુ ત્યાં સુધીમાં તે દેશની સંરક્ષણ વ્યવસ્થા ખતમ થઈ ગઈ હતી. આ કારણે જ સોશિયલ મીડિયા પર સંરક્ષણ પ્રધાન યોવ ગાલાંટના વિરોધનો સૂર ઉઠ્યો હતો. હમાસનો હુમલો ઈઝરાયલ માટે અન્ય કારણસર અત્યંત શરમજનક છે.

પહેલીવાર એવુ થયું કે, ઘણા ઈઝરાયેલી નાગરિકો અને સૈનિકોને હમાસ દ્વારા બંધક બનાવવામાં આવ્યા છે અને તેમની સુરક્ષા રાજકીય વિનિમયમાં મુખ્ય મુદ્દો હશે. નેતન્યાહુ સરકાર માટે, હમાસ જેવા આતંકવાદી સંગઠન દ્વારા તેના સશસ્ત્ર, સારી રીતે પ્રશિક્ષિત સૈનિકોને બંધક બનાવતા જોવા કરતાં વધુ શરમજનક કંઈ નહીં હોય.

આંતરરાષ્ટ્રીય બાબતોના નિ્ણાતોના મતે, વિજય આખરે ઈસ્રાએલીઓનો જ થશે. કેમ કે અમેરિકાને તે દેશ ગુમાવવો પોસાય તેમ નથી. નેતન્યાહુ વિજયમાં સ્મિત કરી શકશે. ઉગ્રવાદી હમાસે આપણા કરતાં વધુ ઉગ્રવાદી અને શક્તિશાળી કટ્ટરપંથીઓને પડકાર્યા છે. હમાસ પરાજિત થશે; તે પણ નક્કી છે. પરંતુ 'બીબી' ઉર્ફ બિન્યામીન નેતન્યાહુની નિષ્ફળ કારકિર્દીની આ પુલવામા ક્ષણ તેમની નેતૃત્વ મર્યાદાઓ જાહેર કર્યા વિના રહેશે નહીં, તે પણ નિશ્ચિત છે.

આ કટ્ટરપંથીઓના સંઘર્ષમાં મરવાનું છે એવા પેલેસ્ટિનિયનોને કે જેમની પાસે પોતાની માતૃભૂમિ પણ નથી તેમનું ભાગ્ય કરતાં તે માનવતાની કમનસીબી છે કે આધુનિક વિશ્વમાં તેને બદલવાની શક્તિ નથી. હમાસનો હુમલો એ વાતને રેખાંકિત કરે છે.





# સંજય લીલા ભણશાળીની બૈજુ બાવરામાં કિયારા અડવાણીની પણ એન્ટ્રી!

સંજય લીલા ભણશાળીની 'બૈજુ બાવરા'માં કિયારા અડવાણીની પણ એન્ટ્રી થઈ હોવાનું ચર્ચાય છે. આ ફિલ્મના મુખ્ય કલાકારોમાં આલિયા ભટ્ટ તથા રણવીર સિંહનો સમાવેશ થાય છે. કિયારા પણ આ ફિલ્મમાં મહત્વની ભૂમિકામાં હોવાની સંભાવના છે. જોકે, કિયારા કે સંજય લીલા ભણશાળી તરફથી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરાઈ નથી.

અગાઉ, બૈજુ બાવરામાં કાસ્ટિંગ બાબતે ચર્ચા શરુ થઈ હતી ત્યારે સંજય લીલા ભણશાળીની ટીમમાંથી એવું કહેવાયું હતું કે આ બધી અફવાઓ છે. અમે ફિલ્મ બાબતે યોગ્ય સમયે સત્તાવાર જાહેરાત કરશું.

સંજય લીલા ભણશાળી લાંબા સમયથી 'બૈજુ બાવરા'નું પ્લાનિંગ કરી રહ્યા છે. આલિયા ભટ્ટ તેમાં મુખ્ય ભૂમિકા ભજવશે તે પણ અગાઉથી નક્કી છે. આલિયાની 'ગંગુબાઈ કાઠિયાવાડી' પછી સંજય લીલા ભણશાળી સાથેની આ બીજી ફિલ્મ હશે. જ્યારે રણવીર આ અગાઉ સંજય લીલા ભણશાળીની રામલીલા' તથા 'પદ્માવત'માં કામ કરી ચૂક્યો છે.

સંજય લીલા ભણશાળી બોલીવૂડના ગોલ્ડન યુગની 'બૈજુ બાવરા'ની રિમેક બનાવી રહ્યા છે. જોકે, આ ફિલ્મમાં મૂળ ફિલ્મ જેવો સેમી ક્લાસિકલ મ્યુઝિકનો ટચ હશે કે કેમ તે અંગે અટકળો સેવાય છે.

# વિદ્યુત જામવાલ અને નંદિતા મહેતાની વચ્ચે પેચ અપઃ ટૂંક સમયમાં લગ્ન

વિદ્યુત જામવાલ તથા નંદિતા મહેતાતાની વચ્ચે સગાઈ બાદ બ્રેક અપ થઈ ગયાની અફવા હતી. પરંતુ, હવે એવા સમાચાર છે કે બંને વચ્ચે પેચ અપ થઈ ગયું છે અને તેઓ ટૂંક સમયમાં લગ્ન કરી શકે છે.

વિદ્યુત અને નંદિતાએ બે વર્ષ પહેલાં સગાઈ કરી હતી. વિદ્યુતે તેને તાજમહેલ સમક્ષ પ્રપોઝ કર્યું હતું. તે પછી બંને લંડનમાં વેડિંગ કરી રહ્યાં હોવાની વાત ફેલાઈ હતી. જોકે, બાદમાં તરત જ એવા સમચાર આવ્યા હતા કે વિદ્યુત પોતાની કારકિર્દીમાં વધુ પડતો વ્યસ્ત રહેતો હોવાથી તથા નંદિતાને પૂરતો સમય નહીં આપતો હોવાથી બંને વચ્ચે બ્રેક અપ થઈ ગયું છે. જોકે, બંનેમાંથી કોઈએ પણ આ બ્રેક અપ વિશે કોઈ પુષ્ટિ કરી ન હતી. એક તબક્કે તો બંનેએ ગુપચુપ લગ્ન કરી લીધાં હોવાની પણ વાત ફેલાઈ હતી. હવે ફરીથી એવી વાત ફેલાઈ છે કે બંને વચ્ચે સમાધાન થઈ ગયું છે અને તેમની વચ્ચેની તમામ ગેરસમજ દૂર થઈ ગઈ છે. આથી બંને ટૂંક સમયમાં લગ્ન કરી લેશે. નંદિતા કરિશ્મા કપૂરના ભૂતપૂર્વ પતિ સંજય નંદાની એક્સ વાઈફ રહી ચૂકી છે. એક તબક્કે તે અને રણબીર કપૂર ડેટિંગ કરી રહ્યાં હોવાનું પણ ચર્ચાયું હતું.

# શિલ્પા શેટ્ટીનો પીળા રંગની સાડીમાં ગોર્જિયસ લૂક

બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી પીળા રંગની સાડી પહેરીને કેમેરાની સામે આવતાની સાથે જ તેના લુકથી બધા મંત્રમુગ્ધ થઈ ગયા હતા. પીળી સાડીમાં અભિનેત્રી ખૂબ જ સુંદર દેખાતી હતી અને કેમેરાની સામે ઘણા કિલર પોઝ આપ્યા હતા.

લેટેસ્ટ ફોટોઝમાં શિલ્પા શેટ્ટી પીળા રંગની સાડીમાં એટલી સુંદર દેખાતી હતી કે તેનો લુક જોઈને ચાહકો તેના વખાણ કરતા થાકતા નથી. આ તસવીરોમાં શિલ્પાએ સિકવન્સ વર્ક સાથે આડા ગળાના બ્લાઉઝ સાથે પીળા રંગની સાડી પહેરી છે. આ બ્લાઉઝ પહેરવાથી તેની સાડીની સુંદરતા વધી ગઈ હતી.


તેના લુકને પૂર્ણ કરવા માટે, શિલ્પા શેટ્ટી તેના કાનમાં મોટી બુટ્ટીઓ અને તેના હાથમાં ભારે બ્રેસલેટ સાથે જોવા મળી હતી અને તેના વાળ ખુલ્લા હતા. આ સાથે તેણીએ સટલ મેકઅપ કર્યો હતો. શિલ્પા પોતાનો લુક પૂરો કરીને રિયાલિટી શોના સેટ પર પહોંચતા જ તેની કિલર સ્ટાઈલ જોઈને પેપ્સે પણ તેનો લુક કેમેરામાં કેદ કરવા માંડ્યો.

તમને જણાવી દઈએ કે, શિલ્પા શેટ્ટી 'ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ'ના સેટ પર પહોંચી હતી. આ દિવસોમાં અભિનેત્રી ફિલ્મી હસ્તીઓ સાથે ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ શોને જજ કરી રહી છે.



# આપણે હોલિવૂડની જેમ 2000-3000 કરોડની ફિલ્મ બનાવીશુ: અક્ષય કુમાર

અક્ષય કુમારની લેટેસ્ટ ફિલ્મ મિશન રાનીગંજને બોક્સઓફિસ પર એવરેજ રિસ્પોન્સ છે.આ ફિલ્મને બોક્સઓફિસ પર કેવો રિસ્પોન્સ મળશે, તે અંગે વાત કરતાં અક્ષયકુમારે જણાવ્યું હતું કે, બિઝનેસની ચર્ચા કરી ફિલ્મો પર પ્રેશર થવું જોઈએ નહીં. બિઝનેસના બદલે સ્ટોરી અને કન્ટેન્ટની વાત થવી જોઈએ. હાલના સમયમાં 100 કરોડનું કલેક્શન સાવ સામાન્ય થઈ ગયું છે, તેવી સલમાન ખાને કોમેન્ટ કરી હતી. આ સંદર્ભે વાત કરતાં અક્ષયે દાવો કર્યો હતો કે, હોલિવૂડની જેમ ઈન્ડિયન સિનેમા પણ 2000-3000 કરોડની ફિલ્મ આપવા સક્ષમ છે. જવાન અને ગદર 2ના બોક્સઓફિસ કલેક્શન અંગે વાત કરતાં અગાઉ સલમાન ખાને જણાવ્યુ હતું કે, રૂ.100 કરોડની ક્લબ હવે મોટી વાત નથી. હવે નવો બેન્ચમાર્ક રૂ.1000 કરોડના કલેક્શનનો હોવો જોઈએ. અક્ષય કુમારનું માનવું છે કે, બિઝનેસનો વિચાર કરવાથી ફિલ્મો પર પ્રેશર આવે છે. તેને માત્ર બિઝનેસની દ્દષ્ટિથી જોવી જોઈએ નનહીં. કેટલીક સ્ટોરીઝ કહેવાય તે જરૂરી હોય છે અને તેને બિઝનેસ સાથે સરખાવી શકાય નહીં.



શાહરૂખ ખાનની ફિલ્મ જવાનની સફળતા અંગે ખુશી વ્યક્ત કરતાં અક્ષયે કહ્યું હતું કે, હજુ ઘણી વધારે ફિલ્મો હિટ જાય તેવી આશા છે. શાહરૂખની જવાને આવો સારો બિઝનેસ કર્યો તેનાથી આનંદ થયો છે. તેની સાથે ગદર 2, ઓહ માય ગોડ 2 સહિત ઘણી ફિલ્મોનું પ્રદર્શન સારું રહ્યું છે. કોરોના દરમિયાન ફિલ્મ ઈન્ડસ્ટ્રી બહુ ખરાબ તબક્કામાંથી પસાર થઈ હતી. હવે સ્થિતિ બદલાઈ છે અને રૂ.1000 કરોડનો બેન્ચમાર્ક બને તે મોટી બાબત છે. જો કે મને આશા છે કે, હોલિવૂડની જેમ આપણે પણ રૂ.2000-3000 કરોડની ફિલ્મો આપવા સક્ષમ છે. ઈન્ડિયન સિનેમા પાસે જેવા સ્ક્રિનપ્લે અને સ્ક્રિપ્ટ છે, તેવું હોલિવૂડ પાસે નથી.



# રણબીર-સાઈ પલ્લવીની 'રામાયણ'નું શૂટિંગ આવતાં વર્ષથી શરૂ થવાની ચર્ચા

રણબીર કપૂરની 'રામાયણ' અભેરાઈ પર મૂકાઈ ગઈ હોવાની ચર્ચાઓ થોડા સમય પહેલાં શરુ થઈ હતી. પરંતુ, હવે આ ફિલ્મનું શૂટિંગ શિડયૂલ નક્કી થઈ ગયું હોવાની વાત વહેતી થઈ છે.




ફિલ્મ નિર્માતા મધુ મન્ટેનાએ ત્રણ ભાગમાં 'રામાયણ' બનાવવાનું આયોજન કર્યું છે. પરંતુ, પહેલો ભાગ જ કલાકારોની વારંવાર ફેરબદલ તથા બીજી બાબતોને કારણે બહુ જ વિલંબમાં મૂકાયો છે.

હવે નવી માહિતી અનુસાર રણબીર તથા સાઈ પલ્લવી પોતાના હિસ્સાનું શૂટિંગ આવતાં વર્ષે ફેબ્રુઆરી અને માર્ચમાં કરી દેશે. ફિલ્મમાં 'રાવણ'ની ભૂમિકા ભજવી રહેલો યશ આવતાં વર્ષના જુલાઈ પછી પોતાનું શૂટિંગ શરુ કરશે. રણબીર તથા યશ બંને પોતપોતાની રીતે વ્યસ્ત કલાકારો હોવાથી તેમની તારીખો મેળવવામાં નિર્માતાઓને નાકે દમ આવ્યો છે.

ફિલ્મના નિર્દેશક નિતેશ તિવારીએ પ્રિ પ્રોડક્શનનું કામ બહુ સમય પહેલાંથી કરી દીધું છે. સ્ક્રિપ્ટિંગ, કોશ્ચ્યૂમ સહિતની બાબતો ફાઈનલાઈઝ થઈ રહી છે. એવું કહેવાય છે કે આ ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર' કે 'આદિપૂરુષ' જેમ હેવી વીએફએક્સ પર આધાર રાખવાને બદલે પાત્રોના મનોસંઘર્ષ તથા ભાવનાત્મક બાબતો પર વધારે કેન્દ્રિત હશે. ફિલ્મના પહેલા ભાગમાં રાવણ તરીકે યશની એન્ટ્રી સહિતના મર્યાદિત સીન જ હશે. લંકાના મોટાભાગના પ્રસંગો બીજા પાર્ટમાં હશે.

# વિન ડીઝલને દીપિકાની યાદ આવી





હોલિવૂડ એક્ટર વિન ડીઝલ અને બોલિવૂડ સ્ટાર દીપિકા પાદુકોણે 'ટ્રિપલ એક્સઃ દ રિટર્ન ઓફ જેન્ડર કેજ'માં સાથે કામ કર્યું હતું. આ ફિલ્મથી દીપિકાએ હોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. દીપિકાએ ફિલ્મના સેટ્સ પરથી અને પ્રમોશન દરમિયાન વિન ડીઝલ સાથેના ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. વિન ડીઝલે દીપિકા સાથેનો ફોટોગ્રાફ્સ શેર કર્યો છે અને દીપિકાની યાદ આવી રહી હોવાનું જણાવ્યું છે.

વિન ડીઝલે ફિલ્મનો એક ફોટોગ્રાફ શેર કરીને દીપિકા માટે પોસ્ટમાં લખ્યું છે, મારી સાથે કામ કરનારા સૌથી વધુ પસંદગીના લોકોમાં દીપિકા આવે છે. તે મને ભારત લઈને આવી હતી અને મને ખૂબ મજા આવી હતી. હું ફરી ભારત જવાનું વિચારી રહ્યો છે. ડીઝલે આ પોસ્ટ દીપિકાને ટેગ કરી હતી. જવાબમાં દીપિકાએ સંખ્યાબંધ હાર્ટ ઈમોજી મોકલી હતી. વિન અને દીપિકાએ જાહેરમાં કરેલો આ સંવાદ જોતાં લાગે છે કે, આગામી સમયમાં વિન ડીઝલ ભારતની મુલાકાતે આવવાના છે. તેઓ કોઈ ઈવેન્ટમાં ભાગ લેવા આવી રહ્યા છે કે, દીપિકા સાથે નવો પ્રોજેક્ટ શરૂ કરવાના છે તે અંગે અટકળો શરૂ થઈ ગઈ છે.

# ઈન્ડસ્ટ્રીના શહેનશાહ : હમ જહાં ખડે હોતે હૈ લાઈન વહીં સે શુરૂ હોતી હૈ

સદીના મહાનાયક અમિતાભ બચ્ચને બુધવારે 81મા જન્મદિવસની ઉજવણી કરી હતી. ઉંમરના આ તબક્કે પણ અમિતાભ પાસે 5 મોટી ફિલ્મો છે, જેના દ્વારા તેમના પર લગભગ 1750 કરોડ રૂપિયા દાવ પર લાગેલા છે. અમિતાભે પોતાના કરિયારની શરૂઆત ફિલ્મ 'સાત હિંદુસ્તાની' 1969થી કરી હતી. તેમને એક્શન સ્ટાર બનાવનાર ફિલ્મ 'જંજીર' હતી. જે 1973માં રિલીઝ થઈ હતી. જેના બાદ ફિલ્મ દીવારથી તેમને 'અંગ્રી યંગ મેન'નો ટેગ મળ્યો હતો.



આજ ખુશ તો બહોત હોંગે તુમ... ફિલ્મ દીવારનો આ ડાયલોગ આજે પણ લોકોના મનમાં વસેલો છે. આ જમાનાની ઘણી ફિલ્મોમાં અમિતાભના આ ડાયલોગને રીક્રિએટ કરવામાં આવતો હતો.


કભી કભી મેરે દિવમેં ખયાલ આતા હૈ... આ રોમેન્ટિક ડાયલોગ અમિતાભની ફિલ્મ કભી કભી 1976નો છે જેમાં તેમના કો-સ્ટાર રેખા હતા.


હમ જહાં ખડે હોતે હૈ લાઈન વહીં સે શુરૂ હોતી હૈ... બિગ બી દ્વારા બોલેલો આ ડાયલોગ આજે પણ ફિલ્મોમાં રીક્રિએટ કરવામાં આવે છે. સાથે જ સામાન્ય લોકોના મોંઢા પર આ ડાયલોગ આજે પણ હોય છે.

વિજય દીનાનાથ ચૌહાન પૂરા નામ... ફિલ્મ 'અગ્નિપથ' 1990માં બોલવામાં આવેલો આ ડાયલોગ ત્યારે ખૂબ જ ચર્ચામાં હતો.

રિસ્તેમેં તો હમ તુમ્હારે બાપ લગતે હૈ નામ હૈ શહંશાહ... શહંશાહ 1988માં અમિતાભ દ્વારા બોલવામાં આવેલો આ ડાયલોગ આજે પણ તેમની ઓળખાણ છે. આ પાવરફૂલ ડાયલોગે અમિતાભને ફેમસ કરી દીધો.

# આમિરનો પુત્ર પ્રોડ્યુસર તરીકે બોલીવુડમાં પોતાની ઓળખ બનાવવા માટે તૈયાર





આમિર ખાન પોતાના મલ્ટીપલ પ્રોજેક્ટને લઈને ચર્ચામાં રહે છે. લાલ સિંહ ચઢ્ઢા બાદ હવે અભિનેતા એક સાથે ત્રણ ફિલ્મો પ્રોડ્યુસ કરવા જઈ રહ્યા છે. જેમાં તેમના પુત્ર જુનૈદ ખાનની ફિલ્મો પણ સામેલ છે. સુપરસ્ટારે પોતાના પુત્રના ફિલ્મી કરિયરનું એલાન કર્યું છે.આમિર ખાને તાજેતરમાં જ એક ન્યૂઝ ચેનલના કોન્ક્લેવમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે તેના મોટા પુત્ર જુનૈદ ખાન વિશે વાત કરી હતી. અભિનેતાએ જણાવ્યું કે, તેનો પુત્ર પ્રોડ્યુસર તરીકે બોલીવુડમાં પોતાની ઓળખ બનાવવા માટે તૈયાર છે. જુનૈદ ખાન 'પ્રિતમ પ્યારે' ફિલ્મ પ્રોડ્યુસ કરવા જઈ રહ્યો છે.

આ દરમિયાન આમિર ખાને જણાવ્યું કે, એક નિર્માતા તરીકે જુનૈદ મારા પિતાની જેમ બોલીવુડમાં એન્ટ્રી કરવા જઈ રહ્યો છે. હું નવા ડાયરેક્ટર અને નવી ટીમ સાથે તેના કામથી ખુશ છું. હું તેની ફિલ્મમાં 5 મિનિટનો કેમિયો કરવાનો છું. જુનૈદ ખાનની વાત કરીએ તો સિનેમામાં એન્ટ્રી કરતા પહેલા તેણે થિયેટરની દુનિયાને છ વર્ષ આપ્યા હતા. તેની થીએટ્રિકલ જર્ની ઓગસ્ટ 2017 માં દિગ્દર્શક ક્વાસર ઠાકોર પદમસીના બર્ટોલ્ટ બ્રેખ્તના 'મધર કરેજ એન્ડ હર ચિલ્ડ્રન' ના સાથે શરૂ થઈ હતી જે યુદ્ધની સંવેદનહીનતાને પ્રકાશિત કરતું એક દમદાર વ્યંગ્ય હતું.

આમિર ખાન આગામી સમયમાં ત્રણ ફિલ્મો પ્રોડ્યુસ કરવા જઈ રહ્યા છે. જેમાં કિરણ રાવના ડાયરેક્શનમાં બનેલી 'લાપતા લેડીઝ' અને પુત્ર જુનૈદ ખાનની ફિલ્મ 'પ્રિતમ પ્યારે' સામેલ છે. ત્રીજી ફિલ્મ વિશે વાત કરીએ તો તે સની દેઓલ સ્ટારર ફિલ્મ લાહોર 1947 છે.

### અમદાવાદમાં પ્રથમવાર વિશાળ AC ડોમમાં ખેલૈયાઓનો જોવા મળશે ઢીજબાંગ ઢીજબાંગ ઢ્રુજારો

# આજથી ગુજરાત રંગાશે નવલી નવરાત્રિના નવરંગમાં

■ હાર્ટ એટેકના કેસોને જોતા ગરબાસ્થળે 108, પોલીસ, ફાયરબ્રિગેડ અને શી ટીમ તૈનાત

ગુજરાત વંદન






અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં રવિવારથી ગુજરાતની આગવી ઓળખ સમાન નવલી નવરાત્રી શરૂ થઈ રહી છે. આ વખતની નવરાત્રિને એક વિશેષતા એ છે કે, રાજ્યમાં યુવાનોમાં વધતા જતા હાર્ટ એટેકના કિસ્સાઓને ધ્યાનમાં રાખી ગરબા આયોજકોએ મેડિકલ સારવારની વ્યવસ્થા પણ કરી છે. તો બીજી તરફ અમદાવાદમાં કદાચ પહેલીવાર વિશાળ એસીડોમમાં ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ચોમાસાએ લગભગ વિદાય લઈ લીધી છે. પરંતુ હવામાન નિષ્ણાતોના મતે કોઈ નવી સિસ્ટમ આકાર લઈને નવરાત્રિમાં વરસાદ પડે તેવી આગાહીની વચ્ચે ખૈલેયાઓએ છત્રી લઈને ગરબા રમવા પડે તો નવાઈ વહીં. બીજી તરફ પોલીસે પણ સુરક્ષાની વિશેષ વ્યવસ્થાની સાથે નવરાત્રિમાં છેડતીના બનાવોને રોકવા શી ટીમ સક્રિય કરી છે. જેમાં મહિલા કોન્સ્ટેબલો ટ્રેડિશનલ ડ્રેસમાં ગરમા રમવાની સાથે રોમિયો પ્રકારના અસમાજિક તત્વો પર નજર રાખશે. પાર્ટી પ્લોટના આધુનિક ડીજે સહિતના ગરબાની સાથે અમદાવાદ, રાજકોટ, વડોદરા અને જિલ્લાઓમાં પરંપરાગત શેરી ગરબાઓ પણ યોજાશે.

અમદાવાદમાં પહેલીવાર એસી અને વૂડન ફ્લોરિંગ સાથે નવરાત્રિ ડોમ તૈયાર કરવામાં આવ્યો છે. એસજી હાઈવે પર YMCA ક્લબથી મુમતપુરા બ્રિજ જવાના રોડ પર સુવર્ણ નવરાત્રિનું આયોજન કરવામાં આવ્યું છે. 15,000થી 20,000 લોકો એકસાથે ગરબા રમી શકે એવો વિશાળ એસી ડોમ બનાવવામાં આવ્યો છે.

રાજ્યમાં વધતા જતા હાર્ટએટેકનાં કિસ્સાને ધ્યાને રાખી આરોગ્ય વિભાગ દ્વારા રીવાઈઝ ગાઈડલાઈનન બહાર પાડવામાં આવી છે. રાજ્યમાં હાર્ટએટેકનાં વધતા જતા કિસ્સાઓને લઈ આરોગ્ય વિભાગ સતર્ક થયું છે. ત્યારે ગરબા આયોજકો દ્વારા આરોગ્ય વિભાગને વિનામૂલ્યે સ્ટોલ ફાળવવાનો રહેશે. તેમજ ગરબા સ્થળે ગ્રીન કોરીડોરની વ્યવસ્થા રાખવા પણ સૂચના આપવામાં આવી છે.

## નવરાત્રીમાં દરેક જગ્યાએ 108 એમ્બ્યુલન્સની સુવિધા

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, નવરાત્રી દરમિયાન દરેક જગ્યાએ 108 એમ્બ્યુલન્સ હાજર રહેશે. દરેક ગરબા સ્થળોએ મેડિકલ ટીમ પણ હાજર રહેશે. તેમણે કહ્યું કે, લક્ષણો દેખાશે તો વ્યક્તિ પોતે તેને ગંભીરતાથી લે અને તાત્કાલિક બૉડી ચેકઅપ કરાવવું જોઈએ. ગરબાના મોટા આયોજનો બહાર આરોગ્યના પોઈન્ટ ઉભા કરાય. વધુમાં કહ્યું કે, ગરબા આયોજકોએ મેડિકલ કીટ પણ રાખવી પડશે. ગ્રામ્ય વિસ્તારોમાં PHC, CHC સ્ટાફને એલર્ટ રખાશે.

## રાત્રે 12 વાગ્યા બાદ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ

નવરાત્રીને લઈ અમદાવાદ પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. અમદાવાદ પોલીસના જાહેરનામા મુજબ હવે નવરાત્રીમાં રાત્રે 12 વાગ્યા બાદ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. મહત્વનું છે કે, આ જાહેરનામું નવરાત્રીના પ્રથમ નોરતાંથી લઈ દશેરા સુધી લાગુ પડશે, એટલે કે, તારીખ 15થી 24 ઓક્ટોબર સુધી અમદાવાદમાં રાત્રે 12 વાગ્યા પછી લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# નવરાત્રિમાં મેઘરાજા પણ 'ગરબો' રમવા આવે તો નવાઇ નહીં....!

■ રવિવારથી અમદાવાદ સહિત વિવિધ વિસ્તારોમાં બે દિવસ વરસાદની આગાહી

ગુજરાત વંદન



એક તરફ ગરબા રસિકો આતુરતાથી નવરાત્રિની રાહ જોઈ રહ્યાં છે ત્યાં બીજી તરફ ખેલૈયાઓનો ખેલ બગાડવા આવી ગઈ છે વરસાદની આગાહી. નવરાત્રિ દરમિયાન થઈ શકે છે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદ. હવામાન વિભાગે નવરાત્રિ દરમિયાન વરસાદના સંકેત આપ્યાં છે. આ સમાચારથી ખેલૈયાઓમાં નિરાશા છે તો બીજી તરફ ગરબા આયોજકોના પણ હાજા ગગડી ગયા છે. હવામાન વિભાગે આગાહી કરી છેકે, નવરાત્રિ દરમિયાન ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં વરસાદની મોટી સંભાવના છે. આ ઉપરાંત રાજ્યના વિવિધ વિસ્તારોમાં પણ વરસાદી માહોલ રહી શકે છે.

નવરાત્રિમાં હવામાન વિભાગે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે. ખાસ કરીને રવિવારથી અમદાવાદ સહિત વિવિધ વિસ્તારોમાં બે દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણામાં વરસાદની સંભાવના છે. આ ઉપરાંત રાજ્યના ખેડા, આણંદ, સુરેન્દ્રનગર, બોટાદ અને ભાવનગર જિલ્લામાં પણ વિવિધ વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગની આગાહીથી ગરબા રસિકોમાં નિરાશા છે.

અમદાવાદ સહિત રાજ્યના વિવિધ વિસ્તારમાં ફરી એકવાર વરસાદી માહોલ સર્જાવાના સંકેતો આપવામાં આવ્યાં છે. અમદાવાદ, ગાંધીનગર સહિત રાજ્યના વિવિધ વિસ્તારમાં રવિવારથી બે દિવસ દરમિયાન હળવો વરસાદ પડવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે. હવામાન ખાતા દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ ઉત્તર ગુજરાત તેમજ મધ્ય ગુજરાતના આણંદ અને ખેડા તેમજ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, બોટાદ અને ભાવનગરમાં પણ હળવો વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

આણંદ, ખેડા, સુરેન્દ્રનગર, બોટાદ અને ભાવનગરમાં હળવો વરરસાદ પડી શકે છે. બીજા દિવસે સોમવારના રોજ અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા અને સુરેન્દ્રનગરમાં હળવો વરસાદ પડવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક દિવસથી રાજ્યમા ચોમાસાએ વિદાય લઈ લીધી હોય તેવો માહોલ સર્જાઈ ગયો હતો. રાત્રી દરમીન ઠંડીની ધીમી શરૂઆત પણ થવા લાગી હતી.

...અનુસંધાન પેજ નં. 6 પર

# આજે GPSCની પરીક્ષાને ધ્યાને લેતા અમદાવાદ CPનું જાહેરનામું

■ રવિવારે નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર પરીક્ષા

ગુજરાત વંદન

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર વર્ગ-3 ની પ્રિલીમીનરી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. 15 ને રવિવારના રોજ પરીક્ષા યોજાવા જઈ રહી છે. ત્યારે અમદાવાદ સહિત રાજ્યના વિવિધ શહેરોબી શાળાઓમાં પરીક્ષા યોજાશે છે. ત્યારે તમામ કેન્દ્રો ખાતે પરીક્ષા શાંતિપૂર્ણ રીતે અને પારદર્શિતા સાથે સાથે યોજાઈ તથા કોઈ ગોબચારી સામે ન આવે તે માટે અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા જાહેરાનામુ પ્રસિદ્ધ કરાયું છે.

## ઉલ્લંઘન બદલ આકરી કાર્યવાહી



તા. 15 ઓક્ટોબર 2023 રવિવારના રોજ 11 થી 1 વાગ્યા દરમિયાન પરીક્ષા કેન્દ્રો અને આજુબાજુના વિસ્તારોમાં પ્રતિબંધાત્મક આદેશ દર્શાવતું જાહેરનામું ફરમાવ્યું છે. પરીક્ષા કેન્દ્રોની આસપાસના 100 મીટર ના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા પર તથા પરીક્ષા કેન્દ્રની આસપાસ ઝેરોક્ષ સેન્ટર ચાલુ રાખવા ઉપરાંત પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા અને પરીક્ષા સ્થળ પર વિદ્યાર્થી શિક્ષકોએ મોબાઈલ કે ઈલેક્ટ્રોનિક વસ્તુ લઈ જવા ઉપરાંત પરીક્ષા સ્થળમાં ગેરકાયદે પ્રવેશ સહિત 8 વસ્તુઓ પર પ્રતિબંધિત હુકમો જાહેર કર્યા છે. જેના ઉલ્લંઘન બદલ આકરી કાર્યવાહી કરવામાં આવશે.

# PDEU દ્વારા વિચારોનાં આદાન-પ્રદાન માટે ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરેન્સ

ગુજરાત વંદન




પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા 27 - 29 સપ્ટેમ્બર 2023 દરમિયાન કન્ડેન્સ્ડ મેટર એન્ડ ડિવાઈસ ફિઝિક્સ (ICCMDP) પર ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ - 2023 ની બીજી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સે વિચારોનાં આદાન-પ્રદાન માટે એક પ્લેટફોર્મ તરીકે સેવા આપી હતી.

SAC-ISRO ના સ્પેસ કેમેરા/પેલોડ્સ માટે વપરાતી સામગ્રી પર જૈમિન દેસાઈ, ડેપ્યુટી ડાયરેક્ટર SAC-ISRO દ્વારા મુખ્ય વક્તવ્ય આપવામાં આવ્યું હતું. ભારત અને વૈશ્વિક સ્તરે સેમિકન્ડક્ટર સંશોધનની તકો પર માઈક્રોન ટેક્નોલોજીના પ્રદીપ વેમ્પાટી દ્વારા સંપૂર્ણ વાર્તાલાપ આપવામાં આવ્યો હતો. પ્રો. એસએસ સુંદરમનોહર, ડાયરેક્ટર જનરલ, પીડીઈયુએ તેમના સ્વપ્નદ્રષ્ટા પ્રમુખ સંબોધનથી સહભાગીઓને પ્રબુદ્ધ કર્યા.

ICCMDP -2023 માં કુલ 250 જેટલા સહભાગીઓ જોવા મળ્યા હતા જેમાંથી 45 ફેકલ્ટી સભ્યો હતા અને 160 સંશોધન વિદ્વાનો હતા. આ ત્રણ દિવસોમાં, 04 વિદેશી વક્તાઓ સાથે 18 આમંત્રિત વાર્તાલાપ, 77 મૌખિક પ્રસ્તુતિઓ, 113 પોસ્ટર પ્રસ્તુતિઓ, 4 યુવા વૈજ્ઞાનિક પ્રસ્તુતિઓ અને PDEU કેમ્પસમાં તેના પ્રકારની 45 મેગાવોટ સોલર પેનલ ફેબ્રિકેશન પ્લાન્ટની એક આકર્ષક મુલાકાત લેવામાં આવી હતી. ICCMDP - 2023 ને CSIR, GUJCOST

...અનુસંધાન પેજ નં. 6 પર

## શ્રી પ્રાણનાથજીના પ્રાગટ્યોત્સવ નિમિત્તે શોભાયાત્રામાં કૃષિમંત્રી

ગુજરાત વંદન



જામનગરમાં શ્રી નવતનપુરી ધામ, ખીજડા મંદિર ખાતે શુક્રવારે પ્રણામી ધર્મના બીજા આચાર્ય મહામતી શ્રી પ્રાણનાથજીના 405 માં પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે વિશાળ શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રાના પ્રસ્થાન પ્રસંગે ગુજરાત રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોધ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રી રાઘવજીભાઈ પટેલ નું શ્રીકૃષ્ણ પ્રણામી ધર્મના આચાર્ય 108 શ્રી કૃષ્ણમણિજી મહારાજે શાલ અને મોમેન્ટોથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પ્રણામી ધર્મના યુવા અગ્રણી કિંજલભાઈ કારસરીયા,

...અનુસંધાન પેજ નં. 6 પર

# જમીન સરકારી હોય કે ખાનગી, પ્રદૂષણ અટકાવવું પણ જરૂરી




■ પ્રદૂષણ માફિયા વિરૂદ્ધ ગુજરાત હાઈકોર્ટની લાલ આંખ...

ગુજરાત વંદન

પ્રદૂષણ માફિયાએ સામે હાઈકોર્ટે લાલ આંખ કરી છે. કેમિકલ વેસ્ટ છોડી જમીન પ્રદૂષિત કરનારાથી હાઈકોર્ટ નારાજ છે. હાઈકોર્ટ દ્વારા આ બાબતે જણાવ્યું છે કે કોઈ પણ હાલતમાં પ્રદૂષણ ફેલાય તે ચલાવી નહી લેવાય.

જમીન સરકારી હોય કે ખાનગી પ્રદૂષણ અટકાવવું જરૂરી છે. ત્યારે સુરતમાં ખાનગી કંપની દ્વારા છોડવામાં આવતા કેમિકલ વેસ્ટ મામલે હાઈકોર્ટ નારાજ છે. ગુજરાત હાઈકોર્ટ કલેક્ટરની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા છે. તેમજ હાઈકોર્ટનાં હુકમનું પાલન ન કરવા અંગે પણ ગંભીર નોંધ લીધી છે. 3 સપ્તાહમાં વિગતવાર સોગંદનામું દાખલ કરવા આદેશ કર્યો છે.

# રખડતા ઢોર પકડનાર કર્મચારીના પરિવારને મળે છે ધમકીઓ: AMC

ગુજરાત વંદન



રખડતા ઢોરોના ત્રાસ, બિસ્માર રસ્તા સહિતના મુદ્દે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી કન્ટેમ્પ્ટ પિટિશનમાં મ્યુનિ.એ કોર્ટમાં એવી રજૂઆત કરી હતી કે, ઢોર માલિકો મ્યુનિ.ના કર્મચારીઓના ઘર પર હુમલા અને તેમના પરિવારજનોને ધમકી આપે છે, જેથી જસ્ટિસ એ.જે.શાસ્ત્રી અને જસ્ટિસ હેમંત પ્રચ્છકની ખંડપીઠે ઢોર માલિકોના આવા કૃત્યની બહુ ગંભીર નોંધ લીધી હતી અને પૃચ્છા કરી હતી કે, તો પોલીસ તમને મદદ કરતી નથી. જોકે મ્યુનિ.એ જવાબ આપ્યો હતો કે, જરૂર પડે પોલીસ મદદ કરે છે .

ખંડપીઠે રાજ્ય સરકાર અને મ્યુનિ. સત્તાવાળાઓને માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, રખડતા ઢોરની સમસ્યાના નિવારણ માટે કાયદાનું પાલન અને અમલવારી કરાવતી હોય તેવા સમયે જો ઢોરમાલિકો (ખોટુ કરનારાઓ) દ્વારા અડચણો પેદા કરી રહ્યા હોય તો તેમને છાવરી શકાય નહીં. આવું કૃત્ય સાંખી શકાય નહી. કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ છે. હાઈકોર્ટે એટલે સુધી ચેતવણી આપી હતી કે, જો આ રીતે ઢોર માલિકો માનતા ના હોય અને કાયદાની અમલવારીમાં અડચણરૂપ બનતા હોય તો તેમની વિરુદ્ધ કાયદાનુસાર કાર્યવાહી જરૂરી છે. અરજદારપક્ષ તરફથી હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, પ્રસ્તુત કેસમાં સ્પષ્ટ રીતે અદાલતી તિરસ્કારનો કેસ બને છે, હાઈકોર્ટે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ યોગ્ય ઢોર ત્રાસ બાબતે હુકમ કરવો જોઈએ.

### ભાભર શહેરના ભાજપ પ્રમુખનો આરોપ

# વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે સરકારી જમીન પર કર્યો કબજો

■ દિયોદર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં ગોરખધંધા ચાલે છે

ગુજરાત વંદન



ભાભરમાં આવેલ લોક નિકેતન છાત્રાલયનું સંચાલન વાવના કોંગ્રેસના ધારાસભ્ય ગેની બેન કરી રહ્યાં છે. લોકનિકેતન છાત્રાલયની આગળના ભાગમાં આવેલ સરકારી જમીન પર ગેનીબેન ઠાકોર દ્વારા ખેડ કરીને જમીન હડપવાનો આરોપ ભાભરના ભાજપના શહેર પ્રમુખે લગાવ્યો છે.

ભાભર-રાધનપુર હાઈવે પર આવેલા લોકનિકેતન છાત્રાલયની આગળ સરકારી જમીન આવેલી છે. પાકી દિવાલ બનાવીને તેને છાત્રાલયમાં લીધેલ છે. આ જમીનમાં ગેનીબેન ઠાકોરે ખારેકના 15 વૃક્ષ વાવતા સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયોના આધાર પર ભાભર ભાજપ શહેરના પ્રમુખ અમરતભાઈ માળીએ ગંભીર આક્ષેપ કર્યા છે. ભાભરના ભાજપ શહેર પ્રમુખે કહ્યું કે, લોકનિકેતનની આગળ સરકારી જમીન પર ચારે તરફ દિવાલ બનાવીને સરકારી જમીન ઉપર ખેડ કરીને ખેતી માટે ગેનીબેને જમીન તૈયાર કરી છે. આ સરકારી જમીન પર ગેનીબેને કબજો કરી લીધો છે. આ પહેલા ગેનીબેન ઠાકોરે ભાભરના ભાજપના શહેર પ્રમુખ અમતભાઈ માળી પર આક્ષેપ લગાવ્યા હતા.

ગેનીબેને કહ્યું હતું કે, દિયોદર રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં ગોરખધંધા ચાલે છે તેનો માલીક ભાજપના ભાભર શહેર પ્રમુખ અમરતભાઈ માળી છે.બન્ને વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપ થતા બનાસકાંઠામાં રાજકારણ ગરમાયું છે. જોકે, સરકારી જમીન પર કબજાને લઈને ગેનીબેન ઠાકોરે કંઈ પણ બોલવાનો ઈન્કાર કરી દીધો હતો.

# બજારમાં 10ના સિક્કાને કોઈ અડતા નથી, અફવાઓથી દૂર રહો

■ 10ના સિક્કાની વિવિધ ડિઝાઈનને લઈને લોકોના મનમાં શંકા-કુશંકા

ગુજરાત વંદન




સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલાક સયમથી રૂ.10ના સિક્કા બાબતે ખોટી અફવા ફેલાતાં વેપારી, દુકાનદારો સહિત અન્ય લોકોએ સ્વીકારવાનું બંધ કર્યું છે. આ અંગે તપાસમાં રૂ.10ના સિક્કાની 14 પ્રકારની ડિઝાઈનને લીધે સિક્કો અસલી, નકલીમાં અસમમંજશ ઉભી થતાં વેપારી, દુકાનદારો સહિત અન્ય લોકોએ રૂપિયા દસનો સિક્કો સ્વીકારવાનું બંધ કર્યું હોવાનું ધ્યાને આવ્યું છે.

આ અંગે બેંક સાથે જોડાયેલા અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યુ કે, જિલ્લામાં એસબીઆઈની 38 શાખામાં 55 કરોડ તથા બેંક ઓફ બરોડાની 22 શાખા સહિત અન્ય રાષ્ટ્રીયકૃત 60થી 65 બેંકો તથા ખાનગી અને સહકારી બેંકોમાં 60 કરોડ જેટલા મળી હાલ 115 કરોડથી વધુના રૂ.10ના સિક્કાઓ કરન્સી ચેસ્ટમાં જમા થયા છે.

રૂ.10ના સિક્કાને ન સ્વીકારવાની ફરિયાદ ઉઠતાં રિઝર્વ બેંકે ખુલાસો કરતા જણાવ્યું હતું કે દસ રૂપિયાના કોઈપણ સિક્કાઓ નકલી નથી, તમામ સિક્કાઓ અસલી છે. રિઝર્વ બેંક દ્વારા અલગ-અલગ કુલ 14 પ્રકારની ડિઝાઈનમાં 10ના સિક્કાઓ બહાર પડાયા છે. આ તમામ ડિઝાઈનમાં દેશની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ઝાંખી દર્શાવતી થીમનો ઉપયોગમાં કરાયો છે. જે તમામ પ્રકારની ડિઝાઈન ધરાવતા સિક્કાઓ કાયદેસર માન્ય ચલણી સિક્કાઓ છે અને વ્યવહારમાં તેને સ્વીકારી શકાય છે. જો કોઈ વ્યક્તિ ભારતીય ચલણ સ્વીકારતું નથી તો એ કાનૂની અપરાધ છે. તેઓની સામે કાર્યવાહી હાથ ધરાશે.

સૌથી નવો સિક્કો શ્રીમદ રાજ ચંદ્રની 150મી જયંતીએ, એપ્રિલ 2017માં નેશનલ આર્કાઈવ્ઝના 125 વર્ષ નિમિતે, જુન 2016માં સ્વામી ચિન્મયાનંદની જન્મશતાબ્દી, જાન્યુઆરી 2016માં ડો.ભીમરાવ આંબેડકર, જુલાઈ 2015માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર, મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રિકાથી પરત ફરવાના 100 વર્ષ પૂરો થવા પર 16 એપ્રિલ 2015, ક્વાયર બોર્ડની ડાયમન્ડ જ્યુબિલી એટલે કે 60 વર્ષ પૂરા થયા નિમિતે આ સિક્કો જુલાઈ 2014,ઓગસ્ટ 2013માં રિઝર્વ બેંકે માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડના 25 વર્ષ પૂરાં થવા પર,જુન 2012માં ભારતીય સાંસદના 60 વર્ષ પૂરાં થવા પર,જુલાઈ 2011માં નવી સીરીઝ, એપ્રિલ 2010માં 'આરબીઆઈના 75 વર્ષ' પૂરા થવા પર, હોમી ભાભાની જન્મશતાબ્દી નિમિતે ફેબ્રુઆરી 2010માં, માર્ચ 2009માં 'અનેકતામાં એકતા' થીમ પર, 2009માં 'કનેક્ટિવિટી અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી'ની થીમ પર રૂ.10નો સિક્કો નવી

...અનુસંધાન પેજ નં. 6 પર

## હોટેલ ગ્રાન્ડ પિયાનોમાં પંજાબી શાકની ડીશમાંથી નીકળ્યો મૃત વંદો



ગુજરાત વંદન

પાટણ શહેરમાં આવેલી એક હોટેલમાં જમવા ગયેલા પરિવારને કડવો અનુભવ થયો છે. પરિવારે પંજાબી શાકનો ઓર્ડર આપ્યા બાદ ટેબલ પર આવેલી ફૂડની ડીશમાં મૃત વંદો નીકળ્યો હતો. હોટેલ ગ્રાન્ડ પિયાનોમાં આ પરિવાર ગતરોજ જમવા ગયો હતો અને પંજાબી ફૂડનો ઓર્ડર આપ્યો હતો

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009